णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

આગમોદ્ધારક સંગ્રહ : ૧૮

# આગમોદ્ધારકની અમોઘદેશના

દેશનાકાર : પૂ॰ આગમોદ્ધારક આચાર્ય પ્રવરશ્રી
આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ

—: પ્રકાશક :—

શ્રી જૈન પુસ્તક પ્રચારક સંસ્થા, સુરત.

વીર સં૦ ૨૪૯૫ વિક્રમ સં૦ ૨૦૨૫ આગમોદ્ધારક સં૦ ૨૦

: પ્રાપ્તિસ્થાન :

જૈન આનંદ પુસ્તકાલય
ગોપીપુરા, સુરત.

મૂલ્ય રૂા. ૨-૦૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## દ્રવ્ય સહાયક

રૂા. ૨૫૧) પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજના અંતેવાસી શિષ્ય મુનિરાજશ્રી ગુણસાગરજી મ. ની શુભ પ્રેરણાથી સુરત નિવાસી ગુલાબચંદ કસ્તુરચંદ ચોકસીના શ્રેયાર્થે તેમના ધર્મપત્ની રમિલાબેન તથા સુપુત્ર નિરંજનભાઇ તરફથી

રૂા. ૩૧) પૂ. આગમોદ્ધારક આચાર્યદેવ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ. ના અંતેવાસી શિષ્ય ગુણસાગરજી મ. ની પ્રેરણાથી સુરત નિવાસી જસવંતીબેન મોતીચંદ ચોકસી તરફથી

૧૦૧) પૂ આચાર્ય ભગવાન શ્રી માણિકયસાગરસૂરીશ્વરજી મ. ના શિષ્ય ગૌતમસાગરજી મ. ની શુભ પ્રેરણાથી. અંકલેશ્વર નિવાસી ચોકસી પ્રતાપચંદ મૂળચંદના ધર્મપત્ની સવિતાબેનના શ્રેયાર્થે તેમના સુપુત્ર શીવલાલભાઈ તથા પુત્રવધુ પારવતીબેન તરફથી.

૧૦૧) પૂ આગમોદ્ધારક શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ. ના તપસ્વી શિષ્ય દીપસાગરજી મ. ની શુભ પ્રેરણાથી માઢુંગા નિવાસી શેઠ શામળજી રાઘવજી સંઘરાજકાના ધર્મપત્ની નર્મદાબાઈના શ્રેયાર્થે શામળજીભાઈ તરફથી

૧૦૦) પૂ. મુનિરાજશ્રી ક્ષમાસાગરજી મ. તથા પૂ. લાવણ્યસાગરજીની શુભ પ્રેરણાથી ભૂજપુર કચ્છ નિવાસી તપસ્વી કુંવરબાઈના સ્મરણાર્થે ગોપાલજી દેવજી તરફથી.

૫૧) વિદુષી સા. તિલકશ્રીજીમ. ના સુશિષ્યા સા. મૃગેન્દ્રશ્રીજી મ. ના શિષ્યા સા. શ્રી મનીષાશ્રીજીની શુભ પ્રેરણાથી. કાંટાવાલા ભગુભાઈ કસ્તુરચંદના સ્મરણાર્થે તેમના સુપુત્ર પાનાચંદભાઈ તરફથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકાશકીય નિવેદન

અમારી આ **શ્રી જૈન પુસ્તક પ્રચારક સંસ્થા** પૂ. આગમોદ્ધારક આચાર્યદેવ **શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી** મહારાજશ્રીના ઉપદેશથી સ્થપાયેલી છે. એ પૂર્વાચાર્યોના તેમજ પૂ. આગમોદ્ધારકશ્રીના ગ્રંથોનું પ્રકાશન કરે છે.

પૂ. મુનિરાજશ્રી ગુણસાગરજી મહારાજશ્રીની પ્રેરણાથી આ તથા બીજી સંસ્થા દ્વારા અત્યાર સુધીમાં નીચેના ગ્રંથો પ્રકાશિત થયા છે.

આ પુસ્તકમાં પૂ. આગમોદ્ધારકશ્રીએ આપેલાં તત્ત્વથી ભરપુર વ્યાખ્યાનો પ્રસિદ્ધ કરીએ છીએ.

સિદ્ધચક્ર માહાત્મ્ય
સુધાસાગર ભા. ૧-૨
સાગરસમાધાન ભા. ૧-૨
શ્રીનવસ્મરણાતિ ગૌતમરાસશ્ચ
સૂયગડાંગ સૂત્ર (વ્યાખ્યાન)
પર્વ દેશના
ઉપાંગ પ્રકીર્ણક વિષયાનુક્રમાદિ
સ્થાનાંગસૂત્ર
(વ્યાખ્યાન સંગ્રહ ભા.-૧)
ષોડશક પ્રકરણ ,, ભા. ૧
આગમીય સૂક્તાવલ્યાદિ
લઘુસિદ્ધપ્રભા વ્યાકરણ અને લઘુતમ નામકોષ
પ્રશમરતિ અને સંબંધકારિકા (વ્યાખ્યાનસંગ્રહ)

ઉપદેશ રત્નાકર (મૂળ તથા ભાવાર્થ)
શ્રી પ્રજ્ઞાપના વ્યાખ્યા (હરિભદ્રીય)
તાત્વિક પ્રશ્નોત્તર
આનંદસુધાસિંધુ ભા.-૨
નવપદ માહાત્મ્ય
તાત્ત્વિકપ્રશ્નોત્તર (સંસ્કૃત)
આરાધના માર્ગ ભા.-૧ (સભાવાર્થ)
આચારાંગ સૂત્ર અ. ૪ (વ્યાખ્યાન સંગ્રહ ભા.-૧)
તીર્થંકરપદવી સોપાન (વિંશતિ સ્થાનકના વ્યાખ્યાનો)
આગમોદ્ધારક લેખસંગ્રહ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ પુસ્તકના સંશોધનાદિકાર્ય પૂ. આગમોદ્ધારક આચાર્યશ્રી **આનંદસાગરસૂરીશ્વરજી મહારાજના અનન્ય-પટ્ટધર** શ્રીસમેતશિખરજી મહાતીર્થમાં શ્રી રાજગૃહી મહાતીર્થમાં અને મૂળી તથા કપડવંજમાં અંજનશલાકા પ્રતિષ્ઠા કરાવનારા તથા તીર્થંકર ભગવંતોની કલ્યાણક ભૂમિઓની તીર્થયાત્રાઓ કરીને બંગાલ-બિહાર-ઉત્તરપ્રદેશ મધ્યપ્રદશ-ખાનદેશ-મહારાષ્ટ્ર-સૌરાષ્ટ્ર આદિ પ્રદેશોમાં વિચરીને ઘણા જ વર્ષે પાલીતાણા શહેરમાં પધારી ત્યાં શ્રી વર્ધમાન **જૈન** આગમમંદિર સંસ્થાની વિશાલ જગ્યામાં બંધાએલ ગુરૂમંદિરમાં પૂ. આગમોદ્ધારકશ્રીની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવનાર, પૂર્વાચાર્યોના તથા પૂ. આગમોદ્ધારકશ્રીના રચેલા ૨૦૦ ઉપરાંત ગ્રંથોનું સંપાદન કાર્ય કરનાર, વર્તમાન શ્રુતના જ્ઞાતા વિદ્યાવ્યાસંગી મૂળીનરેશપ્રતિબોધક શાંતમૂર્તિ ગચ્છાધિપતિ આચાર્ય ભગવાન્ **શ્રીમાણિક્યસાગરસૂરીશ્વરજી મહારાજ**ના પરમ વિનયી શિષ્યરત્ન શતાવધાની ગણિવર્ય **શ્રી લાભસાગરજી મહારાજે** કરેલ છે.

આ પુસ્તકના પ્રકાશનમાં મુનિરાજશ્રી અરૂણોદયસાગરજી મ. મુનિરાજશ્રી શશિપ્રભસાગરજી મ. મુનિરાજશ્રી પુણ્યોદયસાગરજી મ. તથા બાલમુનિશ્રી મહાબલસાગરજી મ. અને પ્રેસના દરેક કાર્યોમાં અને આરાધનામાર્ગ, તીર્થંકર--પદવી સોપાન, આગમોદ્ધારક લેખસંગ્રહ અને આ પુસ્તકમાં શાંતિચંદ સૌભાગ્યચંદ ચોકસીએ ઘણી જ સેવા આપી છે.

| | |
|---|---|
| વિક્રમ સં. ૨૦૨૫ | લી. |
| આગમોદ્ધારક જન્મ દિવસ | **મદ્રાસી પાનાચંદ સાકેરચંદ** |
| અષાઢ વદી ૦)) | **ચોક્સી મોતીચંદ કસ્તુરચંદ** |
| ગોપીપુરા, સુરત-૨. | **ઝવેરી શાંતિચંદ છગનભાઈ** |

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# આમુખ

આ ગ્રંથમાં પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીએ આપેલાં વ્યાખ્યાનો સિદ્ધચક્ર પાક્ષિકમાં છપાયેલ પણ અત્યારે પ્રસ્તુત વ્યાખ્યાનો આજે દુષ્પ્રાપ્ય જણાતાં આગમોદ્ધારકશ્રીના અંતેવાસી અને તેમના પ્રખર અનુરાગી મુનિશ્રી ગુણસાગરજીએ આ પુસ્તક રૂપે પ્રસિદ્ધ કરવા ભાવના થતાં આ **આગમોદ્ધારકની અમોઘદેશના** વ્યાખ્યાનકારનો પરિચય નીચે પ્રમાણે આપેલ છે.

પૂજ્યશ્રીનું સારુંય જીવન પ્રાચીન ધર્મગ્રંથોના ઊંડા તલસ્પર્શી અભ્યાસ તથા સંશોધનમાં તેમજ નવીન કૃતિઓની રચનાઓમાં વીત્યું છે. આવા અથાગ પરિશ્રમ ઉપરાંત તીર્થ પર આપત્તિ, શાસન પર આફત વિગેરે પ્રસંગોએ જૈનધર્મની જ્યોત ઝળહળતી રાખી છે. પૂજ્યશ્રીના જીવનનું સૌથી યશસ્વી કાર્ય આગમોના ઉદ્ધાર, સંરક્ષણ વિગેરે માટે થએલ છે, ને તેથી જ તેઓશ્રી 'આગમોદ્ધારક' કહેવાય છે.

'આગમ' શ્રી જિનેશ્વર ભગવંતની વાણી છે. આ કળિકાળમાં પણ શ્રી જિનેશ્વર ભગવંતના વિરહકાળમાં આગમ તારક છે. સંસાર સમુદ્ર તરવામાં આગમ નાવ સમાન છે. સુદેવ–સુગુરૂ અને સુધર્મ એ તત્ત્વત્રયી–રત્નત્રયીની અખંડ આરાધના માટે આગમ આવશ્યક છે.

આ આગમો ઘણા પૂર્વકાળમાં કંઠસ્થ રહેતા હતા. શક્તિશાળી ગીતાર્થ આચાર્યદેવો અને સમર્થ વિદ્વાન મુનિવરો તે વખતે એવું સામર્થ્ય ધરાવતાં હતા. પછી કાળની વિષમતાને લીધે પૂર્વવત્ સ્થિતિ ન રહેવાથી તે સમયે સમયના જાણ ગીતાર્થ પૂ. શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે આગમોને લિપિબદ્ધ કર્યા. તે આગમો તાડપત્રો ઉપર લખાયાં, હસ્તલિખિત પ્રતોમાં પણ જળવાયાં. તાડપત્રો તથા હસ્ત-

લિખિત પ્રતોમાં સેંકડો વર્ષ સુધી જળવાયાં પછી વર્તમાનકાળમાં મુદ્રણકળાના યુગમાં કાગળો ઉપર પણ છપાવા લાગ્યાં. વર્તમાનમાં અને હવે પછીના ભવિષ્યના યુદ્ધો વિગેરેમાં માત્ર કાગળો ઉપર જ આગમો રહે તે સહીસલામતી માટે શંકાસ્પદ ગણાય, માટે ગમે તેવા સંજોગોમાં નજીકના કે દૂરના ભવિષ્યમાં પણ શ્રી જિનાગમો ચોક્કસ સુરક્ષિત રહે જ તેવી યોજના કરવી જ જોઈએ એવું પૂ. આગમો-દ્ધારકશ્રીએ દૂરંદેશી બુદ્ધિથી વિચાર્યું.

પરિણામે આગમો સંપૂર્ણ શુદ્ધ સંશોધિત કરી પાલીતાણા (સિદ્ધક્ષેત્ર) માં શ્રી વર્ધમાન જૈન આગમમંદિર જેવું ભવ્ય ગગનચુંબી જિનાલય બંધાવી વિ. સં. ૧૯૯૯માં શીલામાં કોતરાવી સ્થાપિત કરાયા છે. ત્યાર પછી વિશેષ સુરક્ષિતતા માટે તામ્રપત્રમાં કોતરાવીને જરૂર પડ્યે ખસેડી શકાય તેવી છુટી છુટી વ્યક્તિઓ સ્થાપન કરી તે તામ્રપત્રમાં કોતરેલ આગમો સુરક્ષિત જૈનપુરી સુરત (સૂર્યપુર) માં શ્રી વર્ધમાન જૈન તામ્રપત્ર આગમમંદિર નામનું કળાકારીગરીથી ભરપુર ભવ્ય અને સુશોભિત મનોહર જીનાલય બંધાવી તેમાં વિ. સં. ૨૦૦૪માં સ્થાપન કરાયા છે. આ ઉપરાંત સંપૂર્ણ શુદ્ધ સંશોધિત આગમો જુદા જુદા પ્રદેશોમાં સુપ્રાપ્ય રહે તે માટે લાંબાકાળ સુધી ટકે તેવા ઉંચી જાતના લેજર પેપર પર છપાવી તેની નકલો દેશના જુદા જુદા ભાગના મુખ્ય મુખ્ય શહેરો તીર્થસ્થાનો વિગેરેમાં રાખેલ છે. આ રીતે આગમોની સુરક્ષિતતા માટે ત્રિવિધ ઉપાયો કરેલ છે.

ખરેખર આદુઃષમકાળમાં સંસારસમુદ્ર તરવાના બે સાધનો શ્રી જિનબિંબ અને જિનાગમ એ બંનેનો સુભગ મેળ સધાયેલ ઉપર મુજબના બે જિનાલયોની સ્થાપના દ્વારા પૂ. આગમોદ્ધારક શ્રીએ વર્તમાન અને ભાવિ જૈનસંઘની મહાન સેવા કરી છે.

ઓગણસાઠ વર્ષના દીર્ઘ દીક્ષાપર્યાયમાં તેઓશ્રીના ઉપદેશથી અનેકવિધ ધર્મકાર્યો થયા છે, કેટલીએ વિવિધ ધાર્મિક સંસ્થાઓ

સ્થપાઈ છે શ્રી દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધારક ફંડ, શ્રી આગમોદય સમિતિ શ્રી ઋષભદેવ કેશરીમલજી જૈન પેઢી અને એવી બીજી સંસ્થાઓ દ્વારા અનેક ધાર્મિકપુસ્તકો તથા આગમોનું પ્રકાશન એમની સતત્ દેખરેખ નીચે થયું છે. શ્રી જૈન પુસ્તક પ્રચારક સંસ્થા દ્વારા શ્રી આગમોદ્ધારક સંગ્રહ નામથી પુસ્તકમાળા પ્રસિદ્ધ થઈ રહી છે. પૂ. સાધુ-સાધ્વીજીઓના અભ્યાસ માટે સુરતમાં શ્રી આનંદસાગરસૂરીશ્વરજી જૈન પાઠશાળા તથા શ્રાવિકાઓમાં જૈન ધર્મના અભ્યાસ માટે શ્રી તત્ત્વબોધ જૈન પાઠશાળા વિગેરે જ્ઞાનાભ્યાસની સંસ્થાઓ તેમના ઉપદેશથી સ્થપાઈ છે સુરતમાં જૈનાનંદ–પુસ્તકાલયમાં એમનો મુદ્રિત અને હસ્તલિખિત પ્રતો–પુસ્તકોનો સંગ્રહ શ્રી જૈનસંઘ માટે સુસમૃદ્ધ પુસ્તકાલય છે. જામનગરમાં શ્રી જૈન આનંદજ્ઞાનમંદિરમાં પણ મુદ્રિત અને હસ્તલિખિત પ્રતો–પુસ્તકોનો સંગ્રહ જૈન સંઘની જ્ઞાનપિપાસા પૂર્ણ કરી રહ્યો છે. પાલીતાણા (સિદ્ધક્ષેત્ર)માં શ્રી શ્રમણ સંઘ–પુસ્તક સંગ્રહમાં મુદ્રિત અને હસ્તલિખિત પ્રતો–પુસ્તકોનો ઘણો વિશાલ સંગ્રહ છે.

પૂ. આગમોદ્ધારક શ્રીએ જુદી જુદી ભાષામાં અનેક ગ્રંથો રચ્યા છે, તથા અનેક ગ્રંથો સંપાદિત કર્યા છે, જીવનના અંત સુધી જ્ઞાન–સાધના ચાલુ હતી. ગ્રંથ રચનાઓ ચાલુ હતી.

આ વ્યાખ્યાનો વાંચી અંતરમાં ઉતારી મુમુક્ષુજીવો ધર્મની આરાધના કરે એ જ ભાવના.

| | |
|---|---|
| | એજ લી. |
| શ્રાવણ શુકલ પંચમી | **પ. પૂ. ગચ્છાધિપતિ** |
| શ્રી નેમિનાથ પ્રભુ જન્મકલ્યાણક દિન | **આચાર્ય દેવશ્રી** |
| વિ. સં. ૨૦૨૫ | **માણિક્ય સાગરસૂરીશ્વર** |
| નવાપુરા જૈન ઉપાશ્રય | **ચરણકમલમધુપ** |
| સુરત. | **પુણ્યોદયસાગર** |

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# વિષયાનુક્રમ


| | |
|---|---|
| વ્યાખ્યાન ૧ ... .. ... ... | પૃ ૧–૧૫ |
| ધર્મનું મૂળ–સ્વરૂપ ... ... ... | ૧ |
| બાહ્ય સાહ્યબીની જડ ધર્મ છે.... ... ... | ૮ |
| ઉદ્યમ કરતા નસીબ બલવાન છે ... ... | ૯ |
| 'दुःखं पापात्' કહેવાની જરૂર શી? ... ... | ૧૦ |
| દુઃખને દેનાર પાપ જ છે ... ... ... | ૧૧ |
| આત્મા દુઃખથી દૂર ન થાય ત્યાં સુધી સુખવાળો ન ગણાય | ૧૧ |
| સર્વ શાસ્ત્રોએ માન્ય કરેલ ધર્મ ... ... | ૧૨ |
| દાન ... ... ... ... ... | ૧૨ |
| શીલ ... ... ... ... ... | ૧૩ |
| તપ ... ... ... ... ... | ૧૪ |
| ભાવ ... ... ... ... ... | ૧૫ |
| વ્યાખ્યાન ૨ ... ... ... ... | પૃ. ૧૬–૩૫ |
| જ્યારે આજે મોક્ષ નથી તો ચારિત્ર ઉપયોગી શાથી? | ૧૬ |
| દીક્ષાની આડે આવતા બંધનો. ધનગિરિનું દૃષ્ટાંત | ૧૯ |
| મોહના પારખાં કરવાનાં ન હોય ... ... | ૨૧ |
| હૈયું તેવું હોઠે ... ... ... ... | ૨૩ |
| સંસારનું પીડું ... ... ... ... | ૨૪ |
| ખરાબ ચીજ પણ સુપાત્રમાં સારી થાય છે. વજ્રસ્વામીજીનું દૃષ્ટાંત | ૨૭ |
| શાસ્ત્રકારે ગર્ભાષ્ટમનો નિયમ શા માટે કર્યો? ... | ૨૮ |
| બાળકના બળનો પરિચય ... ... ... | ૨૯ |
| આવતા ભવમાં સમકિત રાખવું હોય તો ચારિત્ર જરૂર લેવાનું | ૩૨ |
| વ્યાખ્યાન–૩. ... ... ... ... | પૃ. ૩૬–૪૨ |
| સ્વપ્નાની સાહ્યબી આંખ ઉઘડે નહિં ત્યાં સુધી ... | ... |
| દુનિયાની સાહ્યબી આંખ મીંચાય નહિ ત્યાં સુધી | ૩૬ |


P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

| | |
|---|---|
| મરૂદેવા માતાને અંધત્વ શાથી થયું ? ... | ૩૮ |
| દુઃખગર્ભિત વૈરાગ્ય કોને કહેવાય ? ... ... | ૩૯ |
| તે આર્તધ્યાનમાં ધર્મધ્યાનની જડ કેવી રીતે ? ... | ૪૦ |
| કાચી બે ઘડીમાં કેવલજ્ઞાન. ... ... | ૪૧ |
| વ્યાખ્યાન–૪ ... ... ... ... | પૃ. ૪૩–૪૮ |
| જ્ઞાનદાનની અનુપમતા ... ... ... | ૪૩ |
| જ્ઞાનદાનની વ્યાખ્યા ... ... ... | ૪૩ |
| જ્ઞાનદાન કોને દેવું ? ... ... ... | ૪૪ |
| અહીં સમજવાનું એ છે કે : ... ... | ૪૫ |
| વ્યાખ્યાન–૫ ... ... ... ... | પૃ. ૪૯–૬૨ |
| મહાવીર–જન્મકલ્યાણક ... ... ... | ૪૯ |
| "જયંતી" શબ્દથી થતું નુકશાન ... ... | ૪૯ |
| કલ્યાણકનો મહિમા ... ... ... | ૫૦ |
| શંકાકારનો પ્રશ્ન...બધનો સરખા આરાધો ? ... | ૫૧ |
| મહાવીર પ્રભુને વધારે આરાધવાનું કારણ ... | ૫૨ |
| સુષમાકાળ કરતાં દુઃષમાકાળનું વિશેષપણું ... | ૫૩ |
| શ્રુતજ્ઞાનના ઉત્પાદક ભગવાન્ મહાવીર ... | ૫૭ |
| દુનિયાદારીને લીધે તીર્થંકરો "આદર્શ" નથી ગણાતા | ૫૭ |
| મહારાણા પ્રતાપસિંહનું અનુકરણ શા માટે ? ... | ૫૮ |
| "જ્ઞાતનન્દન" એ નામ હયાતિથી જ છે. ... | ૬૦ |
| "જ્ઞાતપુત્ર" શાથી ? ... ... ... | ૬૧ |
| બૌદ્ધો પણ તીર્થંકર મહાવીરને જ્ઞાતપુત્ર તરીકે સંબોધે છે. | ૬૨ |
| વ્યાખ્યાન ૬ ... ... ... ... | પૃ. ૬૩–૭૨ |
| મહાવીર–જન્મકલ્યાણક ... ... .. | ૬૪ |
| એક બીજી વાત ... ... ... ... | ૬૫ |
| વ્યાખ્યાન–૭ ... ... ... ... | પૃ. ૭૩–૮૪ |
| ધર્મોપદેશ પાત્રને જ અપાય ... ... | ૭૩ |
| ચંદ્રહાસથી ઘાસ ન કપાય ... ... | ૭૪ |

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તમારી મોજમજાની જવાબદારી ... ... ૭૪
ઇંદ્રિયના સુખોમાં જ આનંદ માનો તો તિર્યંચપણું માગજો ૭૬
માથું ફોડી શીરો ખાઓ છો ... ... ૭૭
કન્યા બાપને ઘરે ન શોભે ... ... ૭૭
કૃષ્ણાદિક પુત્ર, પુત્રી, સ્ત્રીઓને દીક્ષા શી રીતે અપાવી શકયા હશે? ૭૯
નિશાળ અને દહેરૂં ... ... ... ૮૦
જૈનશાસનમાં અશ્રદ્ધાવાળા અસંજ્ઞી છે. ... ૮૨
તમે એકલા જ બચ્યા ... ... ... ૮૨
વ્યાખ્યાન–૮ ... ... ... ... પૃ. ૮૫–૧૧૨
એકવીસ ગુણોની આવશ્યકતા શું? ... ... ૮૫
રખડંપટ્ટીનો અંત કેમ આવી શકે? ... ... ૮૫
ગર્ભાવાસની સ્થિતિ વિષે મતભેદ નથી. ... ૮૫
અંકટોનો ખ્યાલ શા માટે? ... ... ... ૮૮
બીજ અને અંકુર ... ... ... ... ૯૦
કર્મ અને જન્મ અનાદિના છે ... ... ૯૧
કાયા વિનાનો પ્રાણી નથી ... ... ... ૯૪
શંકા કઠણ પણ જવાબ તો સહેલો. ... ... ૯૫
જુનો રોગ છે માટે ઉપાય જલદ જોઇએ ... ૯૭
ભયંકરતા જાણવામાં લાભ છે; નહિ જાણવામાં નહિ ૯૮
તમારા શત્રુને ઓળખો ... ... ... ૧૦૨
આત્માની રખડંપટ્ટીનો ખ્યાલ કરો ... ... ૧૦૫
સારામાં સારો વારસો કયો? ... ... ૧૦૫
પીળો ચાંદલો એ જૈનધર્મનું બોર્ડ છે. ... ૧૦૭
બળાત્કારે થએલો ધર્મ પણ તારે છે. ... ... ૧૦૯
દ્રવ્યક્રિયા જરૂરી તો છે જ. ... ... ૧૧૧


P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## (૧) મૈત્રીભાવના સજ્ઝાય

દુહા

મૈત્રી મનમાં જે ધરે, બાંધે કરમ ન ઘોર ।
પરહિત બુદ્ધિ ધારતાં, રાગદ્વેષ નહિ થોર ॥૧॥
જે જગહિત મન ચિંતવે, તસ મન રાગ ન રોષ ।
ઈર્ષ્યા વનદાવાનલો, હોવે ગુણગણ પોષ ॥૨॥

(દેશી કડખાની)

મૈત્રી મન ભાવતો વૈરદવ શામતો, પામતો કરમફલથી અચંબો,
ક્રોધ વશ જે કર્યાં હનન જૂઠને ભર્યાં, પારકાં કનક મણિરત્ન લંબો ।
પરતણી કામિની પાપઘનસામિણી,
પેખતાં ચિત્તમાં પ્રબલમોહો ।
લોભવશ ધમધમ્યો શુદ્ધગુણ નવિ રમ્યો
વૈરની અગ્નિમાં સમિધ દોહો ॥૧॥
જનકદુહિતા હરી વંશ નિજ ક્ષય કરી,
રાવણે નરકમાં વાસ કીધો ।
**રામ** ભ્રાતા હરી દેખી ત્યાં થરહરી,
વારતો ઇંદ્ર શમવાસ દીધો ।
પૂર્વભવરાણીનો દોષ કોઈ જાણીને,
**વીર**જીવે શયનવાસ વાર્યો,
વંતરીભવ લહી દોષ શત સંગ્રહી,
વેદના તીવ્રતર **વીર** ધાર્યો ॥૨॥
વાવિયો વૈરનો વૃક્ષ ગુરુ સ્વૈરનો,
છેદ પામે ન જન્મે અનંતે,
એક જે **વૈર** હોય વ્યાપતું સકલ જોય,
બીજ અંકુર ન્યાયે વધંતે
હરિ ભવે ફાડિયો સિંહ દરી કહાડીઓ,
બોળતો **વીર** ભવ નાવ દેખો,

પાપથી બને' આ બન્ને પ્રકારનાં અવધારણ કરી પાપનો પરિહાર કરવો! હવે વિચારો કે પાપના પરિહાર માત્રથી સુખ થઇ જતું નથી, જો એમ હોય તો આ લાકડાની દાંડી પાપ ક્યાં કરે છે? દુઃખના અભાવરૂપ સુખ નથી, સુખ એ સ્વતંત્ર ચીજ છે, તેની જ માફક ધર્મ એ સ્વતંત્ર ચીજ છે, પાપના અભાવરૂપ નથી, માટે ધર્મની વ્યાખ્યા કરવાની જરૂર પડી. કે सुखं धर्म्मात् અહીં પણ બન્ને પ્રકારનાં અવધારણ જાણવાં. ક્યાં ક્યાં? ધર્મથી જ સુખ ને ધર્મથી સુખજ અસ્તુ.

**સર્વ શાસ્ત્રોએ માન્ય કરેલ ધર્મ**

શંકાકાર શંકા કરે કે 'આ વાત તો ઘરની છે ને? એટલે તમે જૈન હોવાથી તમારૂંજ કહો છો ને? ભગવાન્ હરિભદ્રસૂરિજી તે પ્રત્યુત્તર ફરમાવે છે કે सर्वशास्त्रेषु संस्थितिः જગતના બધા શાસ્ત્રોમાં આ બે વાત કબૂલ કરવામાં આવી છે કે પાપથી દુઃખ ને ધર્મથી સુખ.

સુખની પ્રાપ્તિ એ ધર્મનું કાર્ય છે, તો પછી ધર્મનું સ્વરૂપ વિચારવું જોઇએ, જેનું ફળ દેખવામાં આવે તે તરફ મનુષ્ય દોરાય, સુખ એ ધર્મનું ફળ છે, તો પછી ધર્મનું સ્વરૂપ કયું? ધર્મનું સ્વરૂપ જણાવવા માટે સર્વ શાસ્ત્રને કબૂલ એવો રસ્તો ખોળ્યો. કયો રસ્તો?

'दानशीलतपोभावभेदात्स तु चतुर्विधः'

**દાનઃ-**

કંજુસાઈ છોડી ઉદારતા કર, લેવું લેવું અનાદિ કાળથી

---

બીજાઓએ શરીરે કરીને હીન, અને ઉપાદાનાદિ સાધનોથી રહિત એવો કર્ત્તા જગતમાં કલ્પ્યો છે. એથી લોકોને માન્ય એવી નીતિઓને ઉલ્લંઘન કરનાર એવો ઇશ્વર માન્યો છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે, તેથીજ હે જીવ! તું રખડ્યો, પાપો કર્યા, હવે દેવાની બુદ્ધિ કર; ને તેમાં દીધું એટલું કલ્યાણ, દીધું એટલું બચ્યું ને ઉગર્યું, આનું નામ દાન, મનુષ્ય લેવું લેવું કરે છે પણ તેણે વિચારવું જોઈએ કે 'લેવાનો છેડો કયો! ફળ શું? ચક્રવર્તી છએ ખંડની રિદ્ધિ, સમૃદ્ધિ, રાજ, ચૌદરત્ન, નવનિધાન, મેળવે પણ સ્વપ્નમાં દેખેલું આ બધું કયાં સુધીનું? આંખો નહિ ખુલે ત્યાં સુધીનું હો! આંખ ખુલી ગયા પછી બધુંય ખલાસ. તેવીજ રીતે આપણી રિદ્ધિનો છેડો કયાં સુધી? આંખ ન મીંચાય ત્યાંસુધી, મીંચાયા પછી બધુંય ખલાસ! પછી નહિ તમે માલીક, નહિ હકદાર કે નહિ લેણદાર, પછી તેનો માલીક, હકદાર તો કુટુંબ–

## શીલ

ધારો એક શેઠીયાનો છોકરો મરીને કોઈ ગરીબને ત્યાં જન્મ્યો, કોઈ જ્ઞાનીથી સિદ્ધ થયું કે 'આ શેઠનો છોકરો હતો' છતાં તમો તેને હક આપો ખરા? અરે! એ તો જવા દો પણ ચાલુ તો જુવો. એક શેઠને ત્રણ છોકરા હોય; એકને ખોળે આપ્યો ને એનો હક ગણો છો? કેમ? નામ પલટ્યું, જ્યારે નામ પલટે એટલામાં નખોદ વળે છે, ત્યારે આણે તો 'ધામ' પલટ્યું છે, બધી માલીકી બધો હક, બધી સત્તા જવાની તો પછી જવાની વસ્તુથી લાભ ન લઇએ તો ખરેખર ઘાટના કુતરા જેવી દશા થાય. ગંજીનો કુતરો તો શેઠનું બચાવી નીમકહલાલ કરે છે, પણ પેલા ઘાટના કુતરાને ભસીને કોઇને પાણી નથી પીવા દેવું, પણ એ નથી

---

સર્વ દેવો સ્ત્રીએ કરીને સહિત છે, હિંસાઆદિમાં તત્પર છે તે માટે ન્યાયના અનુસારે એમાંથી કોઈ પણ સર્વજ્ઞ હોઈ ન શકે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નિર્જરતો ઘનકર્મ અકામ, દીસે પગ પગ ચડતો રે ।
અધ્યવસાય તથાવિધ સાધી, કર્મ બંધને નવિ પડતો રે ॥૨॥
બાદર વિકલેન્દ્રિયતા પામી, પંચેન્દ્રિયપણું પામે રે ।
નરભવ આરજ ક્ષેત્ર ઉત્તમ કુલ, શાસ્ત્રશ્રવણ સુખધામે રે ॥૩॥
ગુરુસંયોગે કરણી તરણી, ભવજલધિ સુખ શરણી રે ।
લહે મિથ્યાત્વી પણ સુખવરણી, માર્ગગામી નિસરણી રે ॥૪॥
દાન દયા ક્ષાંતિ તપ સંયમ, જિનપૂજા ગુરુ નમને રે ।
સામાયિક પૌષધ પડિક્કમણે, શુભ મારગને ગમને રે ॥૫॥
પામે ભવિ સમકિત ગુણઠાણો, તેણે કિરિયારુચિ નામો રે ।
કરીએ અનુમોદન ગુણ કામો, લહીએ સુખના ધામો રે ॥૬॥
કાષ્ટ પત્થર ફલ ફૂલપણામાં જિનપડિમા જિનઘરમાં રે ।
શુભ ઉપયોગ થયો જે દલનો, તે આરાધના ઘરમાં રે ॥૭॥
દશ દૃષ્ટાંતે નરભવ પામ્યો, સત્ય મારગ નવિ લાધ્યો રે ।
પણ ગુણવંત ગુરુસંયોગે, સમકિત અદ્ભુત વાધ્યો રે ॥૮॥
હોય તે આદ્યચતુષ્ટયક્ષયથી, આરાધે ભવ આઠરે ।
શાશ્વતપદવી લાભે તેહને, નમીએ સહસને આઠરે ॥૯॥
સમોવસરણમાં જિનવર બેસે, નમન કરી ધર્મ કથવારે ।
દેશવિરતિ પણ જિનવર દીધી, ભવજલ પાર ઉતરવા રે ॥૧૦॥
માતપિતા સુતદારા તજીને, રજત કનકમણિ મોતી રે ।
હિંસાનૃતચોરી સ્ત્રીસંગને, નમીએ તે જિનજ્યોતિ રે ॥૧૧॥
ઘાતિકરમક્ષયે કેવલ વરતા, કરતાં બોધ અકામો રે ।
જીવાદિ નવતત્વ બતાવી, ભવિજનતારણ ધામા રે ॥૧૨॥
સકલ કર્મ ક્ષયથી સિદ્ધ પહોતા, સાદિ અનંત નિવાસો રે ।
તે સિદ્ધ નિત્ય પ્રભાતે નમીએ, વરવા શમસુખ ભાસો રે ॥૧૩॥

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચારિત્ર પાલી હોય ગ્રૈવેયક, પણ નવિ જાવે મુક્તિ રે।
જીવ અભવ્ય તે કારણ ગુણનો, રાગ ન લેશ સદુક્તિ રે ॥૧૪॥
જિન ગુરુ ધર્મ તણા ગુણભાવે, અવગુણ સતત ઉવેખે રે।
ક્ષણ ક્ષણ ગુણગણ ઉજ્વલ પામી, **આનન્દ** વાસ તે પેખે રે ॥૧૫॥

## (૩) કારુણ્ય ભાવના સજ્ઝાય

કરુણા ધારજો રે કરુણા સકલ ગુણોની ખાણ,
કરુણા આદ્યમહાવ્રત છાજે, આદ્ય અનુવ્રત થાન।
કરુણા વિણ હિંસકપણું પામે, દુર્ગતિ દુઃખનિદાન. કરુણા॰ ॥૧॥
ઇર્યાસમિતિ યોગે ચાલે, મુનિ પેખી શુભઠાણ।
જીવો આવે પગતલ હેઠે, જાયે સઘલા પ્રાણ. કરુણા૦ ॥૨॥
શુભ ઉપયોગી મુનિવરને નહિ, બંધ દુરિત અવસાન।
કરૂણાબુદ્ધિ પ્રતિ રોમે હોય, કર્મ નિર્જરા ખાણ કરુણા૦ ॥૩॥
શ્રાવક પણ કરુણા ધરતો જે, વૃક્ષવધે પચ્ચખાણ।
માટી ખોદે મૂલવધે પણ, નહિ હિંસા લવવાન. કરુણા૦ ॥૪॥
કરુણા રહિત પ્રવૃત્તિ કરતાં, કોઈ મરે નહિ જાન।
તો પણ તે હિંસકમાં ગણીઓ, નહિ કરુણા બલવાન. કરુણા૦ ॥૫॥
અપરાધી જનમાં ધર કરુણા, જે સમકિત અહિઠાણ।
**વીર** પ્રભુ **સંગમ** કરુણાએ, અશ્રુ નેત્ર મિલાણ. કરુણા૦ ॥૬॥
દીનહીનજનને જે દેખી, નવિ કરુણા દિલભાન।
તેહના ઘટમાં ધર્મ વસ્યો નથી, ભાખ્યો જિન ભગવાન. કરુણા૦॥૭॥
અધમ ઉદ્ધારણ તનમન વર્તે, ધન ખરચે અસમાન।
કુમારનૃપ જગડુ પરદેશી, **સંભવ વૃત્ત** સુવાન. કરુણા૦ ॥૮॥
સંપ્રતિરાજ કરે પ્રતિગામે, દીન અનાથ વિહાણ।
દેશ અનારય જિનઘર કરતો, **કરુણા** ભાવ સુભાણ. **કરુણા૦** ॥૯॥

શ્રુત શિક્ષા ધરી મનમાં સુયણાં, કરજો અભયનું દાન ।
અનુકંપા ધરજો ભવિ કરજો, ધર્મે દઢતા ભાન. કરુણા૦ ॥૧૦॥

મેઘરથે પારેવો રાખ્યો, ગોશાલો જિનભાણ ।
વૈશ્વાયન તેજોલેશ્યાથી, ધરી કરુણા અભિલાણ. કરુણા૦ ॥૧૧॥

બ્રહ્મદત્ત સુભૂમાદિક નરપતિ, કરુણા વિણ દુ:ખખાણ ।
પેખી આત્મસમા પર જીવો, ધારો કરુણા શાન. કરુણા૦ ॥૧૨॥


દ્રવ્ય ભાવ અનુકંપા ધરતા, ભવ ભવ સુખનું નિધાન ।
સત્ત્વસાર બલિરિદ્ધિ પામી, લો આનન્દ અમાન. કરુણા૦ ॥૧૩॥

★

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ | પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | वीररस्स | वीरस्स | ७३ | ३ | रुद्धाद | रुद्धाद् |
| ૧ | ७ | शाधुस्त्रे | शास्त्रेषु | ७३ | ४ | भाव | भाव |
| ७ | ५ | आतमवत् | आत्मवत् | ९८ | १४ | भयंक | भयंक |

મુદ્રક : શ્રમજીવી સહકારી મુદ્રણાલય લિ. ગોપીપુરા, બાવાસીદીનો ટેકરો,
સુરત.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust




P. P. Ac. Gunratansuriji M.S.
Jin Gun Aaradhak Trust

अर्हम्

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

पू. आगमोद्धारक-आचार्यप्रवर-श्री आनंदसागरसूरीश्वरेभ्यो नमः

# આગમોદ્ધારકની અમોઘદેશના

વ્યાખ્યાન—૧

## ધર્મનું મૂળ–સ્વરૂપ

दुःखं पापात् सुखं धर्मात् सर्वशास्त्रेषु संस्थितिः ।
न कर्तव्यमतः पापं कर्तव्यो धर्मसंचयः ॥१॥

મહાનુભાવો! આજનો વિષય 'ધર્મનું મૂળસ્વરૂપ' રાખવામાં આવ્યો છે. ધર્મના મૂળ સ્વરૂપને વિચારવા પહેલાં ધર્મ શી ચીજ છે? ધર્મની જરૂર શી? ધર્મ શું કાર્ય કરે છે? તે વિગેરે જ્યાં સુધી ન વિચારીએ ત્યાં સુધી ધર્મના કારણ અને ધર્મના સ્વરૂપને વિચારવાનું ઓછું જ રહે. અર્થાત્ ધર્મના ફળ વિગેરે ધ્યાનમાં આવે ત્યારે ધર્મને ઇષ્ટ તરીકે ગણી શકીએ, ને જ્યાં સુધી ધર્મના ફળાદિ ધ્યાનમાં ન આવે ત્યાં સુધી ધર્મની પરીક્ષા કરવા તૈયાર ન થઈ શકીએ. ધર્મના કાર્યો, ફળો ધ્યાનમાં ન આવે, તેની સુંદરતા, તેની જરૂરીઆત વિચારવામાં ન આવે ત્યાં સુધી તે ધર્મની પરીક્ષા

ભાવિ કાર્યમાં બધી જગો પર નક્કી સ્પર્શના બળવાન છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જરૂરી જેવી ન લાગે, ને જ્યારે ધર્મની પરીક્ષા જરૂરી જેવી ન લાગે ત્યાં સુધી ધર્મનું કયું 'સ્વરૂપ' તે જાણવા પ્રયત્નનો ઉત્સાહ ન થાય, ને આ ઉત્સાહ ન થાય ત્યાં સુધી 'ધર્મનું સાચું સ્વરૂપ' જાણવાની મહેનત લઇએ જ શાના? અર્થાત્ ઈતરને છોડીને મૂળને વળગવાનું ખ્યાલમાં ન આવે.

આટલા માટે પરમર્ષિઓ ધર્મના કાર્યને તપાસવાનું જણાવે છે. ધર્મ કરે છે શું? એટલું તો નિશ્ચિત છે કે ધર્મની ઇચ્છા વગરનો, ને અધર્મની ઇચ્છાવાળો આર્ય તો નહિ હોય. ધર્મની ઇચ્છાવાળી અને અધર્મથી દૂર રહેવાની ઇચ્છાવાળી હોવા છતાં તે આર્ય પ્રજા પરીક્ષા ન કરી શકે તો ધર્મને કરવાને બ્હાને અધર્મ કરવાવાળી થાય. જેમ આપણે બધા એકલા દૂધના નામે જ દોરાતા નથી. આકડાનું દૂધ તે પણ દૂધ કહેવાય, ખરસાણીનું દૂધ તે પણ દૂધ કહેવાય, થોરીઆનું દૂધ એ પણ દૂધ ગણાય, પરંતુ તે કોઈ પીતું નથી, અને તેથી તે દૂધના ગુણો ખ્યાલમાં લઈ, તે ગુણો જેનામાં હોય તેવું દૂધ પીએ છીએ, ને ઈતર દૂધને નથી પીતા. તમે કોઇને કહ્યું-પાંચ શેર દૂધ લાવો. અહીં તમે નથી બોલ્યા કે-અલ્યા! આકડા, થોરીઆનું ન લાવશો. શુદ્ધપદાર્થનું વિશેષણ કેમ ન જોડયું? ગાયનું લાવજો કે ભેંસનું લાવજો એમ પણ નથી કહ્યું. કહો ત્યારે સામાન્ય શબ્દ પણ પ્રકરણને અંગે વિશેષના અર્થમાં જઇ પડે છે. પુષ્ટિને માટે પીવાનું એ પ્રકરણ હોય ત્યાં આકડા, થોરીઆ વિગેરેના દૂધનો વ્યવચ્છેદ કરી નાખે, તેવી જ રીતે ધર્મને અંગે માત્ર 'ધર્મ' નામ સાંભળી દોરાઈ જઇએ, તે પોષક

---

નિશ્ચિત આવવાવાળા મૃત્યુથી ભય ન રાખવો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે કે નાશક છે એ ખ્યાલમાં ન લઈએ, ને સામાન્ય ધર્મ લઈ લઇએ તો પાછળથી પસ્તાવું પડે છે. આટલા કારણથી ધર્મને જાણવો જોઈએ.

सूक्ष्मबुद्धया सदा ज्ञेयो धर्मो धर्माथिभिर्नरैः ।
अन्यथा धर्मबुद्धयैव तद्विघातः प्रसज्यते ॥

અર્થાત્ બારીક બુદ્ધિનો ઉપયોગ કરવો. તે દ્વારાએ ધર્મના અર્થીઓએ ધર્મ જાણવો જોઈએ, નહિતર બુદ્ધિ ધર્મની જ હોય, પોતે ધારે કે હું ધર્મ કરું છું, છતાં તેનો નાશ થાય.

ધર્મની બુદ્ધિ હોય છતાં નાશ કેમ થાય? એજ વાત નીચેના દૃષ્ટાંતથી સમજાશે.

गृहीत्वा ग्लानभैषज्य-प्रदानाभिग्रहं यथा ।
तदप्राप्तौ तदन्तेऽस्य शोकं समुपगच्छतः ॥

કોઈ એક મહાત્મા ફરતા ફરતા કોઈ ગામમાં ગયા. ત્યાં મનુષ્યો ઉપદેશ સાંભળવા આવ્યા. મહાત્માએ ઉપદેશ શરૂ કર્યો કે ધર્મની કિંમત સમજેલો તેજ ગણાય કે જે પોતે ધર્મ કરવા સાથે બીજાને ધર્મ કરાવનારો થાય. જેમ તમો દુનિયાદારીમાં બોલો છો ને કે-खानेको स्वाद तो दूसरेकों खिलाव અર્થાત્ ખાવાનો સ્વાદ, તો બીજાને ખવડાવ. તું ખાય ને 'અહા! શું સ્વાદ' એમ બોલે તે કરતાં બીજા ખાય ને 'અહા! શું સ્વાદ' એમ બોલે ત્યારે તેની કિંમત થાય, તેવી જ રીતે 'અહા મારો ધર્મ' એ સાથે બીજાને ધર્મની પ્રાપ્તિ કરાવ ને તે સમજે કે 'હું અપૂર્વ ધર્મ પામ્યો' ત્યારે ધર્મની કિંમત સમજ્યો ગણાય. તે ધર્મ બીજાને કેમ પ્રાપ્ત કરાવાય?

---

સમયે સમયે જીવે અજ્ઞાનથી પાપની શ્રેણિને ઉપાર્જન કરી છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચાહે ઉપદેશ દ્વારાએ, ચાહે સાધન સામગ્રી મેળવી દેવા દ્વારાએ, અગર તો આવતાં વિઘ્ન ટાળી દેવાદ્વારાએ ધર્મ પમાડવાનું જણાવ્યું, ને જણાવ્યું કે ઉપદેશો દ્વારા અને સાધન સામગ્રી મેળવી દેવાદ્વારાએ તો ધર્મપ્રાપ્તિ કરાવવી સુસાધ્ય છે. પરંતુ આવતાં વિઘ્ન (ધર્મમાં આડે આવતાં) દૂર કરવા દ્વારાએ બીજાને ધર્મની પ્રાપ્તિ કરાવવી તો દુઃસાધ્ય છે, ને તે દુઃસાધ્ય હોવાથી શાસ્ત્રકાર મહર્ષિઓએ वेयावच्चं किर अपडिवाइ એમ જણાવી વૈયાવચ્ચને ઉંચો નંબર આપ્યો. અર્થાત્ જ્ઞાન, તપ, વિનય બધા કરતાં પણ વૈયાવચ્ચ અગ્રપદે આવ્યું, તેનું કારણ એ છે કે જ્ઞાન, તપ, વિનય આદિનું અજીરણ હોય છે, પરંતુ વૈયાવચ્ચનું અજીરણ નથી હોતું. જ્ઞાનનું અજીરણ-'મારા જેવો કોણ?' તપનું અજીરણ 'આજે પારણું છે, ખબર નથી ?' વિનયનું અજીરણ ઉચ્છૃંખલતા આ અજીરણ આવ્યા એટલે ખલાસ. કામ પતી ગયું, પરંતુ વૈયાવૃત્ય એવી ચીજ છે કે તેનું અજીરણ નહિં, તે પડવાનું નહિ. શંકા થાય એમ છે કે-વૈયાવચ્ચ ખસી ન જાય? હા ખસી જાય. પણ તેથી તેની શાતાવેદનીય પુણ્ય અને સુખોની સાથે શરત થઈ એ એટલું બધું જબરદસ્ત હોય કે તે બીજા કોઈ કારણથી ખસી જાય નહિ. વળી વૈયાવચ્ચથી નિકાચિત સારાં કર્મો બંધાય છે, તેવી તેમાં તાકાત છે, આથી તે પ્રતિપાતી નથી. વળી જ્ઞાનથી આત્મલાભ થાય પણ કરેલી વૈયાવચ્ચથી તો બંનેને લાભ થાય છે.

**પ્રશ્ન**–ઉપર જણાવ્યું કે જ્ઞાનથી આત્મલાભ થાય છે, પરંતુ જ્ઞાન તો સ્વપર લાભદાયી છે, તો એકલું સ્વલાભદાયી કેમ જણાવ્યું?



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**સમાધાન**–જ્ઞાન એ જેટલું અબુઝને કામ લાગે છે, તેટલું બુઝવાળાને નકામું છે ને તે હોવાથી ટીકાકાર પરમર્ષિઓ ઠેર ઠેર वालानाम् ઈત્યાદિ પ્રયોગનો ઉપયોગ કરે છે, એટલા માટેજ કે મુગ્ધ લોકોને સમજાવવાનું કામ જ્ઞાન કરે છે, અને વૈયાવચ્ચ તો તીવ્ર બુદ્ધિવાળ ને પણ ઉપકાર કરે છે ને તેથીજ અપ્રતિપાતી કહ્યું. અરે એટલુંજ નહિ પણ જે મનુષ્ય જ્ઞાનમાં રોકાયો હોય, તો વૈયાવચ્ચથી આગળ વધી શકે છે, તપસ્યા, વિનય, દર્શન, ચારિત્રની ઢીલી થએલી પ્રવૃત્તિને અર્થાત્ મૃતપ્રાય થએલી ભાવનાને વૈયાવચ્ચજ ઉભી કરે છે, આથી વૈયાવચ્ચને સ્વપરલાભદાયી કહ્યું.

આ બધી વાત ચાલતી હતી, ત્યાં એક ભોળા માણસે ઉભા થઇ બાધા માગી કે હે મહારાજ 'મારે દરરોજ વૈયાવચ્ચ કરવી.' બાધા આપી, બાધા પાળે છે, વૈયાવચ્ચ કરે છે. વૈયાવચ્ચ કરતાં કરતાં કોઈ દિવસ એવો આવ્યો કે તે દિવસે કોઈ માંદો જ નથી. તે વિચારે છે કે હવે શું કરવું? આજ કોઇ માંદો જ નથી. તે વિચારે છે કે—अहो मेऽधन्यता कष्टं न सिद्धमभिवांछितम्। બધાય સાધુ સારા કોઇએ માંદો નથી ! મારા મનની મનમાં રહી ગઈ! કોઈ માંદો પડ્યો હોત તો વૈયાવચ્ચનો લાભ ઉઠાવત. વિચારો ધારણા વૈયાવચ્ચની હતી ને પરિણામ કયાં ગયા? માટે જ 'ધર્મને બારીકબુદ્ધિથી જાણવો' એમ કહ્યું ને સ્થૂળબુદ્ધિથી વિચારીએ તો બુદ્ધિ ધર્મની પણ પોતાનો જ નાશ થવાનો સમય આવે. વૈયાવચ્ચનો

---

મોક્ષનો અજોડ માર્ગ જો કોઈ પણ હોય તો તે સમાધિજ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નિયમ કર્યો છતાં બારીકબુદ્ધિ ન હોવાથી 'માંદાવાળા' ના વિચારવાળો થઇ ગયો, આટલા જ માટે બારીકબુદ્ધિથી ધર્મને જાણવાની જરૂર છે.

હવે નિયમ છે કે જેની જેટલી કિંમત તેટલા પ્રમાણમાં તેના રક્ષણની બુદ્ધિ થાય છે. પૈસા હોય તો પૈસા જેટલી જ રક્ષણબુદ્ધિ, રૂપિઆમાં રૂપિઆ જેટલી રક્ષણબુદ્ધિ, હીરો હોય તો વધારે રક્ષણની બુદ્ધિ. કેમ રક્ષણની બુદ્ધિ વધી? સંખ્યા તો એક જ હતી ને? છતાં રક્ષણબુદ્ધિમાં ફરક કેમ? કહો કે રક્ષણબુદ્ધિનો ફરક કિંમત જાણવાથી પડ્યો, તેવી રીતે ધર્મની રક્ષા, તેને ટકાવવાની બુદ્ધિ ત્યારે જ થાય કે જ્યારે ધર્મની કિંમત જણાય.

ધર્મની કિંમત કેવી રીતે જણાય? તે કાંઈ બજારું માલ નથી કે જેથી તેની કિંમત તરત જણાય. એક કિંમત ન કહે તો બીજાને પૂછાય, પણ ધર્મની કિંમત શી રીતે કરવી? તેને માટે પરમર્ષિઓ दुःखं पापात् ઈત્યાદી વાક્યો કહી ગયા. આ જગતમાં જેટલા જીવ છે, ચાહે તો કેટલાક વનસ્પતિ આદિને શરીર, યાવત્ જાનવર, પંચેદ્રિયને પાંચ ઈંદ્રિય યાવત્ કેટલાકને મન મળ્યાં છે, છતાં તે બધાનું ધ્યેય તો એક જ છે, ચાહે એકેંદ્રિય હો, ચાહે બેઈંદ્રિય હો, ચાહે તેઈન્દ્રિય ચાહે ચૌરેન્દ્રિય હો, ચાહે પંચેદ્રિય હો, જાનવર હો, આર્ય હો, અનાર્ય હો, કિંતુ બધાનું ધ્યેય સુખ પ્રાપ્તિનું જ છે. કોઈ પણ જીવનું ધ્યેય એ નથી કે 'મને દુઃખ મળે તો ઠીક' સર્વ જંતુઓ આ એક જ ધ્યેયવાળા છે, કે મને સુખ મળો, તેથી જ કલિકાલસર્વજ્ઞ ભગવાન્

---

જિનેશ્વરના માર્ગને પામેલો જીવ સાધ્ય (મોક્ષ)ને પામી શકે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હેમચંદ્રસૂરિજીએ આ સામાન્ય શ્લોક પલટાવી દીધો, કયો? आत्मवत् सर्वभूतेषु यः पश्यति स पश्यति । અર્થાત્ પોતાની માફક સર્વ આત્મામાં જે દેખે તે દેખનાર છે. તેમને આમાં બહુ જુલમ દેખાયો. કયો? પોતે વિદ્વાન, રોગી, દુઃખી મૂર્ખ હોય તો બીજાને વિદ્વાન્ રોગી દુઃખી મૂર્ખ માની લેવા પોતે નીરોગી હોય તો બીજાને (રોગીને) ઢોંગ કરનાર માનવો. પોતે વિદ્વાન્ હોય તો મૂર્ખને વિદ્વાન્ ધારી ઉપદેશ નહિ આપવો. આવું હોય તો ઉપદેશક અને દાક્તરો आत्मवत्‌માંથી નીકળી જશે ને? આટલા જ માટે તે પૂજ્ય-શ્રીએ आत्मवत् सर्वभूतेषु सुखदुःखे प्रियाप्रिये । એટલે એક વિદ્વાન્ આદિ ઘટના બીજામાં નથી કરવાની, આત્માની માફક સર્વ જીવોને દેખવા,' તેનો અર્થ એ નથી કે જે અવસ્થા મારી છે તે બધાની છે, આવી ઘટના કરવાની ન હોય, પણ અહીં ષષ્ઠીના वत् ને બદલે સપ્તમીના वत्‌ને વળગો એટલે आत्मनि वत् (इव) આત્મામાં રહેવાવાળી ચીજ કઇ? તે પકડો. આત્મામાં રહેવાવાળી ચીજ બે જ છે તે સુખ અને દુઃખ એ બે સિવાય ઘટના કરી શકાય તેવી ત્રીજી ચીજ નથી. સકળ જગતના જીવો સુખની તરફ પ્રીતિ અને દુઃખ તરફ અપ્રીતિવાળા છે. હવે જ્યારે જગતના સર્વેય જીવો સુખની ઇચ્છા કરી રહ્યા છે, અને દુઃખથી ડરી રહ્યા છે, તો પછી તેઓને ખરેખર રસ્તો બતાવવો હોય તો તે જ બતાવવો જોઈએ કે જેથી તેઓ સુખની પ્રાપ્તિ કરી શકે અને દુઃખથી દૂર રહી શકે. બધા ય જીવોને આ બે સિવાય ત્રીજું ધ્યેય નથી, જે બહારનાં દેખાય છે તે પણ આના પેટા ભેદો છે, ધન, કુટુંબ, રિદ્ધિ

હે જીવ! ધૈર્યથી વિવિધ પ્રકારનાં દુઃખોને તું સહન કર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શા માટે? સુખ માટે. દવા શા માટે? દુઃખ દૂર કરવા માટે, આથી આ બે સિવાય બીજા ઉપદેશ આપવા નકામા છે, કહ્યું છે કે :—

'स वातकी वाऽथ पिशाचकी वा योऽनर्थिने वाचमुदीरयते'

તે વાયડો છે, અથવા ભૂતના વળગાડવાળો છે કે જે અનર્થિને વાણી કહે છે, તેવી રીતે જગત સુખનું અર્થી છે, દુઃખ નિવારણનું અર્થી છે. આ મૂકીને ત્રીજો ઉપદેશ આપનારા વાયડા કે ભૂતના વળગાડવાળા ગણાય છે ને? શાસ્ત્રકાર એવો (ત્રીજો) ઉપદેશ નથી આપતા પણ-**બાહ્ય સાહ્યબીની જડ ધર્મ છે.**

ઉપદેશની પહેલાં ભૂમિ સાફ કરવાની હોય, ગાયન શીખવવું હોય તો સ્વર લાયક કરવો પડે, તે ન કરતાં એકદમ સમજાવે તો શીખનાર અને શીખવાડનાર બન્નેની મહેનત નિષ્ફળ જાય, તેમ અહીં પણ જગત 'સુખનું અર્થી' જાણ્યું પણ જમીન સાફ કરવાની છે. ધર્મ સિવાય સુખ થાય છે? જગતના જીવો (બાહ્ય દૃષ્ટિવાળા) ઝાડની ડાળ ઉપરથી ફળ તોડયું ને સમજી ગયા કે 'ડાળ ફળ આપે છે' એની ફૂલ, સ્કંધ પર દૃષ્ટિ નથી ગઈ. એને તો ડાળમાં જ ફળ દેખાય છે, ફળનું કારણ ડાળ એમ કહી ચાલ્યો, જુઓ! ચાલનારો મનુષ્ય દેખીતી રીતે એ તો સાચો જ છે ને? જ્યાં ફળ દેખો ત્યાં ડાળીએ જ હોય! કોઈ ફળ થડે હોય છે? પણ સમજુ મનુષ્ય તો એમ સમજી શકે છે કે–આ ફૂલ, ફળ, ડાળીનો આધાર કોણ? જમીનમાં રહેલું મૂળ છે. મૂળ દેખાતું નથી ને ડાળ વિગેરે દૃષ્ટિમાં આવે છે, પણ

---

સમાધિ સમગ્ર કર્મનો વિનાશ કરનાર છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખરેખર ફળ, ફૂલ, ડાળ આપનાર તરીકે ગુપ્ત રહેલું મૂળ જ છે, મૂળ ગુપ્ત હોય ત્યાં સુધી ફળ વિગેરેનો લાભ હોય છે, પછી ઉખેડો તો ? ખલાસ. નહિ થડ કે નહિ પાંદડાં, નહિ ફળ કશાનો લાભ નહિ, આ બધું ન માને, ને 'ડાળી ફળ આપે છે' એમ બોલનારને કહેવું પડે છે કે બિચારાની બુદ્ધિ લાંબી ચાલતી નથી, જગતમાં થડ, પર્ણ વિગેરે કારણ તરીકે દેખાય છે, પણ તે કારણ તરીકે હોતાં નથી, કારણ તરીકે માત્ર મૂળ જ છે, તેવી જ રીતે બાહ્ય સંયોગોને સુખના કારણ તરીકે ગણી લીધા છે, સારું કુટુંબ, સારો દેશ, રિદ્ધિ, સમૃદ્ધિને સુખના કારણ ગણી લીધા છે, ને સર્વને એજ ઈચ્છા છે, છતાં ફળની વિચિત્રતા કેમ ? કેટલાક ઈચ્છાવાળા સારી રિદ્ધિ, સારું કુટુંબ, સારો દેશ પામે છે, ને કેટલાક ઈચ્છાવાળા છતાં નથી પામતા તેનું કારણ વિચારો ! કહ્યું છે કે :–

'जो तुल्लसाहणाणं फले विसेसो न सो विणा हेउं'

### ઉદ્યમ કરતાં નસીબ બલવાન્ છે.

સરખી સામગ્રી છતાં કાર્યમાં ભેદ થાય તો જરૂર બીજું કારણ હોવું જોઇએ, આપણે તગદીર કરતાં તદબીરને વધારીએ છીએ પણ, ઉંડા ઉતરીએ તો માલમ પડશે કે તગદીર સિવાય કંઇ બની શકતું નથી, તમને જે રિદ્ધિ, સમૃદ્ધિ, કુટુંબ દેશ આદિ મેળવી દેનાર કઇ ચીજ ? એ જે કાંઈ ચીજ તેનું નામ ધર્મ, એનું નામ પુણ્ય.

---

અન્યદેવોએ પૃથ્વીવગેરે જીવો અને ધર્માસ્તિકાયઆદિ અજીવો પણ જાણ્યા નથી તો પછી તેઓ વ્યવસ્થાવાળા જગતને શી રીતે કહે ? અર્થાત્ ન કહી શકે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

**दुःखं पापात् કહેવાની જરૂર શી?**

કુદરતી બેંકમાં જેણે પુણ્યનો જમાવ કરેલ છે તેને સર્વ સામગ્રી મળે છે, જેણે જમાવ નથી કર્યો તેને ધારી સામગ્રી નથી મળતી જેણે પાપનો જમાવ કરેલ છે તેને દુઃખી થવું પડે છે, માટે दुःखं पापात् કહેવું પડયું. અહિં શંકા થાય છે કે બે વાત કહેવી હતી તો પહેલાં સુખની વાત કરવી હતી ને? એટલે धर्मात्सुखं પહેલાં કહેવું હતું પણ જણાવાય છે કે જગતના જીવો એવી સ્થિતિમાં છે કે સુખપ્રાપ્તિ કરતાં દુઃખથી ડરવાળા અધિક હોય છે, તેઓની ઈચ્છા પહેલે નંબરે દુઃખથી દૂર થવાની હોય છે, માટે दुःखं पापात् કહ્યું.

દુઃખ દૂર ન થાય તો સુખ, દુઃખમાં ડુબી જાય, દુઃખ એવી ચીજ છે કે સુખ હોય તો પણ ડુબાવી દે છે. ઝેર જેમ એવી જબ્બર ચીજ છે કે બીજા ગુણો દબાવી દે છે, તેમ અહિં દુઃખ એટલી બધી તાકાતવાળું છે કે સુખના નવાણુંએ સાધન ડુબી જાય, આખું શરીર સારૂં હોય, ચણા જેટલી એક ફોલ્લી થઈ, ગુમડું થયું તો શું થાય? આખો આત્મા એમાં પરોવાઈ જાય. અરે! ભાઈ! ચણા જેટલોજ પાકયો છે, બીજું તો સારૂં છે ને? છતાં શું થાય? ગુમડાની વેદનાવાળો નવાણું ટકા સુખ, ને એકજ ટકો દુઃખ વેદે છે? બીજે કોઈ ઠેકાણે અડચણ નથી, છતાં તેટલા દુઃખમાં આત્મા પરોવાઈ ગયો, અર્થાત્ સુખની પ્રાપ્તિના સાધનો મેળવે તેના કરતાં દુઃખને દૂર કરવા માટે તે જીવો મથે છે માટે दुःखं पापात् કહ્યું.

---

વિચિત્રસ્વભાવવાળા જગતમાં રહેલા પદાર્થોને જોયા છતાં ઇશ્વરને વિષે કાર્ય, આયોજન વગેરેની હેતુતા કેવી રીતે માની? અર્થાત્ માનવા યોગ્ય નથી.

દુઃખને દેનાર પાપજ છે.

દુઃખ શાથી થાય? તેનો નિર્ણય કરો, કોઇને દુઃખ જોઇતું નથી. આટલા માટે તો નૈયાયિકના સિદ્ધાંતનો નિગ્રહ કર્યો? કયો સિદ્ધાન્ત તે વિચારો દરેક કાર્યને માટે ઇચ્છા કારણ અર્થાત્ 'ઈચ્છા સિવાય કોઈ કાર્ય બને જ નહિ' આ સિદ્ધાંત તેઓએ માનેલ હતો છતાં નીતિકારોએ કહી દીધું કે-સારાં કાર્યો બને તેમાં તો ઈચ્છા જોઇએ એ વાત ખરી પણ ખરાબ કાર્યોમાં કઇ ઇચ્છા કારણ? રોગી થવામાં, મરવામાં; મૂર્ખ થવામાં કોણે ઈચ્છા કરી હતી? માટે આ કાર્ય માત્રને અંગે ઇચ્છા કારણ ન માની શકાય. સુખ એ ઇચ્છા અને પ્રયત્નપૂર્વક આવવાવાળી ચીજ છે, જ્યારે દુઃખ એ અનિચ્છાએ, વગર યત્ને ગળે પડવાવાળી ચીજ છે. આથી દુઃખને દૂર કરવાનું મનુષ્યનુ પહેલું સાધ્ય રહે છે, દુઃખને દેનાર કોણ? પાપજ છે.

## આત્મા દુઃખથી દૂર ન થાય ત્યાં સુધી સુખવાળો ન ગણાય

ચાલો! આગળ! દુઃખ ગયું, પાપનો પરિહાર કરનારો થયો, ત્યારે હવે લાયક થયો, ભીંતે ચિત્રામણ કાઢવું હોય તો ધૂળ દૂર કરવી પડે, પછી સાફ થાય ને ત્યારબાદ ચિત્રામણનું કામ હાથ ધરાય, તેવી રીતે આત્મા દુઃખને નિવારવાવાળો ન થાય ત્યાં સુધી સુખને ભોગવવાવાળો નથી, પાપને નિવાર્યા વગર ધર્મને કરવાવાળો થતો નથી 'પાપથી જ દુઃખ પાપથી દુઃખજ' પાપ સિવાય જગતમાં દુઃખ થતું નથી, પાપથી દુઃખ સિવાય બીજી ચીજ બનતી નથી. દુઃખ બને તો

---

બીજાઓએ ઇશ્વરને વિષે શરીર બીજાના અદૃષ્ટ (કર્મ)થી ઉત્પન્ન થયેલું એમ માન્યું છે. સસલાના શીંગડા સમાન એવા તે વચનને વિદ્વાન પુરૂષ કદી ન બોલે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પાપથી બને' આ બન્ને પ્રકારનાં અવધારણ કરી પાપનો પરિહાર કરવો! હવે વિચારો કે પાપના પરિહાર માત્રથી સુખ થઇ જતું નથી, જો એમ હોય તો આ લાકડાની દાંડી પાપ ક્યાં કરે છે? દુઃખના અભાવરૂપ સુખ નથી, સુખ એ સ્વતંત્ર ચીજ છે, તેની જ માફક ધર્મ એ સ્વતંત્ર ચીજ છે, પાપના અભાવરૂપ નથી, માટે ધર્મની વ્યાખ્યા કરવાની જરૂર પડી. કે सुखं धर्मात् અહીં પણ બન્ને પ્રકારનાં અવધારણ જાણવાં. કયાં કયાં? ધર્મથી જ સુખ ને ધર્મથી સુખજ અસ્તુ.

**સર્વ શાસ્ત્રોએ માન્ય કરેલ ધર્મ**

શંકાકાર શંકા કરે કે 'આ વાત તો ઘરની છે ને? એટલે તમે જૈન હોવાથી તમારૂંજ કહો છો ને? ભગવાન્ હરિભદ્રસૂરિજી તે પ્રત્યુત્તર ફરમાવે છે કે सर्वशास्त्रेषु संस्थितिः જગતના બધા શાસ્ત્રોમાં આ બે વાત કબૂલ કરવામાં આવી છે કે પાપથી દુઃખ ને ધર્મથી સુખ.

સુખની પ્રાપ્તિ એ ધર્મનું કાર્ય છે, તો પછી ધર્મનું સ્વરૂપ વિચારવું જોઇએ, જેનું ફળ દેખવામાં આવે તે તરફ મનુષ્ય દોરાય, સુખ એ ધર્મનું ફળ છે, તો પછી ધર્મનું સ્વરૂપ કયું? ધર્મનું સ્વરૂપ જણાવવા માટે સર્વ શાસ્ત્રને કબૂલ એવો રસ્તો ખોળ્યો. કયો રસ્તો?

'दानशीलतपोभावभेदात्स तु चतुर्विधः'

દાનઃ—

કંજુસાઈ છોડી ઉદારતા કર, લેવું લેવું અનાદિ કાળથી

---

બીજાઓએ શરીરે કરીને હીન, અને ઉપાદાનાદિ સાધનોથી રહિત એવો કર્ત્તા જગતમાં કલ્પ્યો છે. એથી લોકોને માન્ય એવી નીતિઓને ઉલ્લંઘન કરનાર એવો ઇશ્વર માન્યો છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છે, તેથીજ હે જીવ ! તું રખડ્યો, પાપો કર્યા, હવે દેવાની બુદ્ધિ કર ; ને તેમાં દીધું એટલું કલ્યાણ, દીધું એટલું બચ્યું ને ઉગર્યું, આનું નામ દાન, મનુષ્ય લેવું લેવું કરે છે પણ તેણે વિચારવું જોઈએ કે 'લેવાનો છેડો કયો! ફળ શું? ચક્રવર્તી છએ ખંડની રિદ્ધિ, સમૃદ્ધિ, રાજ, ચૌદરત્ન, નવનિધાન, મેળવે પણ સ્વપ્નમાં દેખેલું આ બધું ક્યાં સુધીનું? આંખો નહિ ખુલે ત્યાં સુધીનું હો ! આંખ ખુલી ગયા પછી બધુંય ખલાસ. તેવીજ રીતે આપણી રિદ્ધિનો છેડો ક્યાં સુધી? આંખ ન મીંચાય ત્યાંસુધી, મીંચાયા પછી બધુંય ખલાસ ! પછી નહિ તમે માલીક, નહિ હક્દાર કે નહિ લેણદાર, પછી તેનો માલીક, હક્દાર તો કુટુંબ–

## શીલ

ધારો એક શેઠીયાનો છોકરો મરીને કોઈ ગરીબને ત્યાં જન્મ્યો, કોઈ જ્ઞાનીથી સિદ્ધ થયું કે 'આ શેઠનો છોકરો હતો' છતાં તમો તેને હક આપો ખરા? અરે! એ તો જવા દો પણ ચાલુ તો જુવો. એક શેઠને ત્રણ છોકરા હોય; એકને ખોળે આપ્યો ને એનો હક ગણો છો? કેમ? નામ પલટ્યું, જ્યારે નામ પલટે એટલામાં નખોદ વળે છે, ત્યારે આણે તો 'ધામ' પલટ્યું છે, બધી માલીકી બધો હક, બધી સત્તા જવાની તો પછી જવાની વસ્તુથી લાભ ન લઇએ તો ખરેખર ઘાટના કુતરા જેવી દશા થાય. ગંજીનો કુતરો તો શેઠનું બચાવી નીમકહલાલ કરે છે, પણ પેલા ઘાટના કુતરાને ભસીને કોઇને પાણી નથી પીવા દેવું, પણ એ નથી

---

સર્વ દેવો સ્ત્રીએ કરીને સહિત છે, હિંસાઆદિમાં તત્પર છે તે માટે ન્યાયના અનુસારે એમાંથી કોઈ પણ સર્વજ્ઞ હોઈ ન શકે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સમજતો કે હું પીવા દઉં કે ન પીવા દઉં, પણ પાણી તો વહી જવાનું જ છે, જે રાખ્યું તે રહેવાનું નથી, છોડીને જવાનું છે, છતાં લાભ નથી મેળવાતો, માટે નિર્મમત્વ ભાવ કરી ઉદારતા કરવી. આ જણાવ્યા છતાં ધ્યાન રાખવું કે જગતમાં શાહુકાર એટલા ઉદાર નથી હોતા કે જેટલા રંડીબાજ ચોર, જુગારી લુટારા હોય તેઓને બે પૈસા ખરચતાં વાર ન લાગે, તેનો હિસાબ જ નહિ ગણે પણ ત્યાં ધર્મ થશે? ના. વાર છે. એકલી ઉદારતામાં ધર્મની જડ નથી રાખેલી ત્યારે! આચારની પવિત્રતા હોય તેજ દાન શોભાવાળું છે, આચારની પવિત્રતાને અને વર્તનની પવિત્રતાને આસ્તિકતા ધર્મ માન્યા વિના નહિં રહે, છતાં એમ ન થવું જોઇએ કે સારી રીતે વર્તવું પણ અડચણ ન આવે ત્યા સુધી, ને અડચણ આવે તો સદાચારની સાથે લાગતું વળગતું નથી, માટે જ પવિત્ર વર્તન રાખો તે જીવને સાટે રાખો, સુખ ચાલ્યું જાય દુઃખ આવે તો ખેર! પણ આ કરવું છે. સાચી લડાઈમાં તૈયાર થવાવાળા લશ્કરે ખોટી લડાઈમાં તાલીમ લેવી પડશે, ખોટા હલ્લા કરી, બચાવ કરી લડાઈ કરવાથી સાચી લડાઈમાં ઉતરાશે, તેવી જ રીતે જાણી જોઇને ઉભા કરેલ દુઃખો વેદવાનું ને આવેલાં સુખો તરછોડવાં. આ શાથી થાય? તપસ્યાથી થાય તપ.

તપસ્યા શું ખાવાનું નહિ મળવાથી કરાય છે? ના. ત્યારે! આ સહન કરવું છે, ને આવેલાં દુઃખ સહન કર્યાં આ ધર્મનો ત્રીજો ભેદ જાણવો.

---

યુગની આદિમાં જે સાધુ, જ્ઞાની અને ધર્મના ઉપદેશક થયા તે જિનેશ્વર ભગવાનને વિષે તેનું અનુકરણ કરવાવાળા એવા બીજાઓએ જીવાદિ પદાર્થો કહ્યા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અહિં સહેજે શંકા થશે કે:—

તમે જણાવી ગયા છો કે-જગત દુઃખથી ભડકી રહ્યું છે, ને અહિં તો આ કહો છો તો તમારા કહેવાથી વિરૂદ્ધ જણાય છે? જ્યાં સુધી ઉંડા નહિ ઉતરો ત્યાં સુધી વિરૂદ્ધ લાગશે, એક શેઠીયાનો છોકરો હતો, તે વેપાર કરતાં ન શીખ્યો, પણ પૈસા ગણતા શીખ્યો હતો, એકદા તેના બાપે માલ ખરીદો, રૂપીઆ આપવા માંડયા! છોકરાએ કહ્યું કેમ આપો છો રડવા માંડયું એ નથી સમજતો કે વેપારમાં લાભ છે, તેમ તપસ્યાદ્વારાએ આટલું દુઃખ સહન કરે છે, સુખ છોડે છે તે શા માટે? સર્વકાળના શાશ્વતાં સુખ મેળવવાને દુઃખ દૂર કરવા માટે અર્થાત્ અવ્યાબાધ પદ મેળવવા સર્વ દુઃખ સહન કરે છે.

ભાવ.

આવી રીતે ત્રણ ધર્મ થયા છતાં એક વાત જરૂરની છે કે ક્રિયાની કોટી ઉંચી કે પરિણામની? પરિણામની શુદ્ધતા ન હોય તો ચાહે તેટલી ક્રિયાની કોટી હોય તો પણ તે કામ કરનારી નહિ થાય, જો કે ક્રિયાની કોટી કામ કરે છે પણ તે કઈ? કે જે પરિણામની કોટીની સાથે ભળેલી છે, માટે જે સર્વ ધર્મોને આદરવા લાયક પરિણામની સુંદરતા તેને માટે ભાવ ભેદ કહ્યો. આવી રીતે દાન શીલ, તપ, ભાવ એ ચાર પ્રકારનો ધર્મ છે, ને તેથી જ સુખ થાય છે માટે સર્વેએ ધર્મના સ્વરૂપને વિચારવાની જરૂર છે, તે વિચારી ચાર ભેદને આદરવામાં તત્પર થઈ, આદરી શાશ્વતાં સુખ મેળવાશે.

---

આત્મા વગેરે અતીન્દ્રિયપદાર્થોને જિનેશ્વરથી બીજાઓ અનુકરણથી જાણનારા અને કહેનારા છે, પણ તત્ત્વથી નહિ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## વ્યાખ્યાન ૨ જું

### જ્યારે આજે મોક્ષ નથી તો ચારિત્ર ઉપયોગી શાથી ?

धर्मो मङ्गलमुत्कृष्टं, धर्मः स्वर्गापवर्गदः ।
धर्मः संसारकान्तारो–ल्लङ्घने मार्गदेशकः ॥१॥

શાસ્ત્રકાર મહારાજા કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રીમદ્ હેમચંદ્રસૂરિ મહારાજ ભવ્યોના ઉપકાર માટે પ્રથમ જણાવી ગયા કે અનાદિકાલથી આ જીવ સંસારચક્રમાં ભમ્યા કરે છે. એ પરિભ્રમણ બંધ કરવા માટે શ્રી જિનેશ્વરદેવે ધર્મ કહેલો છે. જો એ માટે ધર્મ ન કહ્યો હોય તો તેમનું ઉપકારીપણું રહેતું નથી, કારણકે સંસારમાં પ્રાપ્ત થતી ઉંચી, નીચી અવસ્થાઓ બધી અનિત્ય છે. એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરિંદ્રિયપણાના સ્થાનો, નારકી, તિર્યંચ, દેવતા તથા મનુષ્યપણાના સ્થાનો માત્ર (તમામ) અનિત્ય છે જ્યાં આયુષ્ય પૂર્ણ થાય એટલે સ્થાન પલટાવવાનુંજઃ જ્યાં સ્થિર રહેવાય એવું સંસારમાં કોઈ સ્થાન નથી. ચારે ગતિમાં એકે એવું સ્થાન નથી કે જ્યાંથી ફરવાનું (પાછું નીકળવાનું નથી. સર્વાર્થસિદ્ધ વિમાનમાંથી પણ તેત્રીસ સાગરોપમ પછી

---

જીવો ઇન્દ્રિયગમ્ય એવા સ્પર્શ વગેરેથી રહિત માનવામાં આવેલા છે, આથી સર્વજ્ઞને તે પ્રત્યક્ષ છે. તેથી સર્વજ્ઞ સિવાય બીજાઓ કેવી રીતે તત્ત્વોને કહે ? અર્થાત્ તેઓ કહેવાને સમર્થ નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચ્યવવું પડે છે, સ્થાન પલટાવવું પડે છે. આ દુનિયામાં જ્યાં ભાડાના મકાનમાં રહીયે ત્યાંથી ખાલી કરી નીકળીયે ત્યારે માત્ર એ પાડોસીજ છોડવાના, બાકી શારીરિક સંપત્તિ, રિદ્ધિ, સમૃદ્ધિ. માલમીલકત છોડવી પડતી નથી, જ્યારે આ જીવને ગત્યંતર કરતાં તો બાહ્ય અભ્યંતર બેય સંપત્તિ છોડી દેવી પડે છે. એટલેકે બહારનું મેળવેલું તે પણ મેલતા જવાનું અને અંદરનું મેળવેલું તે પણ સાથેજ મેલતા જવાનું. એ શી રીતે? સ્પર્શનાદિ ઈંદ્રિયોદ્વારા મેળવેલું જ્ઞાન તે પણ બીજા ભવમાં નવેસરથીજ મેળવવાનું રહે છે ને! રેશમ, સુતર. હીરા, મોતી વિગેરે પદાર્થો જાણ્યા. એની પરીક્ષાનું સ્વરૂપ જાણ્યું તે જ્ઞાન બીજે ભવે સાથે ન લઈ જઈ શકાય. મરણ વખતે જેમ બાહ્ય સંપત્તિ છૂટી જાય છે, છોડવી પડે છે તેજ વખતે આંતર સંપત્તિ જ્ઞાનદર્શન પણ છોડવાં પડે છે. દરેક ભવના છેડે એજ દશા શાસ્ત્રકાર તો એ ના પાડે છે એમ કોઈ કહે તો? અર્થાત્ આવતે ભવ તો માત્ર ચારિત્ર જ આવતું નથી એમ શંકાકાર કહે છે, તેના જવાબમાં જણાવવાનું કે વાત ખરી, જે વસ્તુ આ ભવમાંજ ઉત્પન્ન થાય અને આ ભવમાંજ જેનો છેડો આવે તે આ ભવ સંબંધી. આ ભવમાં આવે અને પરભવમાં પણ આવે તે ઉભયભવ સંબંધી જ્ઞાન ઉભય ભવનું; આ ભવમાં થાય પણ ખરૂં, પરભવમાં પણ થાય. દર્શન પણ બીજા ભવમાં ટકે. ચારિત્ર તો માત્ર આ ભવનુંજ, આગલા ભવનું નહિ. જ્ઞાન અપ્રતિપાતપણે-ન પડે

---

જે યોગો, કરણો, ક્ષેત્રો, અને કાલો વડે જીવોથી કર્મ બંધાય છે તે કર્મ તે જ યોગ આદિ વડે જીવોએ ભોગવવું જોઈએ એવી નીતિ જિનપ્રવચનમાં નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેવી રીતે બીજા ભવમાં રહે, સમ્યક્ત્વ પણ રહે, પણ ચારિત્ર રહેતું નથી. જ્ઞાન તથા દર્શનની સ્થિતિ ૬૬ સાગરોપમની માની છે જ્યારે ચારિત્ર દેશોના ક્રોડપૂર્વથી વધારે સમય હોય નહિ, માટે ચારિત્ર આ ભવનું જ. શ્રીજંબુસ્વામીજી પછી મોક્ષ બંધ છે એમ કહ્યું એનો અર્થ એ નથી કે તમે મોક્ષ મેળવી શકો છો છતાં શાસ્ત્રકારો આડા આવે છે. સ્વભાવે મનુષ્યને આંખો બેજ હોય. તમે મોક્ષ મેળવો એમાં એ મહાત્માઓને અડચણ નથી પણ તેઓ જ્ઞાનદૃષ્ટિથી દેખે છે કે હવેના જીવો એવી સ્થિતિના થવાના કે મોક્ષ મેળવી શકવાના જ નહિ; એને માટે શાસ્ત્રકારે દીઠી એવી પરિસ્થિતિ જણાવી. ત્રીજા અને ચોથા આરામાં પણ ચારિત્ર લેનારા બધા મોક્ષ મેળવતા હતા શું? નહિ. શ્રીમહાવીરદેવના ચૌદ હજાર સાધુમાં કેવળી સાતસો, ચૌદ હજારમાંથી મોક્ષે જનારા સાતસોજ! બાકીના તેર હજાર ત્રણસેં સાધુ તે ભવમાં કલ્યાણ કરનારા-મોક્ષ મેળવનારા ન થયા. ભગવાન મહાવીર સરખા તારક તીર્થંકરની હાજરી છતાં પણ તેઓ તે ભવે મોક્ષ મેળવી ન શકયા. મતલબ કે તે વખતે પણ ચારિત્રવાળા દરેકે દરેક મોક્ષ મેળવતા હતા તેમ નથી. પાંચમા આરામાં તો કોઇ મોક્ષ મેળવી શકવાનાજ નહિ તો પછી શંકા થશે કે ચારિત્રનું ફલ શું? ચારિત્રનું ફલ મોક્ષ તે તો મળવાનું નહિ તો પછી ચારિત્ર લઇને કરવું શું? જલાશયમાં સેવાળમાં પડેલી ફાટ મળી જાય છે તે જ્યારે વાયરો આવે (વાય) ત્યારે કયી જગાએ પડે! એવી રીતે આ

---

જેવો ઉદય તથા જેવું ભાવિ હોય તે પ્રમાણે જીવ કર્મને વેદે છે. પરિપક્વ દશાને પામેલું કર્મ મનુષ્ય કેમ ન વેદે? અર્થાત્ અવશ્ય વેદે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આત્માને અહીં ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ થાય તેને ભવાંતરમાં પણ સુંદર ચારિત્ર મળે. એને બીજા ભવમાં ચારિત્રમોહનીય કર્મ સહેજે તૂટી જાય એટલે એ આત્મા ચારિત્ર સહેજે પામી જાય **અને અનુક્રમે બેડાપાર કરી જાય છે.**

## દીક્ષાની આડે આવતાં બંધનો! ધનગિરિજીનું દૃષ્ટાંત.

ધનગિરિ (વજસ્વામીજીના પિતા)જીને દીક્ષાના પરિણામ જાગ્યા. હંમેશાં માબાપને સંતાન તરફ (પ્રત્યે) મોહ રહે છે. જાનવરને સુધારો, કેળવો છતાં તાજી વીયાએલી કુતરીનાં બચ્ચાંને અડકો તો ખરા! કરડશે. જ્યારે તિર્યંચમાં મોહનું સામ્રાજ્ય આવું પ્રવર્તમાન છે તો મનુષ્યમાં કેવું હોય તેની વાતજ શી કરવી! માતાપિતા એમને દીક્ષા લેતાં રોકવાનો પ્રયત્ન કરે છે. વાડામાં આગ લાગી હોય તો તે આગથી બચવા માટે ગાયે (ગાય વિગેરે ઢોરે) માત્ર વાડ કૂદવાની, ખીલે બાંધેલ હોય તો ખીલેથી છૂટવું અને વાડ કૂદવી એમ બે પ્રયત્ન કરવાના પણ ગળેથી, પગેથી એમ ચોમેરથી બાંધી હોય એ કેવી રીતે નીકળી શકે? બળી મરવાની મરજી એક રૂંઆડે પણ નજ હોય, છતાં એ કરે શું? ઊંચા, નીચા કૂદકા મારે, બરાડે, પણ ગળાનું, પગનું, શીંગડાનું બંધન ન તૂટે ત્યાં બિચારી ગાય કરે શું? એવી રીતે નાની ઉંમરમાં ઉપદેશ સાંભળતાંની સાથેજ વૈરાગ્ય આવે કારણ કે એ વખતે

(૧) ક્રૂરમાં પ્રચુર વેદના, (૨) ક્રૂરમાં અલ્પ વેદના, (૩) મંદમાં પ્રચુર વેદના અને (૪) મંદમાં અલ્પ વેદના એમ સંસારમાં આ ચતુર્ભંગી છે. આ બધું કર્મના અનુસારે હોય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એને એકે બંધન નથી, ઉંમર વધ્યા પછી વૈરાગ્ય આવે તોપણ એ મનુષ્ય, જળગેલા અનેક બંધનોથી છૂટી શકતો નથી. તમને વૈરાગ્ય નથી આવતો એમ નહિ. પણ તેજ વખતે બાયડીછોકરાનું શું ? થાય, વેપારનું શું ? થાય વિગેરે વિગેરે બંધનોની પરંપરા નજર સામે ખડી થાય છે. આસ્તિકને, ધર્મિષ્ઠને વૈરાગ્ય નથી આવતો એમ છેજ નહિ પણ વૈરાગ્ય આવે છે તે વખતે અનેક દોરડાંથી બંધાયેલ હોવાથી તે છૂટી શકતો નથીઃ બાહ્ય–અભ્યંતર બંધનો વૈરાગ્યને તોડી સાફ કરે છે. પેલી બરાડા મારતી ગાય બિચારી નીકળવાને ઉછળે તો ખરી ગણ ગળે, પગે, શીંગડે બાંધેલું દોરડું એને આડું આવે છે તેમ આપણને પણ બાયડીછોકરાંરૂપી દોરડાં આગમાંથી જતાં ન્હાસતાં અટકાવે છે. એ બંધનો તોડવા માટે વીર્યોલ્લાસ થવો જોઇએ. એ વીર્યોલ્લાસની આડે આવનારૂં વળી બલાત્કારનું નડતર જબરદસ્ત છે. પરિણામ ન થાય, મુંઝાઇયે તે આપણી ખાત્રી પણ પરિણામ તથા પ્રયત્ન છતાં કોઈ રોકે ત્યાં શું ? દોરડું તોડીને પણ આગમાંથી ગાય નીકળવા માગે છે પણ ગોવાળીયો રોકી રાખે ત્યાં શું થાય? એજ રીતે અહીં પણ મોહનીયનું બંધન તોડી નાંખ્યું પણ કૌટુંબિક બલાત્કારના બંધનનું થાય શું? એ બંધન સૌથી મોટું છે. ખુદ શ્રીતીર્થંકરદેવના વખતમાં પણ આવા બલાત્કારના બંધનો હતાં એવા બંધનથી તો કેટલાક સાધુની છાતી બળી ગઈ: સાધુએ નવ જાતનાં નિયાણાં કરવાં નહિ એમ કહ્યું છે. દીક્ષા લેતાં પહેલાં કુટુંબાદિ તરફથી એટલો ત્રાસ થયો હોય કે

---

કીડા જેમ કણના અનુમાનથી હોય છે, તેમ વેદવા યોગ્ય કર્મ બન્ધના અનુમાનથી હોય છે.

દીક્ષા લીધા પછી, એ પાળતાં પણ એ બલાત્કારની અસર જતી નથી, જેથી છેલ્લે એવાં કુટુંબ નહિ મળવાનું નિયાણું પણ કેટલીક વખત સાધુએ કરે છે. વિચારો કે એ બલાત્કાર કેવો અને કેટલો હશે! એ કુટુંબીઓ દુર્ગતિના સાથી છે, પોતે પડે છે અને બીજાને પરાણે પાડે છે. દારૂડીયાઓ પોતે દારૂ પીયે છે અને બીજા ન પીયે તેને પછાડીને પરાણે પાય છે. આ સંસારી સ્નેહીઓ સંસારરૂપી દારૂના પીઠાના ગોઠીયા છે; પોતે તેમાં મસ્ત રહે છે અને બીજાને બલાત્કારે એમાં મસ્ત કરે છે. દારૂડીયા કે ભંગેરીની ટોળીમાં રહી દારૂ કે ભાંગ પીધા વિનાના રહી શકવું જેવું મુશ્કેલ છે તેવું, બલ્કે તેથી વધારે સંસારપીઠાના ગોઠીયા સાથે મોહ વગરના રહેવું મુશ્કેલ છે. જો વ્યસન છોડવું હોય તો વ્યસની ગોઠીયાઓની સંગત છોડવી એ પહેલી ફરજ છે.

## મોહનાં પારખાં કરવાનાં ન હોય.

શ્રી તીર્થંકર દેવને તો પ્રથમથી જ (ગર્ભ થી જ) ત્રણ જ્ઞાન છે, એમનું આત્મીય બલ તેમજ શારીરિક બલ જબરદસ્ત જે, એઅનું એ જ્ઞાન પહેલાના ભવથી સાથે આવેલું છે. શ્રી ઋષભદેવ ભગવાનને ચૌદ રાજલોકનું અવધિજ્ઞાન હતું. તેઓ સર્વાર્થસિદ્ધથી આવ્યા હતા. માટે ત્યાંનું લોકનાડીનું જ્ઞાન તે જ્ઞાન અહીં હતું. શ્રી તીર્થંકર દેવને પહેલાના ભવમાં જેવું અવધિજ્ઞાન હોય તેવું, કેવળજ્ઞાન સુધી નિયમા (નક્કી) રહે; વધે ખરું પણ ઘટે નહિ. દીક્ષા પછી વચમાં તપશ્ચર્યાના પ્રભાવે વધીને પરમાવધિ થાય. અલોકમાં લોક જેટલા અસંખ્યાત ખાંડવા દેખે. આવા જ્ઞાનવાન્, સામર્થ્યવાન્

ઉદયમાં આવેલો સાતા કે અસાતાનો ઉદય ભોગવ્યા વગર ખસતો નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તીર્થંકર દેવોએ પણ ધાર્યું કે આ જીવ જ્યાં સુધી ક્ષાયિક–ભાવવાળો થયો નથી ત્યાં સુધી મોહની પરીક્ષામાં ઉતરવું નહિ. સાપની લડાઇમાં ક્યારે જવું ? સાપના ઝેરથી બચવા, બચાવવાની જડીબુટ્ટી હાથમાં હોય, એનાથી સેંકડોને બચાવ્યા હોય, પાકી ખાત્રી થઈ હોય તો જવું; એ વિના સાપ સાથે વેર કરવું એ મરવાનો ધંધો છે, નાશને નિમંત્રણ છે. ક્ષાયોપશમભાવની જડીબુટ્ટી ભરોસા વગરની છે. શ્રી તીર્થંકર દેવો પણ એ જ વિચારે છે કે દુનિયાદારી એ કાળો નાગ છે અને પોતા પાસે જડીબુટ્ટી તો ક્ષયોપશમ–ભાવની છે માટે સાપ જેવા કુટુંબથી દૂર રહેવું. ભગવાનને પણ કુટુંબ, આરંભ, પરિગ્રહ વિગેરે સાપ જેવા ભયંકર લાગે છે, એમને પણ સંસાર ડરવા લાયક લાગ્યો હતો, તો પછી જ્ઞાન કે સામર્થ્યના કશા ઠેકાણા વગરના આપણે ઘરમાં મોહમાં રહીને મોહને કેવી રીતે જીતી શકીયે ? પ્રસંગ ઓળખ્યા વગર ઘણી વખત છોકરાઓ બોલે છે કે–'ફલાણો મારી નાખે તો શું થઇ ગયું ?' તેવી રીતે વસ્તુ સ્થિતિથી અજ્ઞાન એવા આપણે પણ બોલી દઇએ છીયે કે કુટુંબ ચાહ્ય તેમ કરે તો પણ આપણને શું થવાનું છે ? તીર્થંકર જેવાઓએ પણ ઘર છોડ્યા પછી દીક્ષા લીધી છે. ઘરમાં સંસારના ગોઠીયાથી આપણે બચી શકતા નથી. છોકરાને પહેલેથી જ પૂછો છો કે 'ગોરી લાવવી છે કે કાળી ?' જેની તરફ તિરસ્કાર છે તેનો પ્રશ્ન કરતા નથી. 'દારૂ આપું કે પાણી ?' આવો પ્રશ્ન કોઇ વખત કરો છો ?

---

ચિકિત્સાની ક્રિયામાં વૈદ્ય શૂરવીર છે, પરંતુ શુભ, અશુભ કર્મને વિષે વૈદ્ય સમર્થ નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## હૈયે તેવું હોઠે

દેહરે. ઉપાશ્રયે ધાર્મિક ભાવના ઉત્પન્ન થાય છે. સૂર્યોદય વખતે લાલ કપડાંની છાયાથી લાલ દેખાય છે, તેમ છાયાના રંગ જેવી ભાવના દેહરે, ઉપાશ્રયે થાય છે. એ સ્વભાવે રંગની ભાવના નથી. જો સ્વભાવે રંગની ભાવના થતી હોત તો 'કયા ગુરુ પાસે જઈશું ?' એવો પ્રશ્ન થાત. તમારું ચિત્ત કાળી-ગોરીમાં છે, આ તરફ નથી તેથી તેવા ધાર્મિક પ્રશ્નો પૂછતા નથી. ચોપડીમાં દસ વાતો આવી તેમાં સારી કયી ? ઉત્તર દેનારો પોતે જે વિચારનો હશે તેવી વાતને સારી કહેશે. એજ રીતે આપણું ધ્યેય કયું છે તે આપણા પ્રશ્નોથી માલુમ પડે છે. પ્રશ્નો શ્રાવકપણાને અંગે પણ થતા નથી. ભાવના આવે છે પણ ધ્યેય તરીકે નિશ્ચિત થઈ નથી, નહિ તો બીજો સંકલ્પ આવે કેમ ? છોકરો જો ચાર દિવસ નિશાળે ન જાય તો એ શી રીતે કમાશે ? સંસાર કેમ નિભાવશે ?' એ વિચાર આવે છે પણ 'ધર્મનું જ્ઞાન ન લીધું હોય તો વ્યાખ્યાન શી રીતે સમજશે ? સંવરનિર્જરાદિ તત્ત્વોનું જ્ઞાન શી રીતે થશે ?' આ વિચાર આવે છે ? દુનિયાના નિભાવની ફીકરનો વિચાર આવ્યો ? પણ તત્ત્વજ્ઞાન નહિં થાય તો ભવોભવ રખડી મરશે." એવો વિચાર કેમ ન આવ્યો ? શ્રી નંદીસૂત્રમાં એક વાત છે કે એક સ્ત્રી બે પુરૂષની સાથે રહી છે. એ સ્ત્રી બડી ચબરાક અને લુચ્ચી છે; બંનેને સરખા રાખે છે. બે સ્ત્રીને સરખી રાખવી સહેલી પણ સ્રીએ બે પુરુષને સરખા રાખવા મુશ્કેલ. રાજાએ આ વાત સાંભળીને કહ્યું કે-'એ ન બને, રાજાએ એ સ્ત્રીને બેયને

---

સાધનો અંતરાયકર્મક્ષયના અનુસારે મળે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જૂદા જૂદા ગામે મોકલવાનો હુકમ કર્યો. તેણીએ વધારે વહાલો હતો તેને પશ્ચિમમાં અને ઓછો વહાલો હતો એને પૂર્વમાં મોકલ્યો. એ ઉપરથી રાજાએ અમુક વધારે વહાલો છે એમ નિશ્ચિત કર્યું. લોકોએ ન માન્યું. અંતઃકરણથી વહાલ કોના તરફ છે તે શબ્દથી અને ક્રિયાથી જણાઇ આવે છે તેવી રીતે ભલે દેહરા, ઉપાશ્રયમાં તો સરખું બોલીયે છીયે પણ છોકરાને લાડ લડાવતાં વખતે હૃદયમાં શું છે તે નીકળી આવે છે. 'કાળી કે ગોરી?' એ પ્રશ્ન વખતે એથી થનાર અર્થની આપણને રૂંઆડેયે ખબર હોતી નથી પણ આપણે ક્યાં રંગાયા છીયે તે તત્ત્વજ્ઞ તટસ્થો બરાબર જોઇ શકે છે, અને સમજે છે કે 'આ તત્ત્વજ્ઞાન જાણે છે પણ રંગાયો નથી.'

## સંસારનું પીઠું.

દારૂડીયાની સોબતે કહ્યા વગર દારૂડીયા થવાય છે. પોતે એમાં ન પ્રેરાય–ન જોડાય, તો જોડેવાળા ખેંચવા માટે પ્રયત્ન કરે, તેમાં ન મનાય તો પકડીને પાય છે એવું જ પરિણામ સંસાર–દારૂખાનાના–પીઠાનું સમજવું. એ પીઠામાં બહુધા તો જીવ પોતાની મેળે જ પલળે છે, સરકે છે છેવટે સંસારમાં ન જોડાય તો ગોઠીયાઓ પકડીને પછાડે છે. આ સ્થિતિમાં જ્યારે કોઈ જીવ સંસાર છોડવાનો વિચાર કરે ત્યારે પેલા ગોઠીયાઓ એને છોડવા માગતા નથી માટે એને રોકવાને તમામ ધમાલ કરે છે. બીજાઓ દારૂડીયા થાય તેમાં દારૂડીયાને પોતાને ફાયદો નથી છતાં તેવાઓ પણ એને છોડતા નથી તો મોહવાળાને (જેમાં સ્વાર્થ પણ છે તેને) કોઈ સંસાર

---

જિનેશ્વર ભગવાને જે જ્યાં જેમ થવાનું જોયું છે છે ત્યાં તે જ પ્રમાણે થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છોડે તે કેમ પાલવે? છોકરીને મા પ્રત્યે. માને છોકરી પ્રત્યે એમ પરસ્પર પ્રેમ ન હોય તો મોહ ટકે ક્યાં? એમાંથી કોઈ છૂટવા માગે તે ટોળીવાળાને કેમ ગમે? ચોરની ટોળીમાંથી કોઇ છટકવા માગે એને પેલી ટોળી જીવતો જવા દે? નહિ, અરે! જીવતો રહેવા ન દે. સંસારપીઠામાંથી જનાર માટે પણ એજ દશા. એ ગોઠીયા જવા દે નહિ. જમને દેવો કબુલ પણ જતિને ન દેવાય. જમ લઈ જાય ત્યાં તો દેખવું યે નહિ અને દાઝવું યે નહિ. જ્યારે જતિ લઈ જાય ત્યાં તો રોજ દેખવું અને રોજ દાઝવું એ પાલવે? ચોરની ટોળીમાંથી એક મનુષ્ય છટકીને બહાર નીકળી પડે તે ચોટ્ટાઓની ટોળીથી નજ ખમાય. મોહમદિરામાં મસ્ત થયેલાના પીઠામાંથી કોઈ નીકળવા માગે તે પેલા મસ્તોને પાલવે? નજ પાલવે. દારૂના પીઠામાં રહીને ચોખ્ખા રહેવું મુશ્કેલ, માટે ચોખ્ખા રહેવાની ઈચ્છાવાળાએ તો નીકળવું જ જોઇએ. બધાનાં પારખાં કરવાનાં હોય પણ ઝેરનાં પારખાં કરતા ના, ફલાણી બુટ્ટીથી ઝેર ઉતરી જાય એ વાત ખરી, એવી બુટ્ટી મળી હોય તો ઉપયોગ પ્રસંગે કરાય પણ બુટ્ટીની પરીક્ષા માટે વિષપાન કરાય? ઘર તો છોડવાનું જ. ક્ષાયિક-ભાવવાળાને, કેવળજ્ઞાનવાળાને પણ આ સંસારના ભરોસે રહેવાનું નથી તો જેની પાસે જડીબુટ્ટી નથી તેવાએ શું કરવું? સાધુપણું લેતી વખત ફોસલાવવાથી ન માનવાથી કુટુંબીઓએ કરેલો બલાત્કાર ભૂલાય નહિ, મરણ વખતે પણ યાદ આવે એ ઘા કેટલો લાગ્યો હોવો જોઈએ? સાધુપણાએ ગાળેલી જિંદગીના છેડે પણ ન ભૂલાય એ ઘા કેવો? તેથીજ

---

તપસ્યાથી ક્ષીણ નહિ થયેલું કર્મ પંડિતપુરુષોને પણ નિયમે કરીને ભોગવવું પડે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એવી સ્થિતિ પામેલા કોઇ સાધુ એવું નિયાણું કરે છે કે–'જ્યાં રિદ્ધિસમૃદ્ધિ ન હોય; ત્યાં મારો જન્મ થાય, ભાઈભાંડું, ફોઈ, મામા વિગેરે કોઈ સગું ન હોય ત્યાં મારો જન્મ થાય, કોઈ કન્યા દેવા ન આવે, કોઇ ભાવ પણ ન પૂછે તેવા સ્થાને, તેવા સંયોગોવાળા સ્થાને મારો જન્મ થાય. દીક્ષાના ઉમેદવાર પર કેટલો બલાત્કાર થયો હોવો જોઇએ કે જેના યોગે સાધુપણું પાળ્યા પછી પણ કાલધર્મ પામતી વખતે, આંતરડીનો કકળાટ ઉદ્ભવે, ડાઘ મટે નહિ, અને આવું નિયાણું કરાય. એ કુટુંબીઓ અનેક પ્રકારના બલાત્કાર કરવામાં કુશળ છે. જ્યારે કુટુંબીઓ જુએ કે–'આ આપણો રોક્યો નહિ રહે પણ બાયડીનો બાંધ્યો આપોઆપ રહેશે' એટલે તરત બાયડીનું બંધન બલાત્કારે પણ ગળે વળગાડે છે. બાયડી છોકરાં એ જબરાં બંધન છે, વજ્રની બેડી જેવાં છે એટલે કુટુંબીઓ એ બેડીમાં નાખવા માટે પેલાને પરણાવવા માટે એનો વિવાહ (સગપણ સંબંધ) કરે છે. પછી પરણાવે છે, ફસાવે છે. ધનગિરિને આ રીતે પરણાવે છે. જ્યાં જ્યાં વિવાહની વાત થાય છે ત્યાં ત્યાં જો કે એ પોતે દીક્ષા લેવાના છે એમ કહી આવે છે તેથી તેવા સંબંધો તૂટે છે પણ એવામાં એક ઘર એવું નીકળે છે કે છોકરી માનતી નથી અને કહે છે કે 'કરેલો સંબંધ ન તૂટે, એ દીક્ષા લેશે તો હું પણ દીક્ષા લઈશ.' હવે કયો રસ્તો? માતાપિતા એ બેનું બંધન તો હતું અને આ ત્રીજું બંધન થયું. ધનગિરિજી એ સુનંદાને પરણે છે. આગલા બે બંધન ત્રુટી ગયાં એટલે કે માતાપિતા મરી ગયાં પણ બૈરીનું બંધન મોજુદ છે. એ સુનંદાને ગર્ભ રહ્યો છે છતાં મોહનો

---

નહિ થવાવાળું ઈન્દ્રથી પણ કરાતું નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પરિત્યાગ કરી ધનગિરિજી એ વખતે દીક્ષા અંગીકાર કરે છે.

## ખરાબ ચીજ પણ સુપાત્રમાં સારી થાય છે.

## વજ્રસ્વામીજીનું દૃષ્ટાંત.

હવે આ તરફ સમય પૂર્ણ થયે સુનંદા પુત્રને જન્મ આપે છે, ત્યાં આવેલા કુટુંબીઓ વાત કરે છે કે-'આના બાપે દીક્ષા લીધી ન હોત તો આજે કેવો ઓચ્છવ કરવામાં આવત?' સંસારી જીવોને સંસારનાજ મહેત્સવો સારા લાગે, તેઓને દીક્ષાજ આડખીલી લાગે છે. 'જો ધનગિરિ હોત તો આજે બમણા બંધનથી બંધાત'- એવું બોલવાનો વિચાર આવ્યો? ક્યાંથી આવે? સામાન્યતઃ અથવા ગમે તે ઇરાદે બોલાયું હોય પણ એમાંથી ધર્મિષ્ઠોને પોતાનું સાધન મળી રહે છે. કુટુંબીઓએ તો ઉત્સવ રોકાઇ ગયાના કારણમાં દીક્ષાને જણાવી હતી, દીક્ષા-શબ્દનો ઉપયોગ એ માટે કર્યો હતો, છતાં એ શબ્દપ્રયોગ તરતના જન્મેલા બાળકને તો કલ્યાણકારી નીવડ્યો. ખરાબ વસ્તુ પણ પાત્ર-સારા પાત્રમાં સારી થઈ જાય છે. ગાયના મોંમાં ગયેલું ઘાસ દૂધ થઈ જાય છે. કુટુંબીઓએ તો દીક્ષાને હલકી પાડવા માટે 'દીક્ષા'શબ્દ વાપર્યો હતો પણ એ શબ્દ વજ્રસ્વામીના મગજમાં રમી રહ્યો તિરસ્કારમાં, સંસારવૃદ્ધિના કારણમાં વપરાયેલા એ શબ્દને તરતના પ્રસવેલા બાળકે પકડી લીધો. 'દીક્ષા'શબ્દ સાંભળી એ બાળકને કાંક યાદ આવે છે. પરિણામે જાતિસ્મરણ જ્ઞાનદ્વારા પૂર્વે આરાધેલી દીક્ષાનું સ્મરણ થાય છે. હવે પોતે દીક્ષા કઈ રીતે પામે એવો વિચાર એ બાળક કરે છે. અહીં શંકાકાર પૂછે છે કે-શંકા કરે છે કે 'શાસ્ત્રકારો જ્યારે ગર્ભથી આઠ વર્ષની ઉંમરે

---

જગતનો પ્રભાવ છે કે થવાવાળું તો થાય છે જ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દીક્ષાને યોગ્ય ગણે તે તો આ બાલકને જન્મતાં જ દીક્ષાના પરિણામ થયા શી રીતે ? અને જો એમ જન્મતાં જ દીક્ષાના પરિણામ થઈ શકતા હોય તો ગર્ભાષ્ટમ પહેલાં 'અયોગ્ય' કહીને શાસ્ત્રકારો દીક્ષાનો અંતરાય કરનારા થયા કે નહિ ? કરવું, કરાવવું અને અનુમોદવું એમ ત્રણ પ્રકારે પાપ બંધાય છે. અનુમોદનના ત્રણ પ્રકાર છે. (૧) પાપ કરનારાના સહવાસમાં રહેવું, (૨) પાપની પ્રશંસા કરવી, (૩) પાપનો નિષેધ ન કરવો, આ ત્રણ પ્રકારે પાપની અનુમોદના થાય છે તો પાપ નથી કરવું એવી પ્રતિજ્ઞા ન આપે તો એની પ્રતિજ્ઞા કેવી ? નિષેધ કરવા આવ્યો ને 'ના' કહીયે તો કરાવ્યું તથા અનુમોદ્યું થાય.'

## શાસ્ત્રકારે ગર્ભાષ્ટમનો નિયમ શા માટે કર્યો ?

**(શંકાનું સમાધાન) :** શાસ્ત્રકારે ગર્ભાષ્ટમનો નિયમ શા માટે કર્યો ? જન્માંતરના જ્ઞાનને લીધે જ્ઞાન જાગે વૈરાગ્ય થાય તેવા બનાવો ઘણા ઓછા બને છે, જેને ભવાંતરનું જ્ઞાન નથી તેવાઓ આઠ વર્ષ પહેલાં (ગર્ભાષ્ટમમાં કે જન્મનવમમાં) સર્વવિરતિમાં સમજે જ નહિ. શ્રાવકનો છ વર્ષનો છોકરો પોષહ લેવા આવે તો પોષહ ઉચ્ચરાવવો કે નહિ ? જો આઠથી નીચેની વયવાળાને દેશથી કે સર્વથી વિરતિના પરિણામ થાય નહિ તો તેવાને પચ્ચખ્ખાણ આપવા કે નહિ ? અત્યારે ઐચ્છિક સંસ્કાર નથી પણ માતા-પિતાના સંસ્કારોથી ધર્મ-પ્રવર્તન છે, જાતિસ્મરણ કે અવધિજ્ઞાન હોય તો તો તેના દ્વારા પહેલાં પરિણામ થાય. અન્ય મતમાં જન્મ્યો હોય, સંસ્કાર પણ ત્યાંના હોય એવાને પોતાની

---

જીવના મનને જીવિત અનુસરતું નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઈચ્છાએ વિરતિના પરિણામ ક્યારે આવે ? શાસ્ત્રકારોનો આ નિયમ ત્યાં લાગુ થાય છે. આઠ વર્ષ પહેલાં એને એ પરિણામ નહિ આવે. એ મતવાળો તમારો ધર્મ સાંભળે અને આદરવા તૈયાર થાય તો એ વાત આઠ વર્ષ પહેલાં કદી નહિ બને. ઐચ્છિક ધર્માચરણ આઠ વર્ષ પહેલાં હોય નહિ.

## બાળકના બળનો પરિચય

વજ્રસ્વામીને તો જાતિસ્મરણ જ્ઞાન થયું છે. જન્મતાં જ એમને સાધુપણું લેવાની ભાવના જાગી. એમણે વિચાર્યું કે 'બાપે તો દીક્ષા લીધેલી છે એટલે મારે બંધન માત્ર માતાનું જ છે. હવે મારે કયો ઉપાય કરવો કે જેથી મને માતા પોતાની જાતે જ છોડી દે.' દુનિયાની માયા મમતા ક્યાં સુધી ? જ્યાં સુધી આપત્તિ ન આવે ત્યાં સુધી. આવો વિચાર કરી એ બાળકે વિચાર્યું કે-'હવે મારું એક જ કામ કે માને આપત્તિમાં નાખું.' પોતાની દીક્ષા માટે માતાને આપત્તિમાં નાખવાનો નિર્ણય કરે છે. આટલું નાનું બચ્ચું શી આપત્તિ નાખી શકે? મંકોડો કહે કે-'મામા ! ગોળની ગોળી લાવું" પણ એની કેડમાં જોર તો હોતું નથી. એવી રીતે આ તરતનું બાળક વિચારે છે કે 'માને આપત્તિમાં નાખ્યા વગર મારો છૂટકો થાય તેમ નથી.' પોતાની માતાને પણ આપત્તિમાં નાખવાનો નિશ્ચય કરનારને વૈરાગ્ય કેવો આવ્યો હશે ? ભયમાંથી બચવા માટે ભયગ્રસ્ત મનુષ્ય જોર માત્ર અજમાવેને ? લૌકિક અપેક્ષાએ આ ભવના ઉપકાર માટે માતા ભક્તિને પાત્ર છે પણ પર ભવના કલ્યાણ માટે બંધન છોડવાની બંધનથી છૂટા થવાની બુદ્ધિએ આ

મનને અનુસારે મરણ થવાનું નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બાળક આવો નિર્ણય કરે છે, તેમાં ખાસ માતાને હેરાન કરવાની બુદ્ધિ નથી. બાળકનું બળ કયું ? રૂદન. રોવું તે.

બાળક રૂએ ત્યારે માતા કેટલાં કડવાં ઓસડીયાં પાય તે કોઈથી અજાણ્યું નથી. અફીણનું પ્રમાણ પણ વધારે-બધી મુશ્કેલી સહન કરવી કબૂલ પણ પોતે રોતા રહ્યા નહિ. નાનાં બચ્ચાંઓ ટાઢ, તાપ, શરદીને ન ગણકારે, અરે ! વરસાદમાં ભીંજાય ત્યાં રોતા નથી પણ કોઈ કડવું આપે, પાય, તો તરત રોવા માંડે. વજ્રસ્વામી કડવું ગટગટાવે છે, એ કબુલ કરે છે પણ રોવું મૂકતા નથી. માતા જ્યારે કંટાળે છે ત્યારે વ્હાલા બાળકને પણ પછાડે છે એ નજરે દેખીયે છીયે. વજ્રસ્વામી પણ એ નિયમમાંથી છૂટ્યા નથી. કોઇ વખત પછડાયા હશે. તરતના જન્મેલા આ બાલકે છ મહીના સુધી આ દશા ભોગવી. આવી જરા જુદી કલ્પના તો કરી જુઓ કે કેમ થાય છે ! મા કેટલી રઘવાઈ થઇ હશે કે જેના યોગે 'આથી છોકરો ન હોય તો સારૂ" એવો વિચાર આવ્યો ! આજ કાલ બાલકને બળીયા નીકળે છે, માંદા થાય છે છતાં 'છોકરો ન હોય તો સારું" એ વિચાર નથી આવતોઃ આ સુનંદા તો ધણી વગરની છે (ધણીએ દીક્ષા લીધી છે,) બીજું છોકરૂં નથી એવી વખતે આવો વિચાર કરે, આવું બોલે એ ઉપરથી વિચારો કે વજ્રસ્વામીના રૂદનથી એ કેટલી કંટાળી હશે ! આવો વિચાર તો આવ્યો પણ કરે શું ? જ્યાં ત્યાં લવવા (બકવા) માંડયું કે 'અરે ! છોકરાએ તો મારી નાંખી. એવે વખતે ધનગિરિજી વિહાર કરીને ત્યાં (એ ગામમાં) આવે છે. એમના ગુરૂ ગીતાર્થ આચાર્ય છે; ધનગિરિજી જ્યારે

---

પરિપક્વ દશાને પામેલું જે કર્મ તેને વિષે તપ ગતિ કરતું નથી. અર્થાત્ અસર કરતું નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગોચરી જવા નીકળે છે ત્યારે ગુરૂ કહે છે કે–'આજે ભિક્ષામાં સચિત્ત અચિત્ત જે મળે તે લેજો. આચાર્યો ચેલાના લોભીયા છે એવું આજે બોલનારા બોલે છે તો આ આચાર્ય લોભીયા? વાદળી ચશ્મા પહેરનારને ધોળાં કપડાં પણ વાદળી દેખાય; એવી રીતે મોહના ચશ્માવાળા આવા પ્રસંગે ચેલાનો લોભ જ દેખે છે. ધનગિરિજી સુનંદાને ત્યાં વહોરવા આવ્યા. પાડોસણો આવીને ત્યાં સુનંદાને કહેવા લાગી કે–'આ એનો બાપ આવ્યો, એ છોકરાને એને સોંપી દે અને લપથી છૂટ!' વિચારો કે એ સુનંદા પાડોસણો પાસે કેટલી વખત કેટલું અને કેવું રડી બબડી હશે કે જેથી પાડોસણો આવું કહેવા આવી હશે. જીવનમરણના સવાલ જેવો સવાલ લાગ્યો હશે ત્યારે પાડોસણે આવું ઉચ્ચાર્યું હશે. સાધુઓ દુનિયાની દશા બરાબર જાણે છે. અત્યારે પાડોસણો આ લપ સાધુને ગળે વળગાડવા તૈયાર થઈ છે. દુનિયામાં સાગરીતો કેવા મળે છે! સુનંદા એકલી છે, નિરાધાર છે, રાંડી નથી પણ એવીજ સ્થિતિમાં છે, સાસુસસરો નથી, બાલક સોંપી દેવાથી આખું ઘર ઉખડી જાય છે છતાં બધી પાડોસણો બાલક સોંપાવી દેવા તૈયાર થાય છે, સાક્ષી થાય છે. સાધુ કહે છે કે–'અત્યારે તો આપે છે પણ કાલે પાછો માગવા આવે તો?' પાછો માગવા નહિ આવે એવી ખાત્રી પાડોસણો આપે છે, પાડોસણો એ વાતમાં સાક્ષી થાય છે. ધર્મ વિરૂદ્ધતામાં દુનિયા કેટલી રાજી છે! અત્યારે સુનંદાનો તથા પાડોસણોનો બાલક સોંપવામાં એકજ આશય છે કે સાધુને ગળે લપ વળગાડવી, ફોડશે માથું અને કાઢશે રાતું. આ બધા તો આવા ઈરાદાથી બાલકને ઝોળીમાં

---

તારૂં પાપ તપથી પણ ક્ષય થયેલું નથી, તો પછી હમણાં ઉદયમાં આવે છતે એનો ભય શો?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વહોરાવે છે પણ પેલા વજસ્વામી તો ઝોળીમાં મૂકાણા કે તરત રોતા બંધ થયા. ચારિત્રપ્રાપ્તિને અંગેનું બંધન તોડવું હતું તે તૂટી ગયું. આજ સુધી કડવા ઘુંટડા પીધા, પછાડીયાં ખાધા, ગડદા ખાધા, ગાળો ખાધી, માર ખાધો એ બધુ આજે સફળ થયું. કહેવાનું તત્ત્વ એ છે કે જેને ભવાંતરના સંસ્કાર હોય તે ચારિત્ર જોડે લઇને આવે નહિ પણ લગીર નિમિત્ત મળતાં એને ઝટ માર્ગ મળી જાય છે.

## આવતા ભવમાં સમક્તિ રાખવું હોય તો ચારિત્ર જરૂર લેવાનું.

મોક્ષ હોય પણ થાય નહિ તેવે વખતે પાળેલું ચારિત્ર નકામું નથી : ચારિત્ર કેવળ આ ભવનું છે: બીજે ભવે નવું છે. સમકિતવાળો આ ભવે ભલે વિરતિ ન લે પણ આવતા ભવમાં એના માટે બેધડક કાંતો બિરતિ લે, કાંતો સમકિત છોડે. સમકિતી દેવતાના ભવ પછી મનુષ્યપણું પામી જરૂર ચારિત્ર પામે. આ ભવમાં સમકિતી (વ્રતધારી કે વ્રત વગરનો) તેને માટે આવતા મનુષ્યભવમાં એજ માર્ગ : કાંતો સમકિત જાય અગર કાં તો વિરતિ લે, આવતા ભવમાં સમકિત રાખવું હોય તો ચારિત્ર જરૂર લેવાનું. શંકા 'બારમા દેવલોકે મનુષ્ય જાય ને ત્રણ વખત દેવલોક જાય અને મનુષ્યપણું પામે ત્યાં સુધી સમ્યક્ત્વ રહે તો પછી સમકિત જાય અગર બિરતિ લે એવો નિયમ શા ઉપરથી? સમ્યક્ત્વવાળાને સાત ભવની મર્યાદા છે, તો બીજા ભવે મિથ્યાત્વી થવાનું કેમ કહો છો?'

શાસ્ત્રકારોએ ગુણઠાણાના કાલમાં ચોથે ગુણસ્થાનકે

---

પાપના ફળોને-ઉદયને ભોગવવામાં બુદ્ધિ ચાલતી નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેત્રીસ સાગરોપમથી અધિક કાળ ન કહ્યો: ચોત્રીસ સાગરોપમ નહિ. અહીં અવિરતિ રાખીયે તો બાવીસ સાગરોપમ દેવલોકના, પછી મનુષ્યભવ ફેર બાવીસ સાગરોપમ દેવલોકના એટલે સમ્યક્ત્વ રહે નહિ. પાંચમા, છઠ્ઠા ગુણસ્થાનકમાં આવે તો જ સમ્યક્ત્વ ૬૬ (છાસઠ) સાગરોપમ ટકે. આ વાત ધ્યાનમાં લેવાથી સમાધાન થશે. આ ભવથી બીજા ભવમાં સમ્યક્ત્વ અખંડ રાખવું હોય તો મનુષ્ય જરૂર વિરતિ લે. શ્રાવકના વ્રત લે તો વ્રતધારી (વિરતિ) કહેવાય ને! શ્રાવકપણું એ ચૂકેલી ફાળ છે, ધારેલી ફાળ નથી. વાંદરાને પાંચમી ડાળ એ ચૂકેલી ફાળ છે કેમકે એને જવું હતું સાતમી ડાળે. દેશવિરતિ લેતી વખતે એ શ્રાવક સર્વવિરતિના પરિણામમાં જ હોય. તેવા પરિણામ ન હોય તો દેશવિરતિ કહેવાય જ નહિ. પહેલા વ્રતના વધ, બંધાદિક પાંચ અતિચાર છે. ત્રસ નિરપરાધીને જાણી જોઈને મારવો નહિ એ વ્રતને તથા અતિચારને સંબંધ શો? 'મારી ન નાખવો' એવી પ્રતિજ્ઞા છતાં વધ, બંધાદિ કરે તો ગુન્હેગાર શી રીતે? 'પ્રાણનાશ ન કરવો' એવી પ્રતિજ્ઞામાં વધબંધાદિક કરવાથી વ્રતમાં શી હરકત? ચોથા વ્રતમા પરસ્ત્રીનો ત્યાગ છે, કરનારે સ્વસ્ત્રીને છૂટી રાખી છે તો તીવ્ર અભિલાષા, અનંગ ક્રીડા વિગેરેમાં દૂષણ શાથી? આ બરાબર સમજો! વ્રત લેતી વખતની પરિણતિ કયી? એક એક જીવની હિંસા પોતાના આત્માને દુર્ગતિએ લઈ જનારી છે તે ન થાઓ, આ પરિણતિ છે અને અંદરની એ પરિણતિ કાયમ રાખવા માટેના આ મુજબ અતિચારો છે. વધ એટલે તાડન, તર્જન, બંધ એટલે દોરડે

---

ઈંદ્રે વીર ભગવાન સાથે શુભ યોગ સાધ્યો નહિ. અર્થાત્ ભસ્મગ્રહનો યોગ નિવારી શકાયો નહિ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બાંધવા, આમાં અતિચાર કેમ ? એ હવે સમજાશે. સામા જીવને જરા પણ દુઃખ થાય તે હિંસા, જરા પણ હિંસા ન કરવી એ આંતર પરિણતિ એને માટે વધબંધનાદિક એ અતિચારો. એજ રીતે ચોથા વ્રતને અંગે સમજવું. સમકિત થાય, દેશવિરતિ લેવા માંડે તે વખતે 'વિષયની ઉંડી ખાઈમાંથી નીકળવું એજ કલ્યાણકારક' આવી પરિણતિથી ચોથું વ્રત લીધું: એજ માટે તીવ્રાભિલાષા, અનંગ ક્રીડા વગેરે દૂષણ–અતિચારો છે. સર્વવિરતિની ધારણા રાખીનેજ દેશવિરતિ કરવાની છે. દેશવિરતિ ગ્રહણ એ થાકયાના ગાઉ છે, શૂરાતન-વાળાના ગાઉ નથી. સમ્યક્ત્વવાળો વ્રતના સંસ્કારવાળો કેટલો હોય ! પરવિવાહની વ્યાખ્યામાં 'કન્યાદાન દેવામાં લાભ છે' એવું માની કન્યા દે તો અણસમજુની અપેક્ષાએ એને અતિચાર કહ્યો છે. સમજુ દેશવિરતિવાળાએ દેણદારને કેદ-ખાનામાં મોકલવો એ યોગ્ય નથી. વ્યુત્પન્નને આ યોગ્ય નથી. મૂળ વાતમાં આવીએ. ચારિત્ર એક ભવથી બીજે ભવ સાથે આવતું નથી. અહીં કરેલી પ્રતિજ્ઞા અહીં પુરી થાય પણ ચારિત્રના ભાવ સંસ્કાર બીજા ભવમાં જરૂર ચારિત્ર લાવી આપે. જો ચારિત્ર લાવે નહિ તો અહીંનું સમ્યક્ત્વ રહ્યું કહેવાય નહિ. અહીંનું ચારિત્ર પાળેલું હોય તો એ જરૂર સમ્યક્ત્વ લાવી આપે છે.

શંકા:–'જ્ઞાન અને દર્શન અખંડ રહે છે, તો પછી સર્વસ્થાને અશાશ્વત કેમ કહો છો ? અંદરની સમૃદ્ધિ છોડી

---

મહાવીર ભગવાનને આયુષ્ય વધારવા માટે ઇન્દ્રની કરેલી વિજ્ઞપ્તિ નિષ્ફળ ગઈ, કારણ કે મહાપુરુષો હંમેશાં લોકસ્વભાવને જ જણાવનારા હોય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દેવી પડે છે એ કેમ મનાય? ચારિત્ર છૂટી જાય પણ જ્ઞાન-દર્શન છૂટે છે એ કેમ મનાય? **સમાધાન**:-જ્ઞાનદર્શનને બંને ભવનું કહ્યું પણ તે ગણ્યા ગાંઠ્યા જીવોને માટે. અસંખ્યાતે એક. અસંખ્યાત જીવો સમ્યક્ત્વવાળા, અસંખ્યાત જીવો જ્ઞાનવાળા તેમાં સમ્યક્ત્વને જ્ઞાન લઈ જનાર એક. બાકીના ખોઇને જનારા; એક પણ જીવ તેવો હોય તો લઈને જાય છે. એમ શાસ્ત્રકારે કહેવું પડે. પહેલાના ભવનું સ્પર્શન તો નિયમા હતુંજ તો તેનો સંસ્કાર કાંઈ છે! દેવતાના ભવમાંથી આવ્યા હોઇયે તો કાંઈ જ્ઞાન છે? માટે બાહ્ય અભ્યંતર સામગ્રી પણ છૂટી જાય તો પછી આપણી પાસે રહેવાનું શું? ધાડ પડી, માલ લુંટાયો પછી ભરતીયું પાસે રહ્યું એ કામનું શું? બેંક લુંટાઇ ગઇ પછી ચેક શું કરવાનો? જ્ઞાનદર્શન વગરનો આત્મા લુંટાઇ ગયેલી દુકાનના ભરતીયા જેવો છે. કંચન, કામિની, કુટુંબ અને કાયા જેને માટે આપણે મહેનત કરીયે છીયે તે પણ નાશ પામવાના છે. કાળા પાણીની સજા સારી છે કેમકે જોકે ત્યાં કુટુંબ, રિદ્ધિ વિગેરે ન લઈ જવાય પણ શારીરિક સંપત્તિ એ સજા કરનાર લઈ લેતો નથી, જ્યારે મોત થાય ત્યારે શારીરિક સંપત્તિ કૌટુંબિક સામગ્રી, આત્માની જ્ઞાનાદિક સામગ્રી આ બધાથી છૂટા થવાનું. જેને ક્ષયોપશમ થયો હોય અને વચમાં ઉદય થઇ જાય તેને ક્ષયો-પશમ કરવો સહેલો છે. આ આત્મા અનાદિકાલથી આવી સજા અનંતી વખત પામ્યો છતાં હજી એને ભવનો ભય લાગતો નથી; જેને ભવનો ભય લાગ્યો હોય તેણે જ દેવગુરુધર્મની માન્યતા સાચી કરી ગણાય અને એ જ સમકીતિ ગણાય.

---

બન્ધમાં જે ભાવ અને કષાયો છે તે વેદનને અનુસરતા છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વ્યાખ્યાન-ત્રીજું

સ્વપ્નાની સાહ્યબી આંખ ઉઘડે નહિ ત્યાં સુધી;
દુનિયાની સાહ્યબી આંખ મીંચાય નહિ ત્યાં સુધી.

वचनाद्यदनुष्ठानमविरुद्धाद्यथोदितम् ।
मैत्र्यादिभावसंयुक्तं तद्धर्म इति कीर्त्यते ॥ १ ॥

શાસ્ત્રકાર મહારાજા ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકાર માટે ધર્મદેશના દેતાં જણાવે છે કે ધર્મની સંપૂર્ણ લાયકાત મનુષ્યગતિ વિના બીજી કોઈ પણ ગતિમાં છે નહિ. જ્યાં લાયકાત ન હોય ત્યાં ઉપદેશ પણ નકામો છે અને તેવો ઉદ્યમ શ્રી તીર્થંકરદેવ પણ કરતા નથી, તેથી શ્રી મહાવીર દેવે પહેલી દેશના ટૂંકી કરી. ઋજુવાલિકા નદીના કાંઠે ભગવાનને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, ત્યાં દેશના શરૂ કરી પણ ત્યાં દેવતાનો જ વર્ગ હોવાથી અને તેઓ સર્વવિરતિ પામી ન શકે તેથી ભગવાને ક્ષણ વારમાં દેશના પુરી કરી. શ્રી તીર્થંકર દેવની દેશના નિષ્ફળ જાય નહિ, અને ભગવાન્ શ્રી મહાવીર દેવની આ દેશના નિષ્ફળ નીવડી માટે તેને આપણે આશ્ચર્ય ગણીએ છીએ. જો કે કોઇને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ છે છતાં કોઈને પણ સર્વવિરતિના પરિણામ ન થયા એટલા માટે એ દેશનાને નિષ્ફળ ગણી છે. બીજે બે પહોર દેશના અપાય, સાંજે પણ એક પહોર દેશના અપાય છતાં અહીં ભગવાને ક્ષણ વારમાં પતાવ્યું. ધર્મોપદેશ લાયકને જ દેવાય, અને એ માટેની

---

વૈદ્ય ઉદ્યમ કરનાર છે, પણ ફળ તો કર્મને આધીન છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લાયકાત ધરાવનાર માત્ર મનુષ્યો છે. મનુષ્યનો ભવ એટલે મોક્ષની સીડી (નીસરણી) નારકી, તિર્યંચ કે દેવતાના ભવથી મોક્ષ મેળવી શકાતો નથી. એક વખતની મહેનત સર્વ કાલ સુધી ફળ દેવાવાળી થાય એવું તો મનુષ્ય ભવમાં જ બની શકે. આ જીવ દરેક જન્મમાં મહેનત કરતો જ હતો પણ તે મહેનતથી મેળવેલું ફળ દરેક ભવે તે મેલતો જ આવ્યો છે. આખો ભવ મહેનત કરી કરી કુટુંબ, ધન, વાડી, બગીચા, આબરૂ વગેરે મેળવ્યા પણ એ તમામ આપણી આંખ ઉઘાડી હોય ત્યાં સુધી જ રહેવાના. સ્વપ્નામાં દેવ ચૌદ રત્ન આપે, છ ખંડની માલિકી આપે, બત્રીસ હજાર મુકુટબદ્ધ રાજાઓને સેવામાં સોંપે પણ આ ચક્રવર્તીપણું આંખ ન ઉઘડે ત્યાં સુધીનું છે. આંખ ઉઘાડ્યા પછી માલિકી કેટલાની? ભાડે રહેતો હોય તો ઘરની માલિકી પણ નહિ! તેવી રીતે સાચા ચક્રવર્તી, વાસુદેવ, રાજા શ્રીમંત કે ઘરધણીની માલિકી આંખ મીંચાય નહિ ત્યાં સુધીની છે. છોકરો કોઈને ખોળે (દત્તક) આપીએ, પછી એ હક્ક કરતો આવે તો તેને કાંઈ આપતા નથી; ભલે! વડીલોપાર્જિત મિલકત હોય તો પણ એ છોકરાને કોડી પણ આપતા નથી. આ ભવમાં પણ આ રીતે માલિકી ખસી જાય છે. દરેક જન્મની મહેનત નકામી જાય છે એવી મહેનત શા માટે કરો છો? બે ઘડીની બરાબર (સાચી) મહેનત કરો કે જેનું ફળ કોઈ પણ કાળે નાશ પામી શકે નહિ. જો આત્માને સાવચેત કરો, ક્ષાયિક સમ્યક્ત્વ ઉપાર્જન કરો તો તે કોઈ કાળે જવાનું નહિ. તેનો સમય અંતર્મુહૂર્તનો છે. બરાબર મહેનત થાય, ક્ષાયિક

---

શાતા કે અશાતા જીવે કરેલાં કર્મથી ઉત્પન્ન થયેલી છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉપાર્જન કરાય તો તે કદી જવાનું નહિ. બે ઘડીનું વીતરાગપણું કેવલજ્ઞાન મેળવી આપે છે. ક્ષાયિકભાવે મેળવેલું વીતરાગપણું કેવલજ્ઞાન-દર્શન મેળવી આપે છે. ક્ષાયિક સમ્યક્ત્વનું ફળ કદી જવાનું નહિ.

## મરૂદેવા માતાને અંધત્વ શાથી થયું?

અહીં શંકા થશે કે-ક્ષાયિક સમ્યક્ત્વ અંતર્મુહૂર્તમાં આટલું ફળ આપે છે તો લાંબા કાલ સુધી સાધુપણું પાળનારા સમ્યક્ત્વવાળા કેમ રખડે છે? શ્રીઋષભદેવજી ભગવાનને દીક્ષા લીધા પછી કેવળજ્ઞાન માટે હજાર વર્ષ મહેનત કરવી પડી. શ્રીમહાવીર ભગવાનને સાડા બાર વર્ષ મહેનત કરવી પડી ને એટલો કાલ એમની છદ્મસ્થાવસ્થા જ છે ને! એજ ભગવાને જણાવ્યું કે ઉત્કૃષ્ટ ભાવના તથા વીર્યવાળો અંતમુહૂર્તમાં કેવળજ્ઞાન, કેવળદર્શન બધું પ્રાપ્ત કરી શકે છે અને માતા મરૂદેવાનું દષ્ટાંત એ વાતને સિદ્ધ કરે છે. તેઓ હાથીના હોદ્દે પોતાના પુત્રને જોવા માટે સમવસરણમાં આવે છે ત્યાં સુધી તો 'મારો છોકરો' એજ બુદ્ધિ હતી, દેવની કે તીર્થંકરની બુદ્ધિ ન હતી; એ પોતાનો છોકરો સુખી છે કે દુઃખી એજ ચિંતા એમને કાયમ હતી, રોઈ રોઇને એ ચિંતાએ તો આંધળા થયા છે. ભગવાન્ દીક્ષા લઈને ગયા પછી એજ કારણે માતા ચિંતાથી અને રડવાથી આંધળા થયાં છે. લાખો પૂર્વ સુધી ઋષભદેવજી પાસે હતા ત્યાં સુધી અફસોસ નહોતો: લાખ્ખો પૂર્વની અપેક્ષાએ હજાર વર્ષ કયી ગણત્રીમાં? ચોરાશી લાખને ચોરાશી લાખે ગુણીએ ત્યારે એક પૂર્વ થાય. એવા લાખો પૂર્વની જિંદગીવાળાને

---

પુણ્યના ઉદયથી શુભ સહાયવાળા મળે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હજાર વર્ષ શા હિસાબમાં! માત્ર હજાર વર્ષ ઋષભદેવજી છેટા રહ્યા તેમાં તો માતા અંધ થયાં. આ આર્તધ્યાન કે બીજું કાંઈ? પુત્રની ચિંતાએ ખાવા પીવાનું પણ સૂઝતું નથી! પૌત્ર ભરત ચક્રવર્તી છે. એ દાદીને ઘણું આશ્વાસન આપે છે છતાં માતાને સંતોષ થતો નથી.

## દુઃખગર્ભિત વૈરાગ્ય કોને કહેવાય?

દુઃખગર્ભિત વૈરાગ્ય કોનું નામ? આપણે આજે દુઃખ ગર્ભિત વૈરાગ્ય તેને કહીએ છીએ કે સંસારમાં દુઃખી હોય તે દીક્ષા લઈ લે: તો બાહુબલિજીએ દુઃખગર્ભિત વૈરાગ્યથી દીક્ષા લીધી એમ? સગર ચક્રવર્તીએ પોતાના સાઠ હજાર પુત્રોનાં મરણ થવાથી દીક્ષા લીધી. સનત્કુમારે શરીરને સડેલું દેખી દીક્ષા લીધી, એ બધાને દુઃખગર્ભિત વૈરાગ્ય કહેવા? એ દુઃખગર્ભિત વૈરાગ્ય નથી. વિષયોની પ્રાપ્તિ માટે વસ્તુને છોડે, વિષયોના વિયોગે થતા શોકથી વસ્તુ છોડે તેનું નામ દુઃખગર્ભિત વૈરાગ્ય. ભલે પોતે રાણી હોય, પણ કુંવર મરી જાય તો ઘેર બધી સામગ્રી છતાં તેનો એ ઉપભોગ કરતી નથી, મિષ્ટાન્ન ખાશે નહિ, સારાં વસ્ત્ર કે ઘરેણાં પહેરશે નહિ કહો ત્યાગના પરિણામ છે? નહિ. જ્યારે કુટુંબમાં શોકનું કારણ બને ત્યારે કાળો વેષ પહેરે, ઘી ન ખાય, વરઘોડા વિગેરેમાં ન જાય એ બધું શાને અંગે? પાડોસી કે સગામાં લગ્ન હશે તો ત્યાં પણ ભાગ લેશે નહિ, દુનિયાના કોઈપણ હર્ષોત્સવમાં એ ભાગ લેશે નહિ. આ રીતે છોડનાર શાને લીધે છોડે છે? છોકરો અગર કુટુંબી ગયો તેને લીધે એ બધું છોડે છે. ઈષ્ટના વિયોગથી આવી પડતા

---

કર્મને યોગ્ય જ વૈદ્યો તથા ઔષધિઓ મળે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અનિષ્ટથી આ રીતે છોડાય તે દુઃખગર્ભિત વૈરાગ્ય. આ વાતનો પણ અનર્થ ન કરતા. જે બાઇ વિધવા થાય તે સારાં વસ્ત્રાલંકાર ન પહેરે ત્યાં દુઃખગર્ભિત વૈરાગ્ય કહેવાય નહિ પોતાને શીલ પાળવું છે તેથી. સારાં વસ્ત્રાલંકારની સજાવટથી તો પોતાના બાર વાગી જશે, સારાં વસ્ત્રાલંકારો શીલમાં નુકશાન કરનાર છે, તે શીલરત્ન હરાઇ ન જાય એ માટે વિધવાની એ પ્રવૃત્તિ છે ત્યાં દુઃખગર્ભિત વૈરાગ્ય કહેવાય નહિ. અહીં પણ આર્તધ્યાનાદિ થાય તેને તે સ્વરૂપમાં જ ગણાય. વિધવા થયા પછી તરત અમુક કાળ દહેરે, ઉપાશ્રયે ન જવું એનો અર્થ શો ? આર્તધ્યાનમાં ડુબેલી હોવાથી પ્રવૃત્તિ બીજા કામમાં નથી પણ ધર્મની જ પ્રવૃત્તિ છોડવામાં આવે એ અજ્ઞાનતા સિવાય બીજું શું કહેવાય ? પોતાના છોકરાને ટાઢ, તાપ વિગેરે કેવાં લાગતાં હશે એ વિચારમાંજ માતા અંધ થયાં છે અને એમણે હજાર વર્ષ આ રીતે રોઈ–રોઈને કાઢ્યાં છે. રોવાથી જ ચક્ષુની સ્થિતિ પડલવાળી થઈ ગઈ છે. પોતાની માતા મરૂદેવાની આ સ્થિતિ ભગવાન્ શ્રી ઋષભદેવજીની ધ્યાન બહાર છે એમ નથી. પહેલી વાત પોતાના આત્માના ઉદ્ધારની છે. પછી બીજી વાત !

## તે આર્તધ્યાનમાં ધર્મધ્યાનની જડ કેવી રીતે ?

આ માતા જેટલો રાગ કરે છે, એમાંજ ધર્મધ્યાનની જડ રહેલી છે. છે આર્ત્તધ્યાનમાં છતાં એની જડ ધર્મધ્યાનમાં ? શી રીતે ? એક મનુષ્ય દીક્ષા લેવા તૈયાર થયો, તેના સગા–વહાલાએ બખેડો કર્યો, પેલો દીક્ષાભિલાષી પાછો ન પડ્યો

---

આયુષ્ય પૂરું થયું નથી તેનું મરણ નથી, તેમજ આયુષ્ય બગરનાનું જીવન નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અને દીક્ષા લીધી. વખત પસાર થયા પછી પેલા બખેડો કરવાવાળાજ વાંદવા આવે છે, પોતાના ગામ પધારવાની વિનંતિ કરે છે, અને ગામમાં આવ્યા બાદ વ્હોરવા આવવાની વિનંતિ કરે છે. દીક્ષિત પણ બીજા કરતાં સગાંસંબંધીને જલદી છાપ પાડી શકે છે. જેને રાગ નથી, બીજુ જ કાંઈ પણ કારણ હોય તેવાને ધર્મમાં આડે આવવાનું કારણ નથી. વચલાને કર્મબંધનું કારણજ થાય છે. બખેડો કરનારજ શાતા પૂછવા આવે છે અને દીક્ષિતના કહેવાથી સામાયિક, પૂજાદિ સત્પ્રવૃત્તિમાં જોડાય છે. મરૂદેવામાતા હજાર વર્ષ સુધી રોયાં, અંધ થયાં, તે વખતે જ્યારે ભગવાન્ શ્રી ઋષભદેવજીને કેવળજ્ઞાન થયું છે ત્યારે એમની એ અનુપમ આત્મ-સમૃદ્ધિ દેખાડવા ભરત મહારાજા પોતાની દાદીને (માતા મરૂદેવાને) હાથીના હોદ્દે બેસાડીને લઈ જાય છે. હજી માતા કાંઇ ભગવાન્ તરીકે માનીને જતાં નથી, પોતાના છોકરાને જોવાની ભાવના છે. મમતા ખસી નથી. મોહ એક-પક્ષીય હોય છે. હવે ભરત મહારાજા માતાને કહે છે કે-"માતાજી! આપ મને રોજ ઠપકો આપતા કે 'મારો છોકરો દુ:ખી થાય છે અને તું મોજ કરે છે' તો હવે જુવો કે મોજ કોણ કરે છે?" પુત્રને જોવાના હર્ષાવેશથી પડળ ખસી જતાં અંધત્વ ચાલ્યું ગયું.

## કાચી બે ઘડીમાં કેવળજ્ઞાન!

ભગવાન્ ઋષભદેવજીની દિવ્યસમૃદ્ધિ જોઈ માતાને એમ થાય છે કે-'આ આવી મોજ ઉડાવે છે અને મને ખબર પણ કહેવરાવતો નથી. રોઈ રોઇને મરી રહી છું એની એને પરવા પણ નથી. ભરતચક્રી પાસે ભલે દેવતાઓ

---

શાતા કે અશાતાના ઉદય પ્રમાણે સહાયો મળે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હોય પણ તે સામાન્ય. જ્યારે વૈમાનિકના ઈંદ્રો પણ આની સેવામાં હાજર છે છતાં ખબર પણ ન મોકલે? ત્યારે આ છોકરાને મન તો હું 'મા' નહિને? જો મા ગણત તો હજાર વર્ષમાં મને ખબર પણ મોકલત? ત્યારે તો મા 'છોકરો, છોકરો' કર્યા કરે એ ગાંડીને! આવો સ્નેહ કર્યો શું કામ લાગે? માતાને ભાન આવ્યું, અને મોહ ટળ્યો. વસ્તુ હેરાન કરનાર નથી પણ સ્નેહ હેરાન કરનાર છે. વસ્તુ નાશ થાય ત્યારે માલિકનેજ શોક થાય છે. એક વસ્તુને એક ક્ષણે એક પોતાની માને, વળી બીજી ક્ષણે બીજો પોતાની માને છે. વસ્તુને જે પોતાની માને છે તેનેજ મોહ થાય છે. વસ્તુ નાશ પામે ત્યારે એની પ્રત્યે મોહવાળાને શોક થાય છે. મરવાનું મોહવાળાને છે. બસ! આવા વિચારો માતાએ કર્યા. માતા મરૂદેવા વિચારસરણીમાં આગળ વધ્યાં. 'મોહેજ મને આંધળી કરી આટલી હેરાન કરી! આ મોહ કેવો? ક્યારનો? જ્યારનો મોહ ત્યારનું દુઃખ! મોહ રહે ત્યાં સુધી દુઃખ નક્કી છે. મોહ રહેશે ત્યાં સુધી દુઃખ થવાનું જ! કોના છોકરા? કોની માતા "બસ! આ વિચારસરણીમાં આરોહણ કરતાં કાચી બે ઘડીમાં તીવ્ર વૈરાગ્યથી વીતરાગપણું, કેવળજ્ઞાન, કેવળદર્શન મેળવી લીધાં એ ટકવાના ક્યાં સુધી? યાવત્ કાલ સુધી. ક્ષાયિકસમ્યક્ત્વ, વીતરાગપણું, કેવલજ્ઞાન, કેવલદર્શન એ અપૂર્વ વસ્તુઓ આ જીવ બે ઘડીમાં મેળવી શકે છે, અને એ વસ્તુઓ પાછી જવાની નથી, નાશ પામવાની નથી, ઘટવાની નથી. કહેવાનું તાત્પર્ય કે જન્મોજન્મ માલ મીલકત, કુટુંબાદિ, મહેનત કરી કરી મેળવ્યાં અને આંખ મીંચાતાં મિનિટમાં મૂકી દીધું તો એવી મહેનત કરવા કરતાં, જેનું ફળ કદી નાશ ન પામે એવી મહેનત કાં ન કરવી?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વ્યાખ્યાન ચોથું

## જ્ઞાનદાનની અનુપમતા

दानं धर्माऽनभिज्ञेभ्यो वाचनादेशनादिना ।
ज्ञानसाधनदानं च ज्ञानदानमितीरितम् ॥१॥

કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રીમદ્-**હેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજે દાનના અધિકારમાં આગળ ચાલતાં, જ્ઞાનદાનનો પ્રસંગ શરૂ થતાં, જ્ઞાનદાનની વ્યાખ્યા ઉપરના શ્લોકમાં જણાવી છે. જ્ઞાનદાનની જૈનશૈલી પ્રમાણેની આ વ્યાખ્યા બરાબર મનન કરવા જેવી છે, તેથી તેનું રહસ્ય આપણે જાણી લેવું જોઇએ.

પ્રશ્ન એ છે કે જ્ઞાન એ દરેક આત્માનો ગુણ છે. આત્મા અરૂપી છે. દરેક આત્માનો અલગ અલગ પોતાનો જ ગુણ છે. તેથી તેમાં આપવાનું અને લેવાનું શું ? અરૂપી અપાય કેમ ? અને લેવાય કેમ ? જો તે લેવાદેવાની વસ્તુ નથી તો પછી તેનું દાન સંભવેજ કેમ ? અને જો દાન જ ન સંભવે તોપછી જ્ઞાનદાનની વ્યાખ્યાજ શી રીતે સંભવે ? અને જ્યારે વ્યાખ્યા જ સંભવતી નથી, તો પછી ઉપરનો શ્લોક કેવળ નકામા પ્રયાસરૂપ જ ઠરશે.

### જ્ઞાનદાનની વ્યાખ્યા

પરંતુ વિચાર કરતાં જણાશે કે પ્રત્યેક આત્માનો જ્ઞાન-ગુણ અરૂપી છતાં કર્મોથી અવરાએલો છે, તેથી જ્ઞાનગુણ

---

રોગો અશાતાના ઉદયથી ઉત્પન્ન થયેલા છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સંપૂર્ણ પ્રગટ નથી થતો. તે જ્ઞાનગુણ બાહ્ય ઉત્તમ આલંબ-નોથી પ્રગટ થઈ શકે છે, એટલે જ્ઞાનગુણને પ્રગટ કરે તેવાં સાધનો આપવાથી જ્ઞાન પ્રગટ થવામાં નિમિત્તભૂત થવાય છે.

એ રીતે જ્ઞાન પ્રગટ કરવાના સાધનોનું દાન પણ છેવટ જ્ઞાન પ્રગટ થવામાં નિમિત્તરૂપ હોવાથી તે સાધનોના દાનને પણ જ્ઞાનદાન કહી શકીશું. એટલે કે અરૂપી જ્ઞાનનું દાન દેવું કે લેવું બનતું નથી, તો પણ તેના સાધનો લેવાદેવાના બની શકે છે, માટે જ્ઞાનને ઉત્પન્ન કરનારા સાધનો આપવાને જ્ઞાનદાન કહેવામાં હરકત નથી.

જે જીવો અભ્યાસી હોય, અને વાંચવાલખવાનું જાણતા હોય તેઓને વાચના આપવાથી પણ જ્ઞાનદાન આપી શકાય છે. તથા ભણેલા ન હોય, પરંતુ જિજ્ઞાસુ અને ખપી હોય તેઓને દેશના-ધર્મોપદેશ આપવા દ્વારા પણ જ્ઞાનદાન આપી શકાય છે.

પરંતુ આ દાન મુનિઓ દઈ શકે, ગૃહસ્થો શી રીતે જ્ઞાનદાન આપી શકે? તેને માટે પણ માર્ગ તો હોવોજ જોઇએ તે માર્ગ તરીકે **ज्ञानसाधनदानम्** એટલે કે જ્ઞાન પ્રગટ થવાનાં સાધનો જેવાં કે-પુસ્તકો, મકાન, ભણાવનારની ગોઠવણ અને બીજાં જ્ઞાન ભણવામાં ઉપયોગી થાય તેવાં અનેક ઉપકરણો પૂરાં પાડવાં તે પણ જ્ઞાનદાન કહેવાય છે.

## જ્ઞાનદાન કોને દેવું?

જ્ઞાનદાનના પાત્ર કોણ? તેના જવાબમાં એમ કહેવામાં આવે કે-સર્વ જીવો. તે બરાબર નથી, કેમકે પુષ્કરાવર્ત મેઘ

---

હે સાધુ! તારા વગર પ્રયત્ને આ વ્યાધિ તારા કર્મને ફાડનાર-નાશ કરનાર છે.

P. P. Ac. Gunratnasuriji M.S. Jin Gun Aaradhak Trust

સમુદ્રમાં પડે તો તે નકામો જ છે કેમકે તે બીજને પલ્લવિત કરી શકતો નથી, કારણકે સમુદ્રમાં બીજજ નથી. તેવી રીતે કેવળજ્ઞાની ભગવંતોને જ્ઞાનદાન ઉપયોગી નથી, કારણકે તેઓ તો કૃતકૃત્ય છે, અને અસંજ્ઞી જીવોને પણ જ્ઞાનદાન ઉપકારક થઈ શકતું નથી, કારણ કે તેઓ જ્ઞાન લેવાને શક્તજ નથી. ત્યારે જ્ઞાનદાનના અધિકારી કોણ? ફક્ત સંજ્ઞી પંચેંદ્રિયો અને ધર્મને ન જાણતા હોય છતાં તે જાણવાની ઈચ્છાવાળા અથવા જાણતા હોય, છતાં વિશેષ જાણવાની ઈચ્છાવાળા જીવો ખાસ જ્ઞાનદાનના અધિકારી છે, માટે **ધર્માનભિજ્ઞેભ્યઃ** એ પદથી જ્ઞાનદાનના અધિકારીઓ સૂચવી દીધા છે.

અહીં સમજવાનું એ છે કે :—

૧ જાતિવાચક તરીકે ધર્મના અનભિજ્ઞોને એકવચન લગાડી શકાત, છતાં બહુવચનનો પ્રયોગ વાપરીને કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી એ સૂચવવા ઇચ્છે છે કે કોઈપણ ધર્મના અનભિજ્ઞને જ્ઞાનદાનનો પાત્ર ગણી લેવો જોઈએ. તેમાં તેની જિજ્ઞાસાવૃત્તિ અને જ્ઞાન મેળવવાની તત્પરતા હોવી જોઇએ, બીજી કોઈપણ શરત હોઈ શકે નહિ, એટલે જ્ઞાન મેળવવાની તત્પરતાવાળા સર્વ જિજ્ઞાસુઓને જ્ઞાનદાન આપવાની જરૂર છે, પછી તે ગરીબ હોય કે તવંગર હોય, તે રૂપવાન્ હોય કે કદરૂપો હોય, તે ચક્રવર્તી હોય કે દરિદ્રી હોય કોઈપણ ભેદભાવ વિના તેવાઓને જ્ઞાનદાન આપવાને હરકત નથી.

અહીં એ શંકા થશે કે ત્યારે તો ચોર પોતાના વારસ–

---

હઠથી વેદનાને ભોગવવા માટે વીર ભગવાન્ લાટ અનાર્ય દેશમાં ન ગયા? અર્થાત્ ગયા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દારને ચોરીનું જ્ઞાન આપે છે, શિકારી પોતાના બાળકને શિકારની તાલીમ આપે છે, અરે એટલું જ નહિ પરંતુ પશુઓ પણ પોતાનાં બચ્ચાંઓને પોતાની જાતિની રીતભાત શિખવે છે. દા૦ ત૦ કુતરાઓને પણ નાનાં કુરકુરીઆંઓને ગેલ કરતાં કરતાં, ભસતાં, કરડતાં શિખવતાં જોઇએ છીએ તો તેને જ્ઞાનદાન કહેવું પડશે. તેને જ્ઞાનદાન ગણાયજ નહિ; તે સ્પષ્ટ કરવાને માટે ધર્મ–અનભિજ્ઞ શબ્દ વાપર્યો છે. સારાંશ કે ધર્મ જાણવાની ઈચ્છાવાળાને જ્ઞાનદાન તે જ્ઞાનદાન છે. એટલે કે જે જ્ઞાનદાનનું પરિણામ ધર્મનું જાણપણું હોય તેજ જ્ઞાનદાન છે. જો જ્ઞાનદાનથી ધર્મનું જાણપણું ન વધે તો તે જ્ઞાનદાન નથી અને તેટલા જ માટે શાસ્ત્રકાર મહારાજે तत्त्वानभिज्ञेभ्यः શબ્દ ન વાપરતાં धर्मानभिज्ञेभ्यः શબ્દ વાપર્યો છે.

આ ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે આજીવિકા, શારીરિક વિકાસ, આર્થિક જરૂરીઆત કે બીજા કોઈપણ ઉદ્દેશથી જ્ઞાન લેવાતું હોય કે દેવાતું હોય તો તે જ્ઞાન નથી અને તે જ્ઞાનદાન પણ નથી, પરંતુ ધર્મનું જાણપણું એજ ઉદ્દેશ હોય, ધર્મનું જાણપણું પણ યથાશક્તિ આચરણરૂપ હોય, ત્યારેજ ખરૂં જાણપણું. જેથી શાસનને સંમત છે તેજ જ્ઞાન અને તેજ જ્ઞાનદાન ગણાય છે. દરેક જ્ઞાનના સાધનો પૂરાં પાડવાને આપણે જ્ઞાનદાન કહી શકીશું નહિ.

વળી **वाचनादेशनादिना** એ પદોમાં પણ આદિશબ્દથી અનેક સાધનોનો સંગ્રહ કરવા છતાં બહુવચન ન વાપરતાં, એકવચન–કેમ વાપરવામાં આવ્યું ? એ વિચારીશું તો

---

**હે આત્મા ! જેટલા ભવોએ ભવ્યોનું કલ્યાણ થવાનું છે. તેટલા ભવોએ નિશ્ચયે કલ્યાણ થાય છે.**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આપણને તેમાંથી પણ જાણવાનું મળશે કે-જ્ઞાનના ગમે તેટલાં સાધનો અને ઉપાયો હોય, પરંતુ તે દરેકનું ધ્યેય માત્ર એકજ છે અને તે **ધર્મજ.** ધર્મધ્યેય વિનાનું જ્ઞાન તે તે જ્ઞાન નથી અને તેના સાધનો તે જ્ઞાનના સાધનો નથી, તથા તેઓનું દાન તે જ્ઞાન(સાધન)દાન નથી એ સારી રીતે સ્પષ્ટ થઈ જાય છે.

પરમ પૂજ્ય કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ જૈનશૈલીથી જ્ઞાનદાનની જે વ્યાખ્યા કરી છે તે દૃષ્ટિથી વિચાર કરતાં આ સંસ્થા એ રીતે કામ કરતી હોય તો તેને જ્ઞાનદાનનું સાધન કહેવામાં હરકત નથી. તેનો અર્થ એ છે કે-સંસ્થાના કાર્યવાહકો, સંસ્થાના અધિકારીઓ, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ તથા નાણાં વિગેરે સાધન આપનારાઓનો એકજ ઉદ્દેશ હોવો જોઈએ કે ધર્મનું જાણપણું વધે અને વીતરાગધર્મની આરાધનામાં વધી જીવો પોતાનું આત્મકલ્યાણ સાધે.

વિદ્યાર્થીઓનો પણ એજ ઉદ્દેશ હોવો જોઇએ કે જ્ઞાનના સાધનોનો ઉપયોગ પોતાનું ધર્મને વિષે ખરૂં જાણપણું પ્રગટ કરવું, અને ભવિષ્યમાં પણ બીજા જે જે જીવો પોતાના પરિચયમાં આવે તેઓને પણ એ ઉદ્દેશ સમજાવવો અને એ ઉદ્દેશથી ધર્મનું જાણપણું ઉત્પન્ન કરવું.

જો જ્ઞાન(સાધન)દાનની આ ક્રિયા ઉપરના ધોરણે પ્રચાર પામી વૃદ્ધિગત થાય, તો જ આ સંસ્થાને જ્ઞાનદાનની સંસ્થા કહેવામાં વાંધો નથી અને તેને સાધનો આપી પોષવાની ધર્મજ્ઞાનપ્રચારની અભિલાષા ધરાવનાર દરેક વ્યક્તિની ફરજ છે.

---

નિઃસ્પૃહપણું દરેક જગા પર શાન્તિ માટે થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ સંસ્થાના સંસ્થાપક તથા પોષણ આપનારનો ગર્ભિત કે વ્યક્ત આજ ઉદ્દેશ હતો અને છે તથા ભવિષ્યમાં પણ ટકવો જોઈએ. આજ ઉદ્દેશથી જ્ઞાન, જ્ઞાનીઓ અને જ્ઞાનના સાધનોનું બહુમાન કરવું.

વિદ્યાર્થીઓને છેવટમાં એજ કહેવાનું છે. તમારો જ્ઞાન લેવાનો ઉદ્દેશ કંગાલ–હલકો ન હોવો જોઈએ. ઉપર જણાવેલો ઉચ્ચ ઉદ્દેશ રાખશો તોજ તમારો અને તમારી પાછળ મહેનત કરતા કાર્યવાહકોનો પ્રયાસ સફળ છે, કિંમતી છે. નહિતર તે નકામો પ્રયાસ છે, જેની એક કોડીની પણ કિંમત નથી. તે ઉદ્દેશ સફળ કરવો એ તમારા હાથની બાજી છે. તે લક્ષ્ય કદી ચૂકવું નહિ, માટે આ પ્રમાણે જ્ઞાનદાન દેનારાઓ અને લેનારાઓ બંને તરે છે, તેવી રીતે જેઓ જ્ઞાનને આરાધશે તેઓ અવશ્ય મોક્ષ પ્રાપ્ત કરશે

---

હાથીને સૂપડા જેવો વગેરે કહેનારા પક્ષો સાચા હાથી વખતે છોડવા લાયક થાય છે તો પછી આ શરીર આશ્રીને રહેલાને બહારની વસ્તુનું શું કહેવું? અર્થાત્ બહારની વસ્તુ તો છોડવાની જ છે. (૮૭)

---

પોતાનું મન, વચન ને કાયાનું બળ ક્ષીણ થયે છતે બીજાની કરાવેલી જ બધી ચેષ્ટા થાય છે.

---

કર્મના ઉદયને વિચારનાર દુઃખી એવો બુદ્ધિમાન્ પોતાના સ્વરૂપને પામે છે. અર્થાત્ આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે.

---

કરવાને, નહિ કરવાને અને અન્યથાકરવાને–પલટાવાને જો તું સમર્થ નથી, તો પછી શાન્તિનો આશ્રય કર!

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વ્યાખ્યાન પાંચમું

## મહાવીર–જન્મકલ્યાણક

कल्याणपादपारामं श्रुतगङ्गाहिमाचलम् ।
विश्वाम्भोजरविं देवं वन्दे श्रीज्ञातनन्दनम् ॥१॥

"હેમચંદ્રસૂરિ"

**મહાનુભાવો !**

આજનો વિષય આસન્નોપકારી પ્રભુ શ્રીમહાવીરના જન્મ-કલ્યાણકનો દિવસ હોઈ તે સંબંધીનો છે.

### "જયંતી" શબ્દથી થતું નુકશાન

ખાસ ધ્યાન રાખવાની જરૂર છે કે કેટલાક આવા પ્રસંગોને "જયંતી" શબ્દથી સંબોધે છે તેને માટે મારે જણાવવું પડે છે કે તેઓની મહોરને પૈસો દેખાડવો અગર કહેવો એવી અક્કલની ખૂબી દેખાય છે, નહિતર જે દિવસ નારકીને પણ સુખ કરનાર તરીકે વખણાયેલ છે, જે દિવસ ચૌદે રાજલોકને શાતા કરનાર તરીકે હોય. જે દિવસ સામાન્યકેવલી, ગણધરો, શ્રુતકેવલી, આદિ અંગે ન હોય, ને ફક્ત તીર્થંકરોનેજ અંગે હોય, તેવો કલ્યાણકદિન શબ્દ છોડી જયંતી કે જે દાદા, બાપની પણ ઉજવાય છે, હિંદુ યા મુસલમાનો પણ ઉજવે છે, તે સર્વ સાધારણ શબ્દને અહિં મૂકવો ને પેલો કલ્યાણકશબ્દ ભૂલી જવો કે ખસેડી નાખવો એ ઉચિત લાગતું નથી.

---

વૈયાવૃત્ય કરનારની સ્ખલના થયે છતે સહનશીલતા વગરનો માર્ગથી ખસે છે.

જો કે ઇરાદાપૂર્વક તમો તીર્થંકરના અપમાન તરીકે કરતા હોય એમ તો હું ન કહી શકું પણ એટલું તો સ્પષ્ટ કહું કે-અજ્ઞાન કે અણસમજથી વપરાયેલ શબ્દ નુકશાનકારક છે, માટે આ ધ્યાનમાં રાખજો કે આવા દિવસને કલ્યાણક-શબ્દથી બોલવામાં ચૂકશો નહિ.

## કલ્યાણકનો મહિમા

જે કલ્યાણકનો દિવસ એટલો બધો પવિત્ર છે કે જેને અંગે ઇન્દ્રોના સિંહાસનો પણ ડોલાયમાન થાય છે, અને જેને અંગે ભગવાન્ હરિભદ્રસૂરિવર્ય મહારાજ પણ પોતાના રચેલ પંચાશક નામના ગ્રંથમાં જણાવે છે કે, જે મનુષ્ય આવા કલ્યાણકના **દિવસમાં** તપસ્યા, પૂજા, સાધર્મિકભક્તિ આદિ કરતો **નથી ને** બીજા દિવસોમાં એટલે કલ્યાણક સિવાયના દિવસોમાં **કરે** છે તે કપોલકલ્પિત અર્થાત્ સ્વમતિ-કલ્પ સમજવા, કારણ એ છે કે જેને તીર્થંકરના કલ્યાણકને અંગે માન નથી તેવો મનુષ્ય બીજી તિથિઓ કયા હિસાબે આરાધે છે. વિવાહની વખતે ચાંલ્લો ન કર્યો ને ઘેર બાયડી (સ્ત્રી) આવી ગયા પછી ચાંલ્લો કરવા આવે તો કોઈ લે ખરો? ના. કેમ? ટાણું ક્યાં છે. અર્થાત્ આવતા ચાંલ્લાના રૂપિયાને પણ ટાણું નથી એમ કહી આડો હાથ કરે છે, તેવી રીતે કલ્યાણકમાં તપસ્યા આદિ ન કરે ને બીજા દિવસે કરે તે કેવળ કપોલકલ્પિત છે એમ ભગવાન્ ૧૪૪૪ ગ્રંથના પ્રણેતા એવા આચાર્ય હરિભદ્રસૂરીશ્વરમહારાજાએ યાત્રાપંચાશકમાં જણાવ્યું છે.

આ ઉપરથી આપણે એટલુંજ સમજવાનું છે કે ભગવાન્ મહાવીરનો જન્મકલ્યાણક તપસ્યા, પૂજા, સાધર્મિક ભક્તિમાંજ આરાધવો જોઇએ.

---

મમતા સિવાય પીડા નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## શંકાકારનો પ્રશ્ન...બધાને સરખા આરાધો.

તે દિવસની આરાધનાથી બાકીની આરાધના શાસ્ત્રાનુસારી ગણાય. આવી આરાધના જોઈએ એ વાત નક્કી થઈ. હવે સહેજે શંકા થાય કે પ્રભુ મહાવીરના જન્મકલ્યાણકની આરાધના વિશેષ કેમ? ઋષભદેવજી ભગવાન્ અજિતનાથજી આદિ સર્વ તીર્થંકરો મોક્ષે ગયા, તીર્થો પ્રવર્તાવ્યાં. જગતને તારવાના પ્રયત્નો, સંકલ્પ કર્યો. બધા તીર્થંકરો સરખી રીતે છે ૩૦ દિવસ મહિનામાં બધા દિવસો પહો ફાટે, અરૂણોદય થાય, સૂર્યોદય થાય કે દિવસ ગણાય, સિવાય નહિ, તેવી રીતે એક પણ તીર્થંકર મહારાજ જગતને તારવાની, બુદ્ધિ કે સંકલ્પ સિવાય બની શકયા નથી.

આપણે ત્રીજા ભવે તીર્થંકર-નામકર્મ નિકાચિત થયાનું કહીએ છીએ. તીર્થંકર-નામકર્મ કોડાકોડ સાગરોપમ પહેલાં બાંધેલું હોય છે, પરંતુ વાવેલું બીજ વરસાદ વગરની જમીનમાં બળી પણ જાય છે તેમ આ કર્મ કદાચ તૂટી પણ જાય છે, પરંતુ નિકાચિત તીર્થંકરનામકર્મ કે જે ત્રીજે ભવે એટલે તીર્થંકર તે પહેલાં દેવ-નારકી ને તે પહેલાં મનુષ્ય-ભવમાં કરાય છે તે તીર્થંકર થયા સિવાય રહેજ નહિ, તેને હાથે તારવા વિરૂદ્ધ કે ડુબાડવાનું બને જ નહિ, ત્યારે શાસ્ત્રકારો કહે છે કે નિકાચિત કર્યું કહેવાય.

દરેક તીર્થંકરોએ તીર્થંકરનામગોત્ર બાંધેલું, ત્રીજા ભવે નિકાચિત કરેલું, તીર્થ સ્થાપ્યું, તેનો રાહ સ્થાપ્યો, તો પછી તમે ગુણના પૂજારી કે વ્યક્તિના? ગુણના પુજારી હો તો

---

આર્યોને શરીર ત્યાગ કરવા યોગ્ય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બધા તીર્થંકરોનાં કલ્યાણકો સરખી રીતે આરાધો. જો કે મેરૂત્રયોદશી વિગેરે આરાધો છો, છતાં આ વીર જિનેશ્વરનું કલ્યાણક વધારે કેમ ઉજવો છો તેને અંગે શંકાકાર કહે છે કે તમે ગુણના પૂજારી નથી, તમારી મહોરના રૂા. ૩૫)ની કિંમત ગણો, ને બીજાની મહોરની રૂા. ૨)ની કિંમત ગણો, તો તમે કિંમત કરવાવાળા ન કહેવાઓ, પણ તમારી મહોરની કિંમત કરનારા કહેવાઓ, ગમે તેની મહોર હોય, પણ સરખી કિંમત કરવી પડે ત્યારે ચીજની કિંમત કરનારા કહેવાઓ, તેમ કલ્યાણકની કલ્યાણક તરીકે કિંમત કરતા હો તો ઋષભાદિક તીર્થંકરોના કલ્યાણકોની કરો, પણ એકલા વીરની એટલે પ્રભુ મહાવીરની વધારો, ને બીજાની ન વધારો. તો કહેવું પડશે કે કંઈક ગર્ભિત હેતુ હોવો જોઈએ

## મહાવીર પ્રભુને વધારે આરાધવાનું કારણ?

**સમાધાન:**-જેવી રીતે મારી, મારા કુટુંબની, મારા મિત્રની કે મારા શત્રુની મહોરની કિંમત કયાં કરૂં કે જ્યાં દેખાય. મારી હોય છતાં પેટીમાં હોય કે શત્રુ-મિત્રની હોય છતાં થેલીમાં હોય તેની કિંમત ન કરૂં એટલા માત્રથી કિંમત કરવાવાળો નથી એમ કહી શકાય નહિ, જો કે હું ચોવીસે જિનેશ્વરોના કલ્યાણકો આરાધવા લાયક ગણું છું, છતાં અત્યારે મને સંસારરૂપી સમુદ્રથી પાર પમાડનાર, વિષય, કષાય, આદિ પાપોથી બચાવનાર, મોક્ષમાર્ગ તરફ દોરનાર શાસનપતિ જો કોઈ હોય તો પ્રભુ મહાવીરજી છે માટે હું વિશેષે ઉજવું છું. એટલે બીજાની ઉપેક્ષા કરવા માગતો નથી. સર્વ તીર્થંકરોના કલ્યાણકોના દિવસ આરાધ્ય ગણું છું,

---

હે આત્મા! જેટલા ભવોએ ભવ્યોનું કલ્યાણ થવાનું છે. તેટલા ભવોએ નિશ્ચયે કલ્યાણ થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છતાં શાસનના માલિક કે જેનાથી મારૂં શ્રેયઃ થઈ રહ્યું છે, જે શ્રેયઃ ને લીધે દુઃષમાકાળ છતાં દુઃષમાકાળને ધન્યવાદ અર્પું છું. સૂતા હોઈએ, સાપ આવ્યો, ને ઓરમાન માતાએ સોટી મારી આપણને ઉઠાડ્યા તો તે વૈરી કે ઉપકારી? જો કે સગી માતા તો ભાઈ કહી સાચવી ઉઠાડે, પણ આ સોટી મારે, વાત ખરી પણ જિંદગી બચાવે તેનું કેમ કશું બોલતો નથી? સોટીનું નુકશાન વધારે કે જિંદગીનું રક્ષણ વધારે? કહેવું જ પડશે કે જિંદગીના રક્ષણની કિંમત જુદીજ છે, તેમ આ દુઃષમાકાળ એ ઓરમાન માતા જેવો જ છે. આપણને વિચિત્ર સંજોગોમાં મૂકે છે, એમાં મૂકયા છતાં શાસનના પ્રભાવે મિથ્યાત્વસર્પથી બચી જઈએ. આ વાત વિચારશો ત્યારે ભગવાન્ હેમચંદ્રસૂરીશ્વરમહારાજે કહેલ

## સુષમાકાળ કરતાં દુઃષમાકાળનું વિશેષપણું-

"सुषमातो दुःषमायां कृपा फलवती तव"

અર્થાત્ હે ભગવાન્! સુષમા કાળમાં જો કે આપની જગત ઉપર મહેર હતી. મને ડુબાવવાનું ધાર્યું ન હતું, મને તારવાનો પ્રયત્ન કર્યો, પણ મારૂં નસીબ પાતળું કે તેથી કાણા એવા પાલવે કંચન મળે તે કરતાં સાજા પાલવે ત્રાંબિયા મળે તો ભૂખ ભાંગી જીવતા રાખે. આપે તો કંચન વરસાવ્યું. કોઇ પૂછવા આવે તેને ઉપકાર કરી કંચન વરસાવ્યું. છતાં હું કાણા પાલવવાળો મારૂં શું? જો કે દાતા, દાન, ગ્રાહક, સામગ્રી સુરકેલ છતાં કાણું લુગડું હોય ત્યાં શું

---

કર્મના ઉદયને વિચારનાર દુઃખી એવો બુદ્ધિમાન્ પોતાના સ્વરૂપને પામે છે. અર્થાત્ આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થાય ? તે કરતાં દુઃષમાકાળમાં ત્રાંબૈયા મળે છે. અત્યારે નથી તો તીર્થંકરો, નથી તો સામાન્યકેવલી, નથી તો ગણધરો, નથી મનઃપર્યવજ્ઞાની, નથી અવધિજ્ઞાનીઓનો યોગ. જો યોગ હોય તો માત્ર ભાંગ્યુંતુટયું શ્રુતજ્ઞાન છે, સંપૂર્ણ પણ નથી. તે ત્રાંબૈયાજ વર્તે છે, રૂપિયા નથી તો હીરામોતીની વાત ક્યાં કરવી ?

કેટલાક એવા હોય છે કે 'સોનાનો વરસાદ વરસશે, ત્યારે પાલવ ધરશું.' તેઓએ યાદ રાખવું કે મળેલા ત્રાંબૈયા ન લે અને હીરાના ભરોસે રહેશે તો ભૂખે મરી અટવાઈ જશે, કુટુંબ પણ નાબુદ થશે, હીરા વિગેરેના વરસાદ વખતે તમારી કંઈ પેઢીઓ થઈ જશે, હીરા ન વરસે ત્યારે વરસતા ત્રાંબૈયા ઝીલી રહેશો તો કુટુંબ જીવતું રહેશે, ને પછી તે સોનૈયા આદિના વરસાદ વખતે તમારૂં કુટુંબ સોનું મેળવી શકશે. અત્યારે સોનાના વરસાદરૂપી નથી જિનેશ્વરો, નથી કેવળીઓ, નથી ગણધરો, નથી મનઃપર્યવજ્ઞાનીઓ, નથી અવધિજ્ઞાનીઓ, એવી સ્થિતિમાં જેઓએ જિનેશ્વર ભગવાનનું મળતું જ્ઞાન કે જે ત્રાંબૈયાના વરસાદ જેવું છે, તેમાં આત્મા સંસ્કારિત થયો હશે ત્યારે હીરામોતી ઝીલવા તૈયાર થશે, પણ જેઓ અત્યારે નહિ ઝીલે, તો ભવાંતરમાં તીર્થંકરનો સંયોગ છતાં પ્રાપ્તિનો સંભવ નથી.

હે ભગવાન્! સુષમાકાળ કરતાં દુઃષમાકાળમાં શાસન મળ્યું તે ખરેખર ફળવાળું છે, (જો કે અપમાન માટે, અવજ્ઞા માટે નહિ પણ) સુષમાકાળમાં આપ, આપ જેવા કેવલી,

---

પોતાનું મન, વચન ને કાયાનું બળ ક્ષીણ થયે છતે બીજાની કરાવેલી જ બધી ચેષ્ટા થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગણધરો વિગેરે લાઈફ્બોલ્ટો દરિયામાં હતી, તેથી કાંઇ.... ડુબવાનો ભય નહોતો, તે વખતે તીર્થંકરોનો પ્રતિબોધ લાગ્યો તો ખરો, કલ્યાણની વાત, નહિ તો કેવલી આદિનો લાગી જાય. જે તળાવમાં જગો જગોપર સાંકળો નાંખી છે ત્યાં ડુબવાનો ભય નથી. ત્યાં તરી જવું એમાં અધિકતા નથી. આથી તીર્થંકરોની જરૂરીયાત ઓછી નથી. સાંકળો તો એમણેજ નાખી હતી, તેમનાથી જ કેવળી આદિ ઉત્પન્ન થાયછે, તત્વજ્ઞ સાંકળ નાખનારનેજ દેખે, બચનાર સાંકળનેજ દેખે, તેવી રીતે અધિકતા ન હતી, પણ જે તળાવમાં એકજ સાંકળ હોય, ને હાથમાં આવવી ને બચવું કેટલું મુશ્કેલ છે, તેવી રીતે વિષમકાળમાં કોઈ તીર્થંકર, કેવલી, આદિ નથી, અને તમારા શાસ્ત્રની સાંકળ મળી ગઇ. કઈ વખતે? ચારે બાજુ જાનવરો ઘુઘવાટા કરી રહ્યા છે. દુઃષમાકાળમાં મિથ્યાત્વનો પાર નથી, તીર્થંકરના વારામાં ગોશાલક, જમાલિ, ગણ્યાગાંઠયા હતા, **પણ** અહિં વરસના મહિના બાર ને પાખંડી તેર, તેવા વખતમાં સાચું શાસન મળવું મુશ્કેલ કેટલું? આપ જેવા હોય તો નિર્ણય કરી લેત, પણ અહિં એવું નથી. એક ગામ જવું હોય, અજાણ્યું જંગલ હોય, સીધી કેયડી કે રસ્તો હોય તો અજાણ્યા પણ ગામ પ્હોંચી જઇએ, પણ ગામ એક ને રસ્તા એકવીશ હોય ત્યાં શું થાય? ભવિતવ્યતા હોય તો સીધી વાટ આવે નહિ તો આવવી મુશ્કેલ, તેવી રીતે આ આત્મા એવો અજાણ્યો કે

---

હાથીને સૂપડા જેવોવગેરે કહેનારા પક્ષો સાચા હાથી વખતે છોડવા લાયક થાય છે તો પછી આ શરીર આશ્રીને રહેલાને બહારની વસ્તુનું શું કહેવું? અર્થાત્ બહારની વસ્તુ તો છોડવાની જ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઔરનું ડીટું યે જાણતો નથી. મોક્ષમાર્ગ જાણતા નથી, પાખંડીઓથી વ્યાપ્ત એવા દુ:ષમાકાળમાં આપના શાસનનો યોગ મળ્યો તો કૃપાનો પાર નથી, પૂરેપૂરો ભાગ્યશાળી હોય તોજ ઘોર પ્રાણીઓથી વ્યાપ્ત, અને ફક્ત એક સાંકળવાળા તળાવમાં સાંકળ મેળવી તરી જાય, તેવી રીતે સાચી શ્રદ્ધા મેળવવી, એ પણ ભાગ્યશાળીપણાને લીધેજ.

मेरुतो मरुभूमौ हि श्लाघ्या कल्पतरोः स्थितिः

કલ્પવૃક્ષ ઉત્તમ છે; કોઈ દિવસ હીન છે નહિ, પણ ખરેખર લોકોના આશીર્વાદને કયું મેળવે? મારવાડમાં હોય તે કે નંદનવનમાં રહેલું? મારવાડનું આશીર્વાદ મેળવે, નંદનવનનું મેળવે નહિ, કારણ ત્યાં ઢગલાબંધ કલ્પવૃક્ષનાં ઝાડ છે, જ્યાં ઝાડની મુશ્કેલી ત્યાં કલ્પવૃક્ષની કિંમત ઓર છે, તેવી રીતે સુષમાકાળમાં સંસારથી તરીયે એવાં સાધનો મળે તે કલ્યાણકારકજ છે પણ દુ:ષમાકાળમાં તરવાનું સાધન મુશ્કેલ હોવાથી કિંમતી છે, જો કે મારવાડના અને નંદનવનના કલ્પવૃક્ષમાં ફરક નથી, પણ ઢગલા હોય ત્યાં કિંમત ઓછી થાય છે, દુ:ષમાકાળમાં સંસારસમુદ્રથી તરવાનાં સાધન આપ તરફથી મળે છે તે ખરેખર પ્રશંસનીય છે, સાધનમાં ફેર નથી, સોનાની ખાણ પાસે એક ચીભડાપેટે ચાર તોલા સુવર્ણ મેળવે તે કરતાં બીજે પાવલી મેળવે તો ખુશ ખુશ થઈ જાય છે, તેવી રીતે તીર્થંકરના વખતમાં પોતે હયાત, શ્રુતકેવલી આદિ હાજર, ત્યાં વધવા-ઘટવાની કિંમત નહિ, પણ દુ:ષમાકાળમાં તરવાનો આધાર નહિ, ફક્ત શ્રુતજ્ઞાન એજ તરવાનો આધાર.

---

કરવાને, નહિ કરવાને અને અન્યથા કરવાને-પલટાવાને જો તું સમર્થ નથી, તો પછી શાન્તિનો આશ્રય કર!

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## શ્રુતજ્ઞાનના ઉત્પાદક ભગવાન્ મહાવીર

શ્રુતજ્ઞાન સર્વોપરિ હોવાથી, તેના ઉત્પાદક, મૂળ હેતુરૂપ ભગવાન્ મહાવીર હોવાથી, તેમના જન્મ કલ્યાણકનો દિવસ ઉજવવા વધારે તૈયાર થઈએ છીએ. શાથી ઉજવીએ છીએ ? ગર્ભમાં નવ માસ રહ્યા તેથી, પારણે હિંચોળાયા તેથી ? ના ત્યારે ! આરિસો ચોક્ખો કરીયે તો મોઢું ચોક્ખું દેખાય તેવી રીતે ભગવાન્ તીર્થંકરોમાં જે જે મોક્ષની જડો રહી છે, તે જ્યારે આપણે તપાસીએ, ને દષ્ટિ કરીયે ત્યારે આપણા આત્મામાં તે જડ રોપી શકીયે, મહાવીરપ્રભુ મોક્ષને અંગે મોક્ષને ઉદ્દેશીને, ક્ષાયોપશમિક કે ક્ષાયિકપદને અંગે–ઉદ્દેશીને જ આરાધ્ય છે, દુનિયાદારીને અંગે જો આરાધ્ય હોય તો પ્રથમ યુગલિકો પૂજાવા જોઈએ. કારણકે તેઓને રોગ નહિ, જંગલી જાનવરોનો ભય નહિ, શોક નહિ. આજ કારણથી, તેઓ પૂજાવા જોઈએ અને ઋદ્ધિ સમૃદ્ધિ, કુટુંબ-કબીલા આદિને અંગે જો આરાધ્ય ગણીએ તો ચક્રવર્તીઓને પહેલા પૂજવા જોઈએ કારણકે :—

ચક્રવર્તીઓ પાસે અનેક પ્રકારની ઋદ્ધિ હોય છે, છ ખંડના અધિપતિ, નવ નિધાનના માલિક, ૧૪ રત્નોના સ્વામી, ૧ લાખ ૯૨ હજાર સ્ત્રીયો વિગેરે સંપૂર્ણ ભોગનાં સાધનોવાળા હોય છે.

## દુનિયાદારીને લીધે તીર્થંકરો "આદર્શ" નથી ગણાતા.

પરંતુ આપણે તેને લીધે આદર્શ નથી ગણતા, આપણે મહાવીરની આદર્શતાનો સ્વીકાર કરતા હોઇએ તો અવજ્ઞા

---

હે જીવ ! તેં પોતે કરેલાં જ પાપો તારે વેદવાનાં છે. અર્થાત્ ભોગવવાનાં છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તરીકે નહિ પણ કહેવું પડે કે, કચરો હોય તે ખસેડવા માટે જ કરીએ છીએ કે ક્ષાયોપશમિક કે ક્ષાયિક સિવાયની સ્થિતિનું અનુકરણ કરવાનું હોય તો એક માના પેટમાંથી બીજી માના પેટમાં જવું, દેવાનંદાની કૂખમાંથી ત્રિશલાની કુક્ષીમાં જવું એ.

શંકા થાય કે તે તો ઈન્દ્રાદિકે કર્યું ને ?

સમાધાન–મહાવીર મહારાજાએ એવું પ્રભાવિક કર્મ બાંધ્યું ત્યારે થયું ને ?, નહિતર બ્રાહ્મણીના કુલમાંથી ક્ષત્રિયની કુક્ષીમાં જવું થાત ? છતાં એ પરાધીન ગણો, ચાલો સ્વાધીનમાં તેમને પુત્ર કેટલા ? નહિ, ત્યારે છોકરાવાળાનું કલ્યાણ થવાનું નહિ, અર્થાત્ ભક્તોમાં જે છોકરાવાળા તેઓનું કલ્યાણ નહિ થાય, અર્થાત્ કર્મોદયથી થવાવાળી ચીજોને અંગે આદર્શપણું નથી, પરંતુ કર્મરાજાની સાથે યુદ્ધ કર્યું, તેને જમીનદોસ્ત કર્યો ને પોતાના શૂરવીર સરદારોને મજબુત કર્યા, કેવી રીતે ? ને કેવા ? કે કર્મની સામા ઉભા રહે ને તેને જમીનદોસ્ત કરે, ચક્રવર્તીઓ ને તેના સેનાપતિઓની જેમ, તેને જ અંગે આદર્શપણું.

## મહારાણા પ્રતાપસિંહનું અનુકરણ શા માટે ?

મહારાણા પ્રતાપસિંહનું, શિવાજીનું અનુકરણ શામાં ? અણનમપણામાં. પરંતુ ખીણમાં નાસી જવાનું કે કુશકાના રોટલા ખાવાનું કે બિલાડી લઈ જાય ત્યારે રોકકળ કરવાનું, તેમાં નહિ અર્થાત્ ધર્મધ્વંસ કરનારને નમું નહિ, જામેલી વિરોધીઓની સત્તા ઉઠાડું એમાં અનુકરણ.

---

સંસાર (જગત)માં થવાવાળા ભાવો–આત્માના પરિણામો કર્મોદયથી રહિત હોતા નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ ઉપરથી અજ્ઞાનદશામાં કરેલ નાકમાંથી મોંઢામાં હાથ ઘાલવાની જેમ કર્મોદયથી (ઘાતીથી) જે બનાવો બન્યા હોય તેને જૈનશાસનના જયવંત જોદ્ધાઓ જીગરથી નહિ ચાહે, તે જોદ્ધાઓ તો કર્મરાજાને જીતવાને અંગે જે કાંઈ વર્તન તે વર્તનને ચાહે છે, કેટલીક વખત આપણે ભૂલ ખાઇયે છીએ તે બગલાનો રંગ લેતાં આકાર લઈ બેસી આંધળા જેવી સ્થિતિ કરીયે છીએ.

"આંધળા બાવાની ટોળી હતી. દેખ્યું કે નિભાવ થતો નથી તેથી દેખતાની ટોળીમાં મળ્યા, કોઈએ નિમન્ત્રણ કર્યું, આંધળાની ટોળીમાં એક જાતિઅંધ હતો; તેને અનુમાન ન હોય, પાછળથી થયેલાને હોય, તેથી ધાર્યું કે આને અહિં રહેવા દો, બધા જમવા ગયા, ખાઈપીને આવ્યા, જન્મથી આંધળાને કુતુહલ થયું ? શું ખાધું ? અરે "આજ ખીરપુરી ખીલાઈ" ખીર કેવી ચીજ છે? તો દેખતાએ કહ્યું કે, "ગોકા દૂધ, બગલા જેસા સફેદ. ગાયની તો અનુમાનથી ખબર પડે પણ "બહ બગલા કયા" આકાર બતાવ્યો, અરે (ચીઢાઇને કહ્યું) એસા તુમને ખાયા મેરા તો ગલા બી ફટ જાવે, બાત મત કરો, પેલાએ કહ્યું "ભાઈ એતો રંગ! અરે."

આવી રીતે પ્રભુ મહાવીરના જીવનમાંથી તારનારી વસ્તુને બદલે કર્મોદયની ચીજ લેવા જઈએ તો તેવી સ્થિતિ થાય.

કલ્યાણક શાથી ઉજવીએ છીએ? સંસારીપણાને અંગે નહિ, તેનું અનુકરણ કરવા નહિ, પરંતુ આત્માના ઉદ્ધાર માટે એમણે તારક તરીકે જે ઉપદેશ આપેલા તે ઉપદેશના વચનો ધ્યાનમાં રાખવા, તારક તરીકેનાં વર્તનો કરેલાં તેનું

---

જ્ઞાની પુરુષોએ ભાવેલું થવાનું નિયમિતપણું જેવી રીતે જોયું છે તેવી રીતે થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S.                                        Jin Gun Aaradhak Trust

અનુકરણ કરવાનું, જેમને રાઈપ્રતિક્રમણની ટેવ હશે તેને ધ્યાનમાં હશે, તેમને તપચિંતામણીના કાઉસ્સગમાં શું ? પ્રભુ મહાવીર છ મહિના તપસ્યા કરી. હે ચેતન ! તું કર !' પરણવું આદિ ન લીધાં. કેમ ? તારકદૃષ્ટિથી માનીએ છીએ તેથી ત તરીકે નું અનુકરણ કરવું તે જ ભક્તિ.

## "જ્ઞાતન-દન" એ નામ હયાતિથીજ છે.

આટલા માટે ભગવાન્ હેમચંદ્રસૂરિમહારાજે 'वन्दे श्रीज्ञातनन्दनम्' તે મહાવીર પ્રભુને હું નમસ્કાર કરૂં છું– "જ્ઞાતનંદન" શબ્દ શાથી વાપર્યો ? કારણ કે માત.પિતાએ કરેલ નામ "વર્દ્ધમાન" છે. ખુદ મહાવીર નામ પણ માતા પિતાનું નથી, પણ અવિરતિ દેવતાઓએ સ્થાપેલું છે, એ આચારાંગ આદિના પાઠોથી સિદ્ધ છે, તો આ નામની જરૂર શી ?

વિચારો ! સોનાની કિંમત વધારે કે તેના બનાવેલ ઘાટની ? વર્ધમાન એ ગર્ભમાં આવ્યા પછી ઋદ્ધિ, સમૃદ્ધિના વધારાને લીધે પાડયું અને તે નામ થાપનાર ત્રિશલારાણી, ને સિદ્ધાર્થ–મહારાજ પાંચમે ગુણસ્થાનકે હોવાને લીધે, ને દેવતાઓ ચોથા ગુણસ્થાનકમાં હતા, છતાં મહાવીર એ નામ કેમ મનાયું ?. કહો કે એ ગુણથી બનેલું છે, અને ગુણને લીધે બનેલું નામ જગો જગોપર લેવામાં આવ્યું છે, અર્થાત્ ગુણની પ્રશંસાદ્વારાએ અવિરતિ દેવતાઓએ કરેલ નામ બધાઓએ કબુલ રાખ્યું. 'વંદે શ્રી જગદ્ગુરુમ્' નહિ કહેતા આ કેમ કહ્યું ? એ પ્રશ્ન અહીં એટલાજ માટે કહું છું કે તે સ્વતંત્ર શબ્દ છે. જેને માટે ખુદ હેમચંદ્રસૂરી-

---

હર્ષ કે ખેદમાં રોગનું સહન કરવું તેમાં ભેદવાળું નથી. અર્થાત્ નાખુશીથી સહન કરવામાં ઓછું થતું નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્વરજી મહારાજ પણ સ્વરચિત અભિધાનચિંતામણિમાં જણાવે છે કે :– महावीरो वर्द्धमानो देवार्यो ज्ञातनन्दनः આ નામ એકલા તેમણે કહ્યું એમ નથી પણ ખુદ તેઓશ્રીની ખ્યાતિમાં ને જન્મથી જ પ્રસિદ્ધ હતું. મહાવીર નામ જૈનસૂત્રોમાં પ્રસિદ્ધ છે, વર્દ્ધમાન નામ માતાપિતાને લીધે છે, અને જગતમાં પ્રસિદ્ધિ પામેલ હોય તો ज्ञातनन्दन એજ નામ હતું. "જ્ઞાતપુત્ર" શાથી ?

જ્ઞાત નામના કુલમાં ઘણા પુત્રો હતા તેમાં આપની પુત્ર તરીકે પ્રસિદ્ધિ હોવાની શી ? ઉંડા ઉતરો, કારણ વિચારો બ્રાહ્મણ–કુળમાંથી દેવે ઉપાડી જ્ઞાતકુળમાં લાવી તીર્થંકર-પણામાં ધરેલ પુરુષ કોઇ હોય તો આ એકજ છે, નંદીવર્ધન આદિ જ્ઞાતકુલમાં હતા, છતાં તીર્થંકરની પ્રસિદ્ધિ પામેલ એકજ છે–કદાચ કહેશો કે :– ભગવાનના ગર્ભની વાત, કોઈને ખબર નહિ હોવાને લીધે (કારણ કે તે પલટતી વખતે અવસ્વાપિની નિદ્રા આપે છે, તેથી કોઈને ખબર પડતી નથી) ખબર ન પડે તો આવી સ્થિતિમાં પ્રસિદ્ધિ ક્યાંથી પામ્યા ? વિચારો ! તમે દર વર્ષે કલ્પસૂત્ર સાંભળો છો પણ જરા વિચાર કરો કે :–

જે વખતે પ્રભુ મહાવીરનો જીવ દેવાનંદાની કુક્ષીમાં આવે છે ત્યારે દેવાનંદાને ચૌદ સ્વપ્ન આવે છે. ઉઠાવીને દેવ લઇ જાય છે ત્યારે એમ થાય છે કે ત્રિશલારાણી ચૌદે સ્વપ્ન ઉપાડી ગઈ છે, અર્થાત્ પુણ્યપ્રભાવક જે ગર્ભ હતો તે ત્રિશલાને ગયો, સવારે છાતી ફૂટે છે, આ વાત જાહેર થાય કે નહિ ? બીજી બાજુ તે દિવસે મહાવીરનો ગર્ભ ત્રિશલાની

---

કર્મરૂપી શત્રુ તારા આધીન નહિ હોવાથી આ રોગો છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કૂખે આવે, ૧૪ સ્વપ્નો દેખે છે, ને સવારે સિદ્ધાર્થ રાજાને કહે છે, સિદ્ધાર્થ રાજા સ્વપ્નપાઠક બોલાવે છે. સ્વપ્નપાઠકો કહે છે કે:–

ત્રણ મહિનાનો ગર્ભ હતો પણ કાલે એવો ગર્ભ આવ્યો કે તે જીવ ચક્રવર્તી અગર તીર્થંકર થાય.

## બૌદ્ધો પણ તીર્થંકર મહાવીરને જ્ઞાતપુત્ર તરીકે સંબોધે છે.

આ બધા ઉપરથી એટલે, દેવાનંદાનું કલ્પાંત, ત્રિશલાનું સ્વપ્નદર્શન, કથન, સ્વપ્નપાઠકનું આવવું, આવું કહેવું આ વાત જાહેર હોવાથી ને છ મહિને અવતાર થયેલ હોવાથી સર્વને પાકો નિશ્ચય થયો, આ જાહેર થવાને લીધે, ને દેવતાઇ મહિમાને લીધે જ્ઞાતનન્દન નામ જાહેર હતું. નન્દીવર્ધનનું તો નામ જ્ઞાતનન્દન સામાન્ય હતું તેથી બૌદ્ધ જેવા જૈનોના કટ્ટર વિરોધીઓને પણ ( निग्गन्थनायपुत्तेण ) એ નામ બોલવું પડયું. ભગવાન્ હેમચંદ્રે શા માટે કહ્યું ? અનાજ લેવા, ગામ લેવા, દેશ લેવા નહિ પણ મારા આત્માના કલ્યાણરૂપી વૃક્ષને નવપલ્લવિત રાખવા માટે જો કોઈ પણ હોય તો મહાવીર જ્ઞાતનન્દન રૂપી બગીચોજ છે, બીજે તો સૂકાઇ જાય, તથા શ્રુતજ્ઞાનરૂપી ગંગાના પ્રવાહને ચલાવનાર હિમાલય જેવા ભગવાન્ છે અને સમસ્ત જગતના પ્રાણીરૂપી કમળોને વિકસ્વર કરવા સૂર્ય સમાન છે આવા નિરૂપમેય, હિમાલયને રવિની ઉપમાવાળા ભગવાનને હું નમસ્કાર કરું છું.

---

હઠથી વેદના ભોગવવા માટે **વીર** ભગવાન્ લાટ અનાર્ય દેશમાં ન ગયા ? અર્થાત્ ગયા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## વ્યાખ્યાન ૬ઠ્ઠું

### મહાવીર–જન્મકલ્યાણક

पान्तु वः श्रीमहावीर-स्वामिनो देशनागिरः।
भव्यानामान्तरमल-प्रक्षालनजलोपमाः ॥ २ ॥

**મહાનુભાવો** આજનો દિવસ મહાન્ પવિત્ર છે. આજે આપણા આત્માને ઓળખનાર મહાપુરુષનો જન્મ થયો છે. જીવ નિત્ય છે–શાશ્વત છે, અવિનાશી છે, એ બધું સાચું; પરંતુ તેનું વાસ્તવિક ભાન કરાવનાર મહાપુરુષ આજે પ્રગટ્યા છે. હોય તેવો કિંમતી પદાર્થ હોય, પણ તેનો વસ્તુતઃ ખ્યાલ આવે નહિ ત્યાં સુધી કિંમતી તરીકે માલૂમ પડે નહિ. આ જીવ નિત્ય શાશ્વત વિગેરે તરીકે હતો તે ચોક્કસ છે; છતાં આંધળાના હાથમાં આવેલ હીરો, કાંકરાથી અધિક ન હોય, તેવીજ રીતે આ ત્રિલોકનાથ જન્મ્યા ન્હોતા અને આત્મસ્વરૂપ બતાવ્યું ન્હોતું, ત્યાંસુધી આપણને આત્માને 'નિત્ય–શાશ્વત' વિગેરે તરીકે માનવામાં 'જીવ' પદાર્થની વધારે સમજ લગીર પણ ન્હોતી. જેમ ખાણમાંથી પત્થર નીકળે, મકાનમાં ગોઠવાય અને પાછો ધૂળમાં પડે; તેમ આ જીવ પણ નિગોદમાંથી નીકળે–ભટકે અને પાછો નિગોદમાં જતો. જીવની આ રીતે પત્થર જેવી દશા હતી, નિગોદ અને નિગોદની બહાર અથડાતો–પીડાતો હતો. આ સ્થિતિમાં એને પોતાના વાસ્તવિક

---

હે સાધુ! તારા વગર પ્રયત્ને આ વ્યાધિ તારા કર્મને ફાડનાર–નાશ કરનાર છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્વરૂપનું ભાન કદી થયું ન હતું, બહારના પત્થર જેટલું ખાણમાં કે દરિયામાં રહેલું સોનું ઉપયોગી નથી, તેમ આ આત્મા–ચેતન, જ્ઞાનવંત અનંતશક્તિનો માલિક, એ બધું ખરૂં; પરંતુ તેના ઉપર તીર્થંકરનો પ્રભાવ ન્હોતો પડ્યો ત્યાં સુધી પત્થરથીય બેસ (હલકો) હતો.

બનાવટી સોના જેટલું ખાણમાં રહેલું સોનું ઉપયોગી ન થાય. અનંત તીર્થંકરોએ પોતાના અનંતા શરીરોનાં પુદ્‌ગલો ઔદારિક શરીરપણે પરિણમાવ્યા, તે પૂજ્ય થયા. જ્યારે આ આત્માની દશા રખડતી છે. આવો ફેર કેમ? વિચારો. જાનવરને પણ પાંચ ઈંદ્રિન્યો અને છઠ્ઠું મન છે, છતાં તેને 'હું કોણ?' એ વિચારવાનું હોતું નથી, તેમ આપણે અનંતી વખત મનુષ્ય થયા. શેઠ–રાજા–દેવતા વિગેરે થયા, પણ 'કોણ?' એ ન વિચાર્યું!

ચ્હાય તેવું સુંદર મુખ હોય–છતાં આરિસાના જોગ સિવાય તેની સુંદરતા ખ્યાલમાં આવતી નથી. તેમ આત્માની સ્થિતિ, આગમ આરિસા વિના તેવી છે ચ્હાય દેવતા–તિર્યંચ કે મનુષ્ય હોય–પરંતુ તે આગમ–આરિસા સામે જ્યાં સુધી ન જુએ ત્યાં સુધી આત્માનો ખ્યાલ પામી શકે નહિ. આમ તો આરિસામાં નવું કાંઈ નથી, પણ તે એવી ચીજ છે કે–તમારૂં સ્વરૂપ હોય તેવું દેખાડે. એમ જ આગમ–આરિસો નવું કાંઈ દેખાડતો નથી. આપણામાં જ્ઞાન ન હોય અને દેખાડે છે, તેમ નથી. આરિસામાં જેમ જે વસ્તુ, સામે હોય તે જ દેખાવાની, તેમ આગમ–આરિસામાં પણ જે વસ્તુ આત્મામાં હોય તે જ દેખાવાની. દેવને માનવામાં તો જૈનો અને ઈતરો

---

આ રોગની શ્રેણી કરેલી પાપની શ્રેણીના ભારથી થયેલી છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બધા સરખા છે. બાળક રમતમાં ઢીંગલા ઢીંગલીમાં રાજી પણ તે ભણવાનો રસ ન જાણે, કુટુંબની સ્થિતિનો ખ્યાલ ન આવે ત્યાં સુધી જ. ભણવા વિ.નો રસ જામ્યો, એટલે ઢીંગલા ઢીંગલીનો વિચાર થતો નથી. બીજાઓ 'પરમેશ્વર ઢીંગલા-ઢીંગલી આપે છે,' એ હિસાબે દેવને માને છે, છોકરો ૫×૫=૨૫, ન બોલે અને છવીશ બોલે, ત્યાં આંખ ફરી જાય છે, પણ 'ઓ ઇશ્વર તું એક છે, સરજ્યો તેં સંસાર' એમ બોલે, ત્યાં આંખ ફરી? કેમ નહિ? તમારા હિસાબે તો ૫×૫=૨૫ ને બદલે ૨૬ બોલીને એકનો જ ફરક પાડે તે જુલમ, પરંતુ ઈશ્વરને સંસાર સરજનારો કહીને આખો ફરક પાડે તે જુલમ નહિ, એમજ ને? છોકરાઓને જેમ ઢીંગલા-ઢીંગલીની રમતમાં આગળ વધવાનો ચાન્સ નથી, તેમજ પૃથ્વી-પાણી, પર્વતો વગેરે ફાની દુનિયાને તૈયાર કરી આપનાર પરમેશ્વરને માનવામાં આગળ વધવાનો ચાન્સ નથી બીજાઓને આ રીતે સંસારની માયામાં મુંઝવનારમાં પરમેશ્વરની માન્યતા કરી. જ્યારે જૈનમત, એ છોકરાઓની રમતથી તદ્દન અલગ છે. જૈનોએ તો આત્માના સ્વરૂપનું ભાન કરાવે તેમાં પરમેશ્વરની માન્યતા કરી. જેમ આરિસો મોઢાનું ભાન કરાવે છે, તેમ આગમ-આરિસો આત્માનું ભાન કરાવે છે.

**એક બીજી વાત:**—આરિસામાં એકજ વખત મોઢું જોઈને પછી જોવું બંધ કરતા નથી. બગડયું નથી ને? શુદ્ધ થયું છે કે કેમ? તે તપાસવા હંમેશ આરિસો દેખવો પડે. તેમ

---

જિનેશ્વર ભગવાનના દેખ્યાં સિવાયનો ઓછો અધિક બીજો કોઈ પણ ભાવ નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મારૂં આત્મસ્વરૂપ બગડયું છે કે કેમ ? તે તપાસવા રોજ આગમ-આરિસાની જરૂર છે. પચીશ વર્ષ જીવવાવાળો પચીશ, અને પંચોત્તેર વર્ષ જીવવાવાળો પંચોત્તેર વર્ષ આરિસો દેખે. જેટલું જીવે તેટલા વર્ષ આરિસો દેખે આરિસામાં એક જ વખત જોઈને જીંદગી પૂરી કરાતી નથી. દેવતાઓ પોતાના સાગરોપમના આયુષ્યમાં તીર્થંકરોની સેવામાં એકજ વખત હાજર થાય, તેમાં સંતોષ માની લેતા નથી અસંખ્યાતી વખત હાજર થાય. એક એક ઈંદ્ર, અસંખ્યાતી વખત જીનેશ્વરોના જન્માભિષેકો કરે, અસંખ્યાતી વખત દેશના સાંભળે આપણે સો વર્ષના આયુષ્યમાં જન્મીએ ત્યારથી મરણ સુધી પૂજા **કરીએ** તો ૩૬૦૦૦ દિવસથી વધારે નહિ. છતાં તેમાં તો આપણે 'પછી કરશું, ન થઇ તો કાલે કરશું', આ સ્થિતિ હોય છે! જેને આપણે આજે આપણા તારક તરીકે સ્તવીએ છીએ તે પૂજ્યની સેવામાં આપણી આ દશા કેમ? એ આજ સુધી ભૂલ્યા તો હવે નક્કી કરો અને સેવ્યની સેવામાં તન્મયપણે લાગી જાવ. અન્યથા 'પ્રભુ, જન્મથી પણ ત્રણ જ્ઞાનવાળા હતા, રાજકુમાર હતા, સેવામાં દેવો હાજર રહેતા, નંદનઋષિના ભવમાં લાખ લાખ વર્ષ ઘોર તપ તપ્યા હતા, ગર્ભમાંથી જ માત-પિતા પ્રતિ પરમ ભક્તિવાળા હતા, ભરયુવાવસ્થામાં ચારિત્ર લીધું, સંગમ આદિના ઘોર ઉપસર્ગો સહન કર્યાં, અનાર્ય દેશમાં પણ વિચરીને જનસમૂહ ઉપર અતુલ ઉપકાર કર્યો, ચંડકોશિયાને પણ ઉદ્ધર્યો, સાડા બાર-બાર વર્ષ સુધી ઘોર તપ કર્યું, અંતિમ સમયે પણ સોળ સોળ પહોર દેશના આપી' વિગેરે વાંચેલું કે સાંભળેલું બોલીને જ

---

સિદ્ધના સ્મરણથી પણ પ્રાણીઓને જે સિદ્ધપણું થાય છે તે આશ્ચર્ય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિખેરાઈ જવું, તે શુષ્ક આલાપ સિવાય વિશેષ ફળવાન ન નિવડે. એવું માત્ર વાણીના વિલાસો વરસાવીને જ ઉજવાતું કલ્યાણક, એ તો આજનાઓ ઉજવે છે તે જયંતિ જેવું ગણાય. ત્રણ જગતના જીવોને પરમ કલ્યાણકારી એવા ત્રિલોકનાથનાં અદ્ભૂત જીવનચરિત્રને નુરીયા-જમાલીઆઓની જયંતિઓની હરોળમાં જીનેશ્વરના સેવકો તો ન જ મૂકે. ત્રિલોકનાથની પૂજા માટેના ૩૬૦૦૦ દિવસોમાં પણ જો આપણી એવી નબળી સ્થિતિ રહી, તે દેવત્વમાં અસંખ્યાતી વખત પૂજાનો વખત આવે' તે આપણે મન વેઠ થવાની. ઝવેરાતના વેપારીને મોતીની એક ડબી પણ બહુ જ કિંમતી છે, પણ ગધેડાને તો મોતીની ગુણ પણ ભાર રૂપ જ થવાની.

છત્રીશ હજાર દિવસની પૂજા ભારરૂપ થાય તો દેવ વખતે અસંખ્યાત વખતની પૂજા તો ગધેડાના ભારરૂપ જ થાય કે બીજું કાંઈ? કહો કે-પ્રભુનું કલ્યાણક તો ઉજવીએ છીએ, પરંતુ ધર્મમાં રસ નથી. ઝવેરી દાબડીને જ જીવન ગણે છે, શાથી ? રસ છે. નિત્ય પૂજા કરનાર બહારગામ ગયો હોય તો પહેલો બીજાને-બીજો ત્રીજાને કહી દે કે 'અમુકને કહેજો ને, બીજાને કહેજોને ! આ શું પૂજા કરવા ગયા 'હજુ તો પખાલ થાય છે' એમ કહી બહાર અર્ધો કલાક-કલાક ગપ્પા મારો છો; અને 'પખાલ થઈ' એમ સાંભળો એટલે 'હવે ચાલો !' એનો અર્થ શો ! રખેને માથે પૂજાનો ભાર આવી ન જાય, એજ ને ? આ પરિણતિ છે, તેમાં પૂજાનો લાભ શી રીતે લેવા માગો છો ? પૂજાને અંગે આમ થાય ત્યાં સમજવું કે ભગવાનની કિંમત કરી નથી. આત્માનું ભાન નથી, તેને

---

નિગોદમાં-જીવોમાં રહેલો અક્ષરનો અનંતમો ભાગ છે. કે જ્યાં હેતુનું કાર્ય નથી. અર્થાત્ સ્વાભાવિક છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આરિસાની કિંમત આવી નથી.

કિમિયાની શોધમાં ભટકતા લાખો હોય છે, કિમિયાગરો બહુ થોડા તેમાં પણ દુન્યવી કિમિયાગરો બહુ તો પત્થરની ચાંદી બનાવી દે. પત્થરનો હીરો બનાવી દે, પણ તે ચાંદી કે પત્થર પ્રભાવક ન હોય. જ્યારે આ તીર્થંકર કિમિયાગર તો પત્થરને પારસ બનાવી દે. એટલે કે–પ્રભાવક બનાવી દે. ત્રણ જગતમાં પત્થરને પારસ બનાવનાર જો કોઈ હોય તો ત્રિલોકનાથ જ છે. તેની પૂજ્યતા હજુ મગજમાં આવતી નથી. તેનો ઉપકાર લક્ષમાં આવતો નથી. દહેરૂં અધો ફર્લાંગ દૂર હોય ત્યાં તો ત્યાં જતાં પગ તૂટવા માંડે છે, પછી કેટલાય રાજ છેટે દેવલોકમાંથી આ પારસ કરનાર કિમિયાગરના ચરણમાં કેવી રીતે આવશે ? પીઠ પર પડેલા પારસની કિંમત ગધેડાને ન હોય, પણ સેંકડો કોશ દૂર પડેલા પારસની કિંમત સુજાણને હોય. દેવોના ખ્યાલમાં છે કે પત્થરને પારસ કરનાર ત્રિલોકનાથ એક જ છે, એથી તેઓ સેંકડો કોશ દૂરથી સેવા કરવા આવે છે.

**તે ત્રિલોકનાથ ભગવંત મહાવીરનો આજે જન્મ-દિવસ છે. આજે પરમપનોતા પારસનો જન્મ છે, તેથી આજનો દિવસ પવિત્રતમ છે.** ખેતી કરો તેમાં અનાજ આવવાને તો હજુ વાર છે પરંતુ ખેતરમાં અંકુરા છવાઇ જાય કે–હૃદય પ્રસન્ન થઇ જાય છે. અંકુરા છાતીને ઉછાળે છે તો મહાપુરુષો પારસરૂપે પ્રગટ થાય ત્યારે જીવોનાં કાળજાં કેવાં કલ્લોલ કરે ? તીર્થંકરદેવના જન્મની સાથે વિબુધ કહેવાતા ઈન્દ્રો અને દેવો મોટા–મોટા કલશાઓ

ભવ્યજનમાં સારી ભાષા હોય છે. કારણથી–સાદી ભાષા–રૂપ કારણથી ઉત્તમ કાર્ય થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લાવીને મહાન્ અભિષેક આ હર્ષાતિરેકમાં આવીને કરે છે. અંકુરામાં અનાજ જોઇને કલ્લોલ થાય તેમ આ પારસના જન્મમાં જ પૂર્ણપ્રભુતા જોઈને તેના જાણુ દેવોને એવો કલ્લોલ થાય છે. ઘાસના અંકુરે કોઈ વાડ કરતું નથી, અનાજના અંકુરે વાડ હોય છે, તેમ જન્મે છે તો બધા પણ આ પારસના જન્મ વખતે જ દેવતાઓનો આ હર્ષાતિરેક અને અદ્ભૂત અભિષેક વિ. હોય છે.

એવા પ્રગટ પારસનો આજ જન્મદિવસ છે. સાઠવર્ષની ઉંમરે પુત્રજન્મ સાંભળે, ત્યાં કેવો આનંદ હોય છે? એમ આપણે તો આ મહાપુરુષનો જન્મ અનંતકાળે સાંભળવા પામીએ છીએ, પછી કેવો આનંદ હોય? વર્ણવી ન શકાય તેવો. અનંતાકાળ સુધી આત્મગુણપ્રાપ્તિરૂપ પુત્ર વિના રહેલું આપણું વાંઝીયાપણું દૂર થવાનો સંજોગ આપણને આજે આ મહાપુરુષના પ્રતાપે મળ્યો. આથી શાસ્ત્રકારો ત્રિલોકનાથના આ જન્મદિનને કલ્યાણકતિથિ કહે છે. આપણી માતા-બ્હેન-છોકરી વિગેરે, જાતની તો વૈરી જ છે; છતાં માતાને વૈરી કહીએ ખરા? ત્યાં તો તુરત જ કહી દઇએ કે એમ ન જ કહેવાય' કેમ? માતા વૈરી નથી? છે જ. છતાં ત્યાં તો ચપ દઇને કહી દેવાય છે કે-'બોલતા નથી આવડતું.'

તેમજ ત્રિલોકનાથની આવી મહત્તાને અંગે તેમના જન્મદિનને માટે વપરાતા 'કલ્યાણક' શબ્દને સ્થાને રાગદ્વેષમાં રવડી રહેલાઓને માટે વપરાતો 'જયંતિ' શબ્દ જોડી દેવાય છે, ત્યાં 'બોલતાં નથી આવડતું' એમ તુરત જ કેમ કહી

પાંચમે અનંતે રહેલા સિદ્ધોને જાણતો ભવ્ય જીવ ધર્મ કરવાવાળો કેમ ન થાય? અર્થાત્ થાય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દેવાતું નથી ? આવા મહાપુરુષના કલ્યાણકને ખ્હાને નુરીયા-જમાલીઆઓના પણ ધોળ ગાવા કેમ મંડી પડાય છે ? શું તેવાઓ આ ત્રિલોકનાથ જેવા પારસ છે ? ભવનિસ્તારક છે ? પાંચ કલ્યાણકવાળા છે ? એવું બોલનારાઓને હૈયામાં જૈનત્વ ભર્યું છે કે સરાસર અજૈનત્વ ભર્યું છે ? એમ પૂછો પણ કેમ નહિ ?

ગમે તેને સાંભળવો, એ લત ભવભીરૂને હાનિકર્તા છે. ત્રિલોકનાથ જેવા તારક પારસનું ‘જયંતિ’ તરીકેનું તેનું ગુણકીર્તન કરવા ઉભા થનારની યોગ્યતા કલ્યાણકામી જનોએ દોરવાઈ જતાં પહેલાં ધ્યાનમાં લેવા જેવી છે. ‘જયંતિ’ શબ્દ લૌકિક છે. ‘કલ્યાણક’ જેવા લોકોત્તર શબ્દને ખસેડીને તેને સ્થાને તે લૌકિક શબ્દ ગોઠવી દેવો તે તો હીરાને સ્થાને ઇમીટેશન ગોઠવી દેવા જેવું છે. આત્માર્થીજનોએ ભૂલેચૂકે પણ તેવી ભૂલ ન કરવી જોઈએ.

કલ્યાણકને અંગે આ૦ ભગવાન્ હરિભદ્રસૂરિજી જણાવે છે કે–પ્રભુના કલ્યાણકને દિવસે તમારા જેટલી શક્તિ હોય તેટલી શક્તિ પ્રમાણે પ્રભુના–પૂજા,–ભક્તિ–આદર–સત્કાર વિગેરે ન થાય અને એ સિવાયના બીજા દિવસે થાય તો તે પૂજા–ભક્તિ વિ. ને જૈનધર્મ સાથે લાગતું–વળગતું નથી. બજારના નાકે રહેલા પોતાના ઘર પાસેથી બાર મહિનામાં કલ્યાણકના બારજ વરઘોડા નીકળે, તોપણ તેમાં રૂંવાંટુ ફરકતું નથી, અને ઘેર લગ્ન હોય તો તેમાં માંડવો કરે, પીપુડીવાળો લાવે, વરઘોડામાં આનંદભેર બણીઠણીને નીકળી પડે ! આ

---

પ્રતિપતિત જીવ પાંચમા અનંતા જેટલા છે. એ જાણીને અહીં ભવ્ય પ્રાણી ઉદ્યમવાળો થાય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આનંદ કયાંથી ? તો કહો કે-લગ્નમાં પ્રીતિ છે. તેવી રીતે જીનવરને અંગે લાગણી – બહુમાન-પ્રીતિ – ભક્તિ વિ. હોય તો તે ભગવંતના કલ્યાણકને દિવસે હાજર થવું જોઈએ. તે દિવસે હાજર ન થાય અને બીજા દિવસે પૂજા-ભક્તિ વગેરે બતાવે તે રાહદારીના વરઘોડા બાર મહિનામાં બારસે જાય એવું છે. કલ્યાણકને દિવસે પ્રભુને આરાધવામાં ન આવે તો બાકીના દિવસોની પૂજા-ભક્તિ વિગેરે જીનેશ્વરને અંગે નથી. કલ્યાણકની આરાધના કેવી રીતે કરવી જોઈએ ? તેને અંગે આ જણાવાયું.

કલ્યાણકની આ બધી આરાધના શા માટે ? પ્રભુ મહાવીરની દેશનાની વાણી જગતના જીવોનું રક્ષણ કરનારી છે, પત્થરને પારસ રૂપે બનાવે છે તેથી પ્રભુની વાણીમાં એવું શું છે ? તો પ્રભુ દીક્ષિત નહોતા થયા ત્યાં સુધી બીજા બધાની જેમ 'લાવ-બેસ-ઊઠ' વગેરે વાણી તો સર્વસામાન્ય હતી; પરંતુ આ તો જગતના ચરાચર પદાર્થોના ભાવો જાણીને જગતના જીવોના કલ્યાણના બધા માર્ગો દેખે અને દેશના-દ્વારા બતાવે તેવું કેવલીપણું પામ્યા પછીની ઉપકારક વાણી છે ! અને તેથી જ શ્લોકમાં 'દેશનાગિરઃ' કહ્યું ત્યારે તો ભગવાન્ એકલા કેવલીપણાને યોગે જ આરાધક છે ને ? તો ના તીર્થંકરો ગર્ભથી-જન્મથી આરાધવા લાયક ગણાય ઉચ્ચ કોટીના આરાધ્યની ઉત્તમતા જન્મથી. તેથી તો 'ધન્ય તેના માતાપિતાને' એમ કહેવાય છે. ગૌતમસ્વામી પ્રતિબોધ પામ્યા-ગણધર થયા તેથી માતાપિતાને ધન્ય કેમ કહો છો ? જન્મનું પ્રશસ્તપણું ન ગણો તો માતાપિતાને ધન્ય કહો શી

---

હે જિનેશ્વર ભગવાન્ ! તારા ચરણકમળની ભક્તિ સિવાય હું બીજી કંઈ પ્રાર્થના કરતો નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રીતે ? તીર્થંકર સિવાય કોઇ જન્મથી તેવા જ્ઞાનવાળા હોતા નથી. ભાગ્યશાળીપણું ઉત્તમ કહ્યું છે. એવું ભાગ્યશાળીપણું કોઈ પણ દશામાં આવી જાય તો આગળપાછળનું જીવન પૂજવા યોગ્ય છે. પુણ્ય પુરુષોના માતાપિતાને પણ ધન્યવાદ કહીએ તો તેઓના જન્મને આરાધ્ય કહીએ તેમાં નવાઈ શી ?

બીજાઓને અંગે મહાપુરુષ થયા પછી આરાધ્ય, અને તીર્થંકરો મહાપુરુષ થયા અગાઉથી-જન્મથી આરાધ્ય. જેઓના જન્મે ચૌદ રાજલોકમાં આનંદ-ઉદ્યોત કરી દીધો, એ થવાના મહાપુરુષ કયા ? જે જન્મ્યા છે તે. એ અપેક્ષાએ ત્રિલોકનાથ જેવા ઉત્તમ પુરુષોનો જન્મ વખણાય-સ્તવાય-આરાધાય. આ રીતે જેઓનો જન્મ જ સ્વયં કલ્યાણકરૂપ છે, તેવા આજના દિવસને આપણે કલ્યાણક તરીકે ઉજવી આરાધીએ છીએ. તે ઉજવવો શી રીતે ? તો 'ગજાને માન-ભોજન-સત્કાર કરીએ છતાં તે દરેકમાં જેમ તેની આજ્ઞા ઉપર ધ્યાન રાખવાની જરૂર, તેમ આ પુણ્ય દિવસ ઉજવતાં ત્રિલોકનાથની આજ્ઞા ઉપર ધ્યાન દેવાની જરૂર છે. વીર ભગવાને જે વાણી આજ્ઞા-હુકમરૂપે કહી છે, તે ગંગાના જળ જેવી નિર્મળવાણી જ ભવ્યજનોના આંતરમેલોને ધોઈ નાખવા સમર્થ છે. ભગવાનની આજ્ઞારહિતપણે-સ્વેચ્છા મુજબ કલ્યાણક ઉજવાય તો આંતરમેલ ધોવાય નહિ. આથી **મહાવીર**ની વાણી તમારૂં કલ્યાણ કરો.

જેઓ પ્રભુનાં જન્મકલ્યાણકની આ મહત્તા સમજીને કલ્યાણકો ઉજવશે-આરાધશે અને જીનેશ્વર મહારાજની વાણી મુજબ વર્તન કરશે તે મોક્ષસુખ પામશે.

---

સંસારમાં ઉત્પન્ન થયેલી તારી ભક્તિ છે છતાં તે સંસારને નાશ કરનારી છે એ જ આશ્ચર્ય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## વ્યાખ્યાન–સાતમું

### ધર્મોપદેશ પાત્રનેજ અપાય

वचनाद्यदनुष्ठानमविरुद्धाद् यथोदितम् ।
मैत्र्यादिभावसंयुक्तं तद्धर्म इति कीर्त्यते ॥ १ ॥

શાસ્ત્રકાર મહારાજા ભગવાન્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકાર માટે ધર્મબિંદુ નામના ગ્રંથની રચના કરતાં આગળ સૂચવી ગયા કે :–જે મનુષ્ય જેને માટે લાયક હોય, તેને તેના લાયકનું કાર્ય સોંપાય. બિનલાયકને તેવું લાયક કાર્ય સોંપાતું નથી. આંધળાને આરસી બતાવાય નહિ, બહેરાને ગાયન સંભળાવાય નહિ, તેવી રીતે ધર્મોપદેશકે પહેલાં વિચારવું ઘટે કે ધર્મ માટે શ્રોતા લાયક છે કે નહિ? પાત્ર માલમ પડ્યા વગર ધર્મ સંભળાવે તો આંધળાને આરસી જેમ નિષ્ફળ જાય છે. ભેંસની પાસે આખું ભાગવત બરાડા પાડી વાંચી જાય તો તેમાં ભેંસને શો ફાયદો? ભાગવત પણ એ અને વાંચનાર પણ એજ છતાં સાંભળનાર પાત્ર ન હોવાથી ધર્મોપદેશ નિષ્ફળ જાય છે, માટે જો શ્રોતા લાયક હોય તોજ ઉપદેશકે આપેલો ઉપદેશ સફળ થાય. આજ વાત આપણે મહાવીર પરમાત્માની કેવળજ્ઞાન પછીની પ્રથમ દેશનામાં દેખી. પ્રથમની દેશના, અરે શકુનની દેશના, એમ છતાં પણ ફળ ન મળ્યું? શું

---

હે જીવ’ તેં ત્રસપણાથી માંડીને શીલ સુધીની દુર્લભ એવી પંદર વસ્તુઓ પ્રાપ્ત કરી છે, તેથી જો તું સંયમનો ઉદ્યમ મૂકી દઈશ તો તે ફોગટ હારી જઈશ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દેશના દેનારની કે દેશનાની ખામી હતી? બંનેમાં ખામી ન હતી, પણ ખામી શ્રોતાઓમાં હતી. શ્રોતાઓ બધા દેવતાઓ હતા. જેઓ ભવસ્વભાવથી જ અવિરતિ છે.

## ચંદ્રહાસથી ઘાસ ન કપાય?

માટે ધ્યાન રાખજો કે મનુષ્યપણું પામ્યા ને વિરતિનું દુર્લક્ષ્ય કર્યું તો મનુષ્યપણાની કિંમત અણીથી તરવાર પકડવા સરખી છે. જો હાથાથી તરવાર પકડાય તો રક્ષણ કરે. અણીથી પકડે તો પોતાનોજ હાથ કપાય. પૈસો, કુટુંબ, આબરૂ વધારશો તો તેમાં તેની સાચી કિંમત નથી. એ કાર્ય મનુષ્યપણાનું નથી. એક મનુષ્ય ચંદ્રહાસ તરવાર લઈ ઘાસ કાપે, તો ઘાસ કાપવામાં ચંદ્રહાસ તરવાર નકામી નથી, પણ આ ઘાસ કાપવાનું કામ તરવારનું નથી. એ ઘાસ કાપવાનું કામ દાતરડું પણ કરી શકે. તરવાર ન હોય ને દાતરડું હોય તો ઘાસ કપાય. તેવી રીતે ખાવાપીવા, હરવા-ફરવા, મોજમજા, પૈસા, હાટહવેલી, આબરૂથી મનુષ્યભવ સફળ માનતા હોઈએ તો તિર્યંચનો ભવ વધારે ઉત્તમ છે, તો તત્વથી તિર્યંચપણું સારૂં છે.

## તમારી મોજમજાની જવાબદારી

તમારી મોજમજા, પહેલાં ફરજની જવાબદારીવાળી છે. તિર્યંચની મોજમજા ફરજની જવાબદારી વગરની છે. એ પણ સંસારવાસ કરે છે. કુતરા, ગાય, ભેંસ, પાડા, ઘોડા, હાથીના સંસારવાસમાં ફેર કયો? તમે કેટલીક ફરજો અદા

---

જિનેશ્વર ભગવાને જ્યારે જેવા પ્રકારે સુખમાં કે દુઃખમાં ભવિષ્યકાળ જોયો છે તેવી જ રીતે થવાનું છે તેમાં ફેરફાર નથી માટે ફોગટ ચિંતા ન કર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કર્યા વગર દુનિયાનાં સુખ ભોગવી નહિ શકો. તેના ભરણપોષણ, ઔષધ અંગે તમારે બંધાવવાનું. વિચારો તમારે સંસારવાસ ભોગવતાં પહેલાં કેટલો પરસેવો ઉતારવો પડે છે. તિર્યંચોને કઈ ફરજ અદા કરવી પડે છે? અહીં કાયદાની બારીકીમાં જાઓ તો એક પુરુષે લગ્ન કર્યા, લહેણાદહેણાની ફરિયાદ અઢાર વરસ પછી ચાલે, પણ બાયડી ભરણપોષણની ફરિયાદ માંડે તેમાં અઢાર વરસની જરૂર નથી, ચાહે તો તે ચૌદ વરસનો હોય, ચાહે તે ઉંમર હોય પણ તે ઉંમરમાં બાયડી દાવો કરી શકે. એમાં કોરટથી, આરોપીથી, કોઇથી સગીર ઉંમરનો વાંધો લઈ શકાય નહિં. ખોરાકી, પોષાકી, ભરણપોષણના દાવામાં એકે બોલી શકે નહિ કે ઉંમર કાચી છે, એમાં ઉંડા ઉતરીએ તો કદાચ બાયડી ૧૦૦) રૂપીઆ કમાતી હોય તોપણ તમારી ઉપર ભરણપોષણની ફરિયાદ કરે. બીજા દીવાની દાવામાં વધારેમાં વધારે કોરટ ઘેર જપ્તિ લાવે. ઘરમાં હોય તે લઈ જાય. લહેણાદહેણામાં જાત ઉપરથી વસુલ થતું નથી. મીલકત હોય તેમાંથી વસુલ કરવાનું. પહેલાંના કાળમાં જાત ઉપરથી વસુલ કરતા એટલે ગુલામી કરાવી વસુલ કરતા પણ આજે તે કાઢી નાખ્યું છે. આ દાવામાં મીલકત હોય તોજ વસુલ કરવું, નહિતર જતું કરવું તેમ નથી પણ મીલકત ન હોય તો શરીર ચાલે છે કે નહિ, તેના શરીર અને કમાવવાની બુદ્ધિ તપાસી કોરટ સ્ત્રીના ભરણપોષણનું હુકમનામું કરે છે. આ બધી ફરજ સંસારવાસને અંગે. મીલકત ન હોય તો જાત ઉપર લહેણું. શાને અંગે? સ્ત્રીને અંગે. શી રીતે જાત ઉપર વસુલ કરે? શું શરીરમાં

---

આત્માના જ્ઞાન સિવાય તારું આત્મસાધન કેવા પ્રકારનું છે?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રૂપીઆ ભર્યા છે? ના. પણ એ સ્ત્રીના ભરણપોષણના રૂપીઆ ન ભરે ત્યાં સુધી કેદમાં બેસવાનું. લહેણાદેણાની કેદમાં આસન કેદ. આ ભરણપોષણનાં દાવામાં સખત કેદ પણ થઈ શકે. બીજી શિક્ષામાં સખત કેદ થઇ શકે નહિ. બીજી કેદમાં સખત કેદ નથી, પણ સંસારવાસને અંગે જે કેદ તેમાં સખત કેદ પણ થઇ શકે. જો ચોરી કરી હોય તો બે ચાર છ મહિનામાં છૂટી જાય, આ કેદમાં તેમ નથી. આગાં કહેવાય મહિનો, પણ આ મહિને ન ભર્યું, બીજે મહિને ફેર કેદમાં બેસવાનું, છેડો કોઈ દિવસ નહિ. આવી સખત મજુરી જીવે ત્યાંસુધી કરવાની. જો ભરણપોષણ ન કરે તો, બિચારો સંસારવાસ તિર્યંચને છે છતાં તેને કંઈ જવાબદારી છે?

**ઇંદ્રિયના સુખોમાંજ આનંદ માનો તો તિર્યંચપણું માગજો**

આવું ઉત્તમ મનુષ્યપણું, નીરોગી કાયા, આર્યક્ષેત્ર, જૈનકુળ, ઇંદ્રિયોની સુંદરતા, દેવગુરુધર્મનો ઉત્તમ યોગ, આટલી ઉંચી દશામાં આવી ગયો છતાં તેનું ફળ સંસારવાસ ગણીએ તો આપણા કરતાં જાનવરપણું સારૂં. દરેક ઇંદ્રિયોના વિષયો તપાસો તમે કંદોઈની દુકાનમાં જઈ વગર પૈસે ખાવા માંડશો તો ધપ્પો પડશે. તમે રસનાનું સુખ પૈસા પેદા કરવાની તકલીફ લઈ પછી ભોગવી શકો છો. જો મફતીઆ મોજ કરવા જાઓ તો માર પડે. આ મનુષ્યપણામાં આવ્યા તો આ પંચાત થઈને? તો એ મોજ કીડી, મંકોડી વગર મહેનતે લઇ જાય છે. તેને શું દંડ કે શિક્ષા થાય છે? એવી રીતે નાસિકાનો વિષય પકડો, રાજાએ બગીચાચામાં ઉત્તમ પ્રકારનું પુષ્પ ઉગાડ્યું છે. તમારે સુંઘવા જતાં કેટલી

---

અનંતા મરણોથી એક પુદ્ગલપરાવર્ત્ત બને છે તેવા પુદ્ગલપરાવર્ત્તો તારે આ સંસારમાં અપરિમિત થયાં છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મહેનત પડે? ભમરાને કોણ રોકે છે? સુગંધીને અંગે મનુષ્યભવ સફળ ગણીએ તો તમારા કરતાં ભમરાપણું સારૂં. તમારા માટે ખુલ્લી તલવારવાળા આડા આવ્યા. ભમરાને સુંઘવામાં કંઈ અડચણ નથી. રૂપને અંગે આખા જન્મમાં તમે રાણીના રૂપને જોયું નથી. ત્યાં રહેલાં પશુ, પક્ષીઓએ વગર મહેનતે જોયું છે તમે જોવા જાઓ તો જીવતા રહો ખરા કે? ગાયનને અંગે તમારે થીએટરમાં જવું હોય તો પૈસા ખરચી ટિકિટ લેવી પડે, ત્યાં રહેલા કબુતરને શું આપવું પડે છે? એ શબ્દ સાંભળતા નથી, રૂપ દેખી શકતા નથી, રસ, સ્પર્શમાં સમજતા નથી, સુગંધ લઈ શકતા નથી તેમ તમે કહી શકો તેમ નથી. મનુષ્યપણામાં વિષયસુખનીજ ઈચ્છા રાખતા હો તો જાનવરપણામાં જવાબદારી વગરનું હતું તો તે સુખની સફળતા જાનવરપણામાં વધારે હતી.

## માથું ફોડી શીરો ખાઓ છો.

મનુષ્યપણામાં ઈન્દ્રિયોના સુખ તે માથું ફોડી શીરો ખાવા સરખું છે. પૌદ્ગલિક ઈંદ્રિયોનું સુખ તમારા કરતાં સાહેબના કુતરાને સારૂં છે. વિષયસુખને અંગે મનુષ્યપણું સફળ માનતા હો તો જાનવરપણું ઇષ્ટ હતું. મનુષ્યપણામાં વિષયો ભોગવવા પહેલાં ફરજો ગળે વળગી તમને જેટલો રાગ તમારા બચ્ચા તરફ નથી તેના કરતાં તિર્યંચોને પોતાના બચ્ચા પ્રત્યે અધિક છે.

## કન્યા બાપને ઘેર ન શોભે.

તમને છોકરો કે છોકરી ગર્ભમાં આવે તો તેમાં કશો

---

તું પોતાના આત્માને ઓળખ કેમકે આત્માને નહિ ઓળખવાવાળું જ્ઞાન જિનેશ્વરોએ માન્યું નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ફેર નથી. બંને નવ મહિના ગર્ભમાં રહે છે. જન્મ આપવો તેમાં બંને માટે જન્મના દ્વાર સરખા છે. આગળ ધવડાવવામાં, પાલણપોષણ કરવામાં, લુગડામાં છોકરા છોકરીનો ફરક પડતો નથી. છતાં છોકરીને ઘેર ન રખાય એવો દુનિયાદારીનો વ્યવહાર કબુલ કર્યો છે. એ વ્યવહાર મગજમાં રમ્યો છે તેથી છોકરી બીજાને ઘેર આપવાની નક્કી થાય એટલે ગોળધાણા વહેંચો છો પછી લગ્નનો પ્રસંગ આવે ત્યારે પૈસા ખરચી, ઢોલ વગડાવી, વાજતે ગાજતે સોંપી આવ્યા. કન્યા બાપને ઘેર ન શોભે એવો દુનિયાનો વ્યવહાર સાચો લાગ્યો. લોકવ્યવહાર સાચવવા કન્યા વાજતે ગાજતે વિદાય કરીએ છીએ. એ છોકરી સાસરેથી પિતાના ઘેર જાય તો મારે પિયર જાઉં છું, ને પિયરથી સાસરે જવું હોય તો મારે ઘેર જાઉં છું એમ બોલે છે. છોકરીનું ચાહે તેવું દરિદ્રપણું હોય તો પણ બાપના ઘરમાં હક લાગતો નથી. શરમથી, રાગથી, મોહથી પિતા ભલે આપે, પણ લાગો કરી, હક કરી એક કોડી પણ લઈ શકે નહિ. આપણે ઘરમાંથી હક કાઢી નાખ્યો, પારકે ઘેર મોકલી દીધી. તારૂં પેલું ઘર, આ નહિ એમ પણ જણાવી દીધું. આ માત્ર લોક-વ્યવહાર, તેમાં બીજો એક પણ બચાવ નથી, વ્યવહાર ખાતર આટલો ભોગ આપી શકીએ તો જે જગતને અસાર ગણતો હોય, ધર્મને શાશ્વત ગણતો હોય તે ધર્મમાં ભોગ દે તેમાં નવાઈ નથી.

---

પોતાના આત્માને જાણ્યો તો પછી બીજાની તારે શી જરૂર છે?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## કૃષ્ણાદિક પુત્ર, પુત્રી, સ્ત્રીઓને દીક્ષા શી રીતે અપાવી શકયા હશે?

જે કૃષ્ણજી રાણી માટે મોટા યુદ્ધો કરનાર, પ્રપંચો કરનાર, કન્યાના કુટુંબના કલેશને નહિ ગણનારા એવા કૃષ્ણજી પાસે રાણી દીક્ષાની વાત કરે તો ઢોલ, વાજાં વગડાવી મહોચ્છવ કરી દીક્ષા આપતા. શ્રેણિક રાજા એક નોકારશી પણ નહિ કરનારો, તે પોતાના પુત્રને શી રીતે દીક્ષા આપી શકયા હશે? તમારી કન્યાને અંગે ઢોલ. ત્રાંસા કેમ વગડાવો છો? લોકવ્યવહારને અંગે. તેવીજ રીતે તે મહાપુરુષો મોક્ષનું સ્વરૂપ, સંસારનું દુઃખ જાણતા હોવાથી રાણીઓ અને પુત્રીઓને અંગે ઢોલ વગડાવી સર્વ-વિરતિ અપાવે તેમાં નવાઈ નથી. દુનિયાદારીથી છોકરીનું હિત બીજે ઘેર જવામાં. અમારી ખાનદાની આબરૂ કન્યાને અમારે ઘેર નહિ રાખવામાં, તો પછી જેઓ પુત્ર–પુત્રીનું હિત સર્વવિરતિથી સમજે છે તેઓ ગૃહવાસમાં કેમ ફેંકે? કન્યા પિયરથી સાસરે ન જવા માગે તો પરાણે સાસરે મોકલો છો. ન જાય તો સાસરીયાને લઈ જવાનું કહો છો. છોકરી અહીં ન પાલવે. બેચાર દિવસ આવે તે વાત જુદી છે. સમજો કે જે તમારે ત્યાં જન્મેલી છે, મોટી થએલી છે, સહવાસમાં આવેલી છે, છતાં દુનિયાદારીથી હિત બળાત્કારથી પણ સાસરે મોકલવામાં તમે સમજો છો. તેવી રીતે છોકરા છોકરી ધર્મને રસ્તે ન ચડે તો તેટલી કાળજી ધર્મને અંગે થાય છે?

---

જેમના જેટલા જેવા પ્રકારના ભવો થવાના છે તેમના તેટલા તેવા પ્રકારના જ ભવો નિશ્ચે થવાના છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## નિશાળ અને દહેરૂં

છોકરો સીધી રીતે ધર્મમાં ન આવે તો બળાત્કારથી લાવવો એ વિચાર કોઈ દિવસ આવ્યો? છોકરો બે દિવસ નિશાળે ન જાય અને બે દિવસ દહેરે ન જાય તેમાં તમારા અંતઃકરણની લાગણીમાં ફેર લાગે છે કે નહિ? નિશાળે ન જાય તો આંખ લાલચોળ થઈ જાય, દહેરે ન જાય, તો અંતઃકરણમાં ઉંડો આઘાત થતો નથી. શું કરીએ છોકરો જતો નથી, ઘણું કહીએ છીએ માનતો નથી, એમ દહેરા, ઉપાશ્રય માટે બોલાય. હજુ સુધી ધર્મ એ તત્વ સમજાયું નથી. સમજાયું હતે તો નિશાળે ન ગયો તેથી જેટલા લાલ થયા તેટલા જ દહેરે ઉપાશ્રયે ન ગયો તેથી તેટલા જ લાલ થઈ જતે (સભામાંથી) અહીં નિશાળે જાય છે, દુકાને જાય છે તેનું ફળ પ્રત્યક્ષ છે. દુનિયાના વિષયોમાં લપટાવું ને તેને તત્ત્વ ગણવું તે આસ્તિકનું લક્ષણ નથી. દુનિયાના લાભથી ઠગાય તેમાં ઉંચાનીચા થઈ જઈએ છીએ, આ જીવ મોક્ષની નીસરણી ધર્મ તેનાથી ખસી જાય તેનો વિચાર કોઈ દિવસ કર્યો?

પ્રશ્ન-પહેલાં ધર્મ કે આજીવિકા?

ઉત્તર-આપત્તિધર્મ તરીકે આ કર્યા વગર છૂટકો નથી એ મનમાં વસાવ્યું? પછી બીજી જરૂરીઆત નથી, આ કર્યા સિવાય છૂટકો નથી એમ વસે છે? મોજમજાના ઉદ્દેશથી દોડી મરીએ છીએ. મધ્યમવર્ગને છોડીને સારા વર્ગની વાત કરીએ. પોતાનો નિભાવ થાય તેના કરતાં ચારગણા

---

હે નાથ! જો તારા શાસનને ન પામ્યો હોત તો ભવ મનોહર કેવી રીતે થાત?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૈસા હોય પછી દોડાદોડી કરે ને એ કહે કર્યા વગર છૂટકો નથી તો એ દંભ છે. પોતાનો નિભાવ થતો ન હોય ને કરવું પડે તેમાં શું કરું શબ્દ વ્યાજબી છે. તે છતાં એ પોતે દેવલોક, નરક માને છે કે નહિ, પુણ્ય, પાપ, ભવ, સંસાર, મોક્ષ માને છે કે નહિ? છોકરો ભવિષ્યની સ્થિતિ વિચાર્યા વગર જે આવે તે ખાય છે. તમને સ્હેજ અજીરણ થયું કે ખાવાનું બંધ કરો છો. અહીં છોકરા ને મોટામાં ફરક છે. છોકરો છત ઉપર ધ્યાન પહોંચાડે. એવી રીતે આત્માને અંગે વિચારો. ચાલુ કાળના વિષય મળે ને ભોગવે તે છોકરમત, ભવિષ્યમાં દુઃખ સહન કરવું પડશે તે વિચારતો નથી. તડકામાં રમવા જાય, લુ વાય, શરીરમાં રોગી હવા પેદા થાય તેની દરકાર નથી, પણ તડકામાં ભમરડા રમવા જાય, તેમ બાળક જેવા તમે વિષયોમાં અત્યારે એટલા મ્હાલી રહ્યા છો કે ભવિષ્યમાં તેનું ફળ કેટલું વિષમ આવશે તે બાળકની માફક વિચારતા નથી. બાળક માત્ર હું જીત્યો એમ કહેવાશે, એટલા માટે ભવિષ્યમાં માંદા પડવાના દુઃખને વિચારતો નથી, તેમ ભવિષ્યમાં ખરાબ પરિણામ આવશે તેનો આ જીવ પણ ખ્યાલ લાવતો નથી.

છતનો સણસણાટ છોકરાને હોય, ભવિષ્યનો વિચાર સમજુને હોય. આ બેમાં કોને સારા ગણવા? ભવિષ્યનો ભવ, તેના વિચારવાળા ડાહ્યા. વર્તમાન સુખનો વિચાર અણસમજુને હોય. સામાન્યથી ઇષ્ટની સિદ્ધિ માટે જે ચેષ્ટા કરવી તેમાં સમજણવાળા કોણ? બેઇંદ્રિયથી માંડી બધા જીવ પણ ભૂત ભવિષ્યની અપેક્ષાએ લાંબો વિચાર કરનાર

જે ધર્મનું આરાધન કરવા વડે સંસારથી પાર ઉતારનાર એવા બોધિને હું પામ્યો તેથી હું ધન્ય છું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સમજુ છે. કીડી પણ પોતાને ઇષ્ટ વસ્તુની સુગંધ આવતી જણાય તે તરફ ઇષ્ટ માટે દોડે છે.

## જૈનશાસનમાં અશ્રદ્ધાવાળા અસંજ્ઞી છે.

જેને ભૂતભવિષ્યનો વિચાર ન હોય તેને અસંજ્ઞી કહેવાય. જૈનશાસ્ત્ર પ્રમાણે જેમને આત્માનો ભૂતભવિષ્યનો વિચાર ન હોય તે પણ અસંજ્ઞી છે. ત્રણ સંજ્ઞા હોય તેમાં દૃષ્ટિવાદોપદેશિકી કઈ? જૈનશાસન પામી તેના વિચાર કરનારા સંજ્ઞી. આપણા છોકરા દુનિયાના વિષયોમાં લગીર પાછા પડી જાય તો કાળજું કપાઈ જાય, પણ આત્માની ઉન્નતિમાં પાછા પડી જાય તો કાળજામાં તેમ થતું નથી. દુનિયાદારી જેટલી પણ ધર્મની કિંમત નથી, તો અધિકતાની વાત કયાં કરવી? તો કૃષ્ણ વાસુદેવ સંસારથી તારવા માટે પોતાના પુત્ર પુત્રીને ઢોલ વગડાવીને, મહોચ્છવ કરીને દીક્ષા આપે છે તેનું શું કારણ? તેઓ ધર્મને જ તત્ત્વ ગણતા હતા, અને જો વિષયો જ તત્ત્વ ગણો તો પછી જવાબદારી વગરનું જાનવરપણુંજ વધારે ઉત્તમ છે, કારણ ત્યાં વગર માથાફોડે શીરો મળે છે. અહીં તો માથું ફોડી શીરો ખાવાનો છે. જે વસ્તુ બીજા કોઈ પણ ભવથી ન સાધી શકાય તે વસ્તુ મનુષ્યભવથી સાધવી જોઈએ, અને તે વિરતિધર્મની લાયકાત શાસ્ત્રકારો મનુષ્યભવમાં જ જણાવે છે. તે કેટલી મુશ્કેલીથી મળ્યો તે વિચારવાનું છે.

## તમે એકલા જ બચ્યા

એક સ્ટીમરમાં પાંચ હજાર મનુષ્યો છે. તે દરિયામાં

---

કલ્પવૃક્ષ વગેરે ધર્મથી મળે છે તે માટે ધર્મ કોની સાથે સરખાવી શકાય? અર્થાત્ ધર્મ કોઈની સાથે ન સરખાવાય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અફળાઈ ને ડૂબવા લાગ્યા, તેમાંથી ભાગ્યયોગે એકજ મનુષ્ય બચી કાંઠે પહોંચી શક્યો. દુનિયા તેને કેવો ભાગ્યશાળી ગણે ? ૪૯૯૯ ડૂબી ગયા ને એક બચ્યો, તેને ઘણોજ ભાગ્ય-શાળી ગણીએ, તો સૂક્ષ્મનિગોદમાં અનંતાજીવની સાથે હતા; ભાગીદાર હતા. સ્ટીમરમાં સ્વતંત્ર તરવા ડૂબવામાં ભાગીદારી નથી અહીં નિગોદની ભાગીદારી જેવી ભાગીદારી જગતમાં કોઈ જગો પર નથી. એકજ ટાઇમે એકજ આહાર અનંતાએ સાથે કર્યો, શરીર પણ એક સાથે એક સરખું કરવું. અનંત-કાય ભચડો છો તેનું પરિણામ અહીં આવશે. અનંતાએ એકજ જગો પર રહેવાનું એકજ સાથે આહાર લેવાનો, શરીર શ્વાસ એકજ સાથે કરવાનાં, એ ચારેમાં અનંતા ભાગીદાર થઇને એકજ વાત કરી શકે; આનુંજ નામ નિગોદ. ન રાખીએ આઠમ, ચૌદશનો ખ્યાલ, ઋતુ અઋતુ ન તપાસીએ. 'ખાવા માટેજ વસ્તુ ઉત્પન્ન થઈ છે ને ?' એમ બોલાય કેમ ? મારી જીભ વશ રહેતી નથી તેમ કહો તો હજુ ઠીક છે. શું તેરસને દિવસે સૂર્ય ઉગે છે ને ચૌદશે નથી ઉગતો આમ પણ બોલાય ? ચાર આંગળની જીભની આ બધી દખલગીરી છે. પેટમાં તો લુખો ભાત નાખો તો પણ વાંધો નથી, ચાર આંગળની જીભ અભક્ષ્ય અનંતકાય ખવડાવે છે જીભના દબાએલા હોય તે વિચારજો. જ્યાં અનંતા જીવ મળી એક બારીક શરીર કરી શકે, અનંતા જીવો મળી એક શ્વાસ લઈ શકે, તેવામાંથી આપણે એકલા નીકળી આવ્યા ને બાકીના ત્યાં રહ્યા તો આપણે કેટલા ભાગ્યશાળી ? એવી રીતે અસાધારણ ભાગ્યના યોગે અહીં મનુષ્યપણું પામ્યા. અધિકાર

---

ધર્મ કલ્પવૃક્ષ કેવી રીતે ? કારણ કે જે ધર્મ કલ્પવૃક્ષને પેદા કરનાર એવા ભાગ્યને ઉત્પન્ન કરે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાથે જવાબદારી સાથેજ રહે છે તો મનુષ્યનો અધિકાર પામ્યા પણ મનુષ્યપણાની જવાબદારી સમજતા નથી. પ્રકૃતિથી પાતળા કષાય કર્યા, દાનરૂચિ થઈ, મધ્યમ ગુણો પ્રાપ્ત કર્યા વગેરે કર્યું, તેથી મનુષ્યપણું પામ્યા, પણ તે સફળ શી રીતે કરવું તેનો હજુ વિચાર સરખો પણ આવતો નથી. ચંદ્રહાસ તરવાર સરખું મનુષ્યપણું પામ્યા, હવે તેથી ઘાસ કાપવા જેવા વિષયસુખોમાં તેનો ઉપયોગ ન કરતાં અનાદિનો તમારો કર્મશત્રુ તેને હણવામાં કટિબદ્ધ થઈ તમારૂં અમર સિંહાસન અને આત્માની અખૂટ રિદ્ધિ તમારે સ્વાધીન કરો.

---

સદ્દર્શનનો સંબંધ થયો છે તેથી કરીને આ એક જ જન્મ પ્રશસંનીય છે.

---

હે આત્મા! તારો આ સમ્યગ્દર્શનવાળો જન્મ જ ભવો-ના મૂળને ભેદશે એમ હું જાણું છું-માનું છું.

---

જો અરિહંત ભગવાનની વાણીથી સંસ્કારવાળો જન્મ થાય તો તને મોક્ષ દૂર નથી.

---

આ પંચપરમેષ્ઠીજ લોકોત્તર ગુણવાળા છે બીજા કોઈ લોકોત્તર ગુણવાળા નથી, કારણ કે બીજાઓ તો સાવદ્ય સાધનવાળા છે,

---

ભવિષ્યમાં જે થવાનું છે તે તો નિશ્ચિત છે પછી હે પંડિત! ફોગટ ચિંતા શા માટે કરે છે?

---

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વ્યાખ્યાન-આઠમું

## એકવીસ ગુણોની આવશ્યકતા શું ?

### રખડપટ્ટીનો અંત કેમ આવી શકે ?

શાસ્ત્રકાર મહારાજા ભવ્ય જીવોના પરમોપકાર માટે ધર્મરત્નપ્રકરણ નામક શુભ ગ્રંથમાં જણાવે છે કે : આ જીવ આ સંસારમાં અનાદિ કાળથી રજડ્યા કરે છે રખડ્યા કરે છે; પરંતુ તેની આ રખડપટ્ટીનો અંત આવતો નથી. એ રખડપટ્ટીનો અંત લાવવો તમોને ગમે છે ? જો તમોને તેનો અંત લાવવાનો ગમતો હોય તો તે માર્ગ માત્ર ધર્માચરણ છે.

### ગર્ભવાસની સ્થિતિ વિષે મતભેદ નથી

ભાગ્યવાનો ! અહીં તમે કદાચ એવી શંકા કરશો કે આ જીવ આ જન્મ-ચાલુ ભવની વાતોને પણ પોતાના સ્મૃતિપટ ઉપર તાજી રાખી શકતો નથી અરે, ગયા જન્મમાં તેના શરીરે શું શું દુઃખો ભોગવ્યાં હતાં, શું શું કાર્યો આદર્યાં હતાં અને સંસારપ્રપંચમાં તેણે કેવો ભાગ ભજવ્યો હતો, તે પણ આત્મા જાણતો નથી તેને ગયા ભવનો પણ ખ્યાલ નથી, તો પછી તેની આગળ-તેવા આત્મા આગળ અનાદિ કાળની વાતો કરવી એ ઢોંગ બરાબર છે અર્થાત્ ભેંસ આગળ ભાગવત વાંચવા બરાબર છે માટે ધર્મોપદેશકે અનાદિકાળની વાતો ન ઉચ્ચારતાં અને

---

સમતાનો મહિમા કાંઈ ઓછો નથી. કેમકે કૂરો પણ અણગાર થયેલા સિદ્ધિને પામ્યા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અનાદિકાળની રખડંપટ્ટીનો અમારી આગળ ઉલ્લેખ ના કરતાં અમોને સીધોજ ધર્મોપદેશ દેવો ઈષ્ટ છે. જન્મ, જરા, મરણના ભય વિષે તમારી આગળ જ્યારે વિવેચન કરવામાં આવે છે, ત્યારે તમે એમ દલીલ કરી શકો છો. ગર્ભની, આત્માની સ્થિતિ કેવી હતી તેનોય આત્માને કશો ખ્યાલ રહેવા પામતો નથી. સમજણવાળી દશામાં માણસોની બુદ્ધિ જાગૃત હોય છે, અને તેથી તે વીંછી વગેરે વસ્તુઓને દરેક વખતે પ્રત્યક્ષ ન જોવા છતાં તેનો ખ્યાલ કરી શકે છે અને તેનાથી બચવાના યત્નો આદરે છે. જંગલમાં સાપ હશેજ, એવો કાંઈ નિશ્ચય હોતો નથી; છતાં સાપ આવો હોય છે અને તેના પરિણામો આવા ભયંકર છે એમ વિચારી માણસ માત્ર એ સાપના ભયમાંથી નિવૃત્ત થવાના પ્રયત્નો સેવે છે. જ્યારે સાપ જેવી સાધારણ વસ્તુઓના ભયને માણસ જાણે છે અને પછી તેને છોડવાના યત્નો આદરે છે. તો ગર્ભવાસ જેવી કઠણ દશાનો માણસને તેની સમજણી અવસ્થામાં ખ્યાલ આવતો હોય-ખરેખરો ખ્યાલ આવતો હોય તો મનુષ્ય શું એ ગર્ભવાસથી બચવાના યત્નો ન કરે. જરૂર કરે. માણસને જો ગર્ભવાસની કારમી સ્થિતિનો ખ્યાલ હોય, તે એ ભયંકર દશાની જાગૃત અવસ્થામાં જો સાચી કલ્પના પણ કરી શકતો હોય તો અવશ્ય તે એ દશાનો ત્યાગ કરવા જતે પ્રયત્નશીલ થાય અને તેને કહેવું પણ ન પડે કે ભાઈ! જન્મજરામરણના આવાં આવાં વિકરાળ સંકટો તારે માથે ડાચું ફાડીને ઉભાં છે! મનુષ્યને જો ગર્ભવાસની ભયંકર દશાનું ભાન હોત તો તે

---

બુદ્ધિશાળીઓને કલ્પવૃક્ષ પ્રાપ્ત થયે છતે વસ્તુઓની શ્રેણીનો સમૂહ કેમ ન હોય? અર્થાત્ હોય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એક પળને માટે પણ ધર્મનો માર્ગ ન છોડત, પાપની પ્રવૃત્તિ ન આદરત અને અધર્મને પંથે ન જાત. પણ આ ઉપરથી એમ માની લેવાનું નથી કે ગર્ભની સ્થિતિ વિષેજ મતભેદ છે. ગર્ભવાસની સ્થિતિ દરેક ધર્મ, દરેક સંપ્રદાય સ્વીકારે છે, ગર્ભવાસના દુઃખો પણ એ બધાને કબુલ છે. હિંદુઓ શ્રીકૃષ્ણને ભગવાન્ માને છે પણ તેમને પણ દુઃખી ગર્ભવાસ ભોગવવો પડ્યો હતો એમ તેમનું ભાગવતજ કહે છે. ખ્રિસ્તીઓ પિતાના કરતાં માતાના પ્રેમને વધારે કિંમતી લેખતા, તેમના પેગંબર જીસસક્રાઈસ્ટનો પિતા ન હતો એમ માને છે પરંતુ તેઓ કહે છે કે ક્રાઈસ્ટને પણ મરિયમના ઉદરમાં નવમાસ ગર્ભ ધારણ કરવો પડ્યો હતો. ઈસ્લામના સ્થાપક મહમદનો સિદ્ધાંત એવો છે કે ઈશ્વરનો કોઇ બાપ પણ નથી અને માતા પણ નથી. છતાં ગર્ભવાસનો ગર્ભવાસની સ્થિતિનો ઇન્કાર તે પણ કરી શક્યો નથી અર્થાત્ દરેક ધર્મ, સંપ્રદાય સૌ કોઇ ગર્ભની સ્થિતિ કબુલ રાખે છે પરંતુ તે છતાં એ સ્થિતિને ટાળવાનો કોઇપણ સંપ્રદાયવાળા યત્ન નથી કરતા; આ ઉપરથી સાબીત થાય છે કે ગર્ભની સ્થિતિ ભયંકર છે એ વાતનો ખ્યાલજ માનવપ્રાણીને આવી શકતો નથી અને જો તેને એવો ખ્યાલ માત્ર પણ આવી શકતો નથી તો પછી ઉપદેશકોએ ઉપદેશ સમયે અનાદિકાળની અને ગતભવોની લાંબીલાંબી વાતો છોડીને સીધોજ ઉપદેશ કરવાની પરમાવશ્યકતા છે. પુનઃ પુનઃ મનુષ્યનો જન્મ મળે છે, ત્યારે ત્યારે શરીર સૃજવું પડે છે, પ્રસવની આકરી વેદના ભોગવવી પડે છે, અને

---

જો સમાધિ-મરણ પ્રાપ્ત થાય તો આત્માને બીજા કોઈ પદાર્થથી પ્રયોજન નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માતાનું દૂધ પીને ગંદો ખોળો, ગંદા વસ્ત્રો અને ગંદા પદાર્થોમાં શયન કરવું પડે છે; જો આ વાતોનો આપણને ખ્યાલ નથી, જો આપણે ગયા જન્મની વાતોનું સ્મરણ પણ લાવી શકતા નથી, જો આપણે ગઈ કાલની વાત પણ ઘણીવાર પુરેપુરી સંભારી-ખ્યાલમાં લાવી શકતા નથી, તો પછી આપણી આગળ અનાદિકાળની વાતો થાય અને તેની ભૂમિકા ઉપર ઉપદેશ દેવાય એ સ્થિતિ બ્હેરા આગળ ગીત ગાવા જેવી છે; એવો પણ તમો અમને પ્રશ્ન કરી શકો છો ?

## સંકટોનો ખ્યાલ શા માટે?

પરંતુ તમારા આવા પ્રશ્નોથી ગભરાઈ જવાની અમારે જરાપણ જરૂર નથી. શાસ્ત્રકાર મહારાજાઓએ આવા અનેક પ્રશ્નોના ખુલાસા કર્યા છે અને તેથી તેઓ આ પ્રશ્નનો ઉત્તર પણ ઘણીજ સારી રીતે આપી શકે છે. તેમના કથનને આધારે અમે કહીએ છીએ કે મહાનુભાવો ! અનંતભવોની તમારી આગળ વાતો કરવી એ આવશ્યક છે અને તેમાં તમારાજ કલ્યાણની સાધનાનો શાસ્ત્રકારોનો હેતુ રહેલો છે. મરી ગએલો માણસ પોતાનો કેસ ચલાવવા આવતો નથી, તે પોતાની તરફેણના કે વિરૂદ્ધના ખરાખોટા સાક્ષીઓને ઉભા કરી શકતો નથી પણ તે છતાં સરકારી વકીલને તેના સંબંધીની અનુકૂળ હકીકતો જો કેસમાં આવતી હોય, તો તે કેસ ચલાવવો પડે છે. મરણ પામેલો માણસ કેસ ચલાવવા આવતો નથી. પણ સરકારને તે સંબંધમાં ઘટિત વ્યવસ્થા કરી લેવી પડે છે; તેજ પ્રમાણે આપણે અજ્ઞાન છીએ. જન્મજરામરણના મહા-

---

જે બોધિને પામે છે તે ભાગ્યશાળી છે અને જે ચારિત્રને પામે છે તે તેનાથી પણ અત્યંત ભાગ્યશાળી છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભયાનક સંકટોને આપણે નથી જાણતા એટલે એ સંકટોને આ દુનિયાના આત્મમાર્ગના વકીલોને એ દુઃખો આપણને સમજાવવા પડે છે અને વકીલ પોતાના અસીલને જેમ તેના કેસની વિગતો સમજાવે છે તેજ પ્રમાણે આ જ્ઞાનમાર્ગના વકીલો પણ જન્મજરામરણના મહાભયાનક સંકટોનો આપણને ખ્યાલ આપે છે. તમે કહેશો કે એવો ખ્યાલ આપેલો શા કામનો? જો જન્મજરામરણના સંકટોનો, પ્રત્યક્ષ અનુભવેલો ખ્યાલ હોય અને તે ખ્યાલ ચોક્કસપણે સમજી શકાતો હોય તોજ એમ કહી શકાય કે જન્મજરામરણના સંકટો મહાભયંકર છે અન્યથા નહિ.

ભાગ્યવાનો! કોઈ શ્રોતા આવી દલીલ કરે, તો તે દલીલ ઈષ્ટ નથી. ઘણી વાતો આપણે પ્રત્યક્ષ જોઈ કે અનુભવી શકતા નથી છતાં સામાન્યજ્ઞાનથી તે વાતોનું સત્ય આપણે કબુલ રાખીએ છીએ ગાંડાપણાનો તમોને પ્રત્યક્ષ ખ્યાલ નથીજ. તમે કોઈપણ ગાંડા થએલા નથીજ! છતાં ગાંડપણની સ્થિતિ કેવી હોય તે તમે બધા સારી રીતે કલ્પી શકો છો. એજ રીતે ધૂમાડા ઉપરથી આગની શકયતાનો પણ તમે ખ્યાલ બાંધી શકો છો! તમે આગને પ્રત્યક્ષપણે જોતા નથી તમારી આંખો અગ્નિના ભડકાને જોઈ શકતી નથી. અગ્નિની ગરમી તમારી ત્વચાને ઉષ્ણતા આપતી નથી. અગ્નિ તમારી સાથે કોઈપણ પ્રકારે પોતાના અસ્તિત્વની વાત કરતો નથી, પણ છતાં જો તમે ધૂમાડાના ગોટેગોટા નીકળતા જોશો, તો તમારે તરતજ કબુલ રાખવું પડશે કે, "જ્યાં ધૂમાડો છે ત્યાં અગ્નિ છે!" તમે અગ્નિને જોયો નથી છતાં તમો અગ્નિના

---

ઉપેક્ષા અથવા શુદ્ધભાવ સંસારસમુદ્રને બાધક છે. અર્થાત્ સંસારનો નાશ કરનાર છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અસ્તિત્વને કબુલ રાખો છો એ શાથી ? પ્રશ્નનો ઉત્તર એ છે કે. એક માત્ર અનુભવને આધારે. અનુભવ ઉપરથી તમે જાણી શકો છો કે "જ્યાં ધૂમાડો છે ત્યાં અગ્નિ પણ હસ્તિ ધરાવે છે!"

## बीज अने अङ्कुर

તમે જેમ અનુભવ વડે ધૂમાડો છે એટલે અગ્નિનું અસ્તિત્વ સ્વીકારો છો, તેજ પ્રમાણે અનુભવ વડે તથા બુદ્ધિ વડે તમારે અનાદિની વાત પણ સ્વીકાર્યે જ છૂટકો છે. અહીં એક સર્વસાધારણ ઉદાહરણ ધ્યાનમાં લો. એક ઘઉંનો દાણો છે. એ ઘઉંનો દાણો કોણે વાવ્યો તે તમે જાણતા નથી! એ કયા ખેતરમાં ઉગ્યો તેની તમોને માહિતી નથી. એને કયા ખેડુતે વાવ્યો, તેને કોણે પાણી પાયું, તેની આગળ શી વિધિ થઈ તે કાંઈ પણ તમે જાણતા નથી. પણ તે છતાં તમારે એ ઘઉંનું ઉગવાનું પણ અનાદિકાળનું છે. એ ઘટના સ્વીકારવી જ પડશે. હવે જો એ દાણો છે તો એટલી પણ ચોક્કસ વાત છે કે તેનો અંકુર હતો! અને જો અંકુર હતો તો એ વાત પણ તેટલીજ સ્પષ્ટ છે કે એ અંકુરને જન્માવનારૂં બીજ પણ હતું જ. આમ અંકુરમાંથી બીજ અને બીજમાંથી અંકુર એ ઘટમાળને આગળને આગળ લંબાવતાં તમારે છેક અનાદિકાળ સુધી ચાલ્યા જવું જ પડશે. અંકુર અને બીજ તથા બીજ અને અંકુર પરસ્પર એકબીજાને જન્મ આપે છે એનું જ નામ પરસ્પર કાર્યકારણ ભાવ છે બીજ વગર અંકુર નથી અને અંકુર વગર બીજ નથી એટલે અહીં એવો પ્રશ્ન કોઈ ઉપસ્થિત કરે કે ભાઈ! અંકુર પહેલું કે બીજ

---

જો તું બોધિરૂપ પ્રવહણને પામ્યો તો સંસારરૂપી સમુદ્ર તરી ગયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પહેલું ? તો એ પ્રશ્ન કેવળ હાસ્યાસ્પદ ઠરે છે! બીજ હતું તો અંકુર થયો! પણ બીજી તરફ એ પણ યાદ રાખો કે અંકુર હતો તોજ બી થઈ શકયું, સ્થિતિ તમારી સામે એ આવીને ઉભી રહે છે કે તમારે અંકુર અને બીજની પારસ્પરિક પરંપરા અનાદિકાળની છે એવુંજ માનવું પડે છે. તમે ઘણું જુઓ છો. પ્રત્યક્ષ તો ધાન્યનો એક દાણોજ જોયો છે તો પણ તે છતાં તમો બુદ્ધિ અને અનુભવથી એની પરંપરાને અનાદિ માનો છો એજ પ્રમાણે કર્મ અને આત્માની પરંપરા પણ તમારે અનાદિકાળથી માનવીજ પડે છે.

## कर्म अने जन्म अनादिना छे.

જગતમાં તમે નિહાળો છો કે એક જન્મથી સુખી છે, બીજો જન્મથી દુઃખી છે, એક જન્મથી નીરોગી છે, બીજો જન્મથી રોગી છે, એક જન્મથી ડાહ્યો છે, બીજો જન્મથી ગાંડો છે. હવે વિચાર કરો કે જો કર્મ જેવી ચીજ જ ન હોય તો આ જગતમાં આવા ફેરફારો શા કારણથી દૃષ્ટિમાં આવે છે? માકુભાઇ જન્મે છે લાખોપતિને ઘેરે; અને ત્યારથીજ લાખોના માલિક ગણાય છે અને કાકુભાઈ જન્મે છે ભિખારીને પેટે; અને ત્યારથીજ ભિખારી મનાય છે. માકુભાઈ લાખો રૂપીઆ કયાં કમાવા ગયા હતા? તેમણે આ સઘળી સંપત્તિ ક્યાંથી પ્રાપ્ત કરી? રોગીણીને પેટે જન્મનારો રોગી હોય છે અને નીરોગીને પેટે જન્મનારો નીરોગી હોય છે. આ બેમાંથી એકને રોગી અને બીજાને નીરોગી કોણે બનાવ્યા? આથી માનવુંજ પડશે કે જેમ

---

સંસારરૂપ સમુદ્રમાંથી ઉદ્ધાર કરનાર સંયમને વિષે જે જ્ઞાન તે કર્ણધાર એટલે ખલાસી સમાન છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઘઉંના દાણાના મૂળરૂપે કાંઈક છે, તેજ પ્રમાણે મનુષ્ય-જન્મના મૂળરૂપે પણ કાંઈક છેજ! અને આ "કાંઈક" તેનુંજ નામ "કર્મ" હવે આગળ ચાલો! કર્મ અને જન્મ આ બે વસ્તુઓ છે એ આપણે નક્કી કર્યું. આપણે એ વાત પણ કબુલ રાખી લીધી છે કે જન્મ અને કર્મ પરસ્પરાવલંબી છે અને તેમની વચ્ચે કાર્યકારણભાવ રહેલો છે. એનો અર્થ એટલોજ ઘટાવી શકાય છે કર્મના મૂળમાં જન્મ છે અને વળી જન્મના મૂળમાં કર્મ છે! અર્થાત્ જેમ ઘઉંનો દાણો અને અંકુરની પરંપરા આપણે અનાદિની માની છે તેજ પ્રમાણે આ જન્મ અને કર્મની પરંપરા પણ અનાદિનીજ છે એમ પોતાની મેળેજ સાબીત થાય છે!

ભાગ્યવાનો તમોને ભલે અનાદિનો ખ્યાલ ના હોઈ શકે. તમે ભલે ગતજન્મના સંસ્મરણો પણ તમારા સ્મૃતિપટલ ઉપર તાજા ન કરી શકો; પણ "જ્યાં ધૂમાડો છે ત્યાં અગ્નિ છે." એ જેમ તમે બુદ્ધિથી માન્ય રાખો છો, તે જ પ્રમાણે "જન્મ-કર્મ પરસ્પરાવલંબી છે માટે તે બંને અનાદિ છે, એમ પણ તમારે બુદ્ધિથી માન્ય રાખેજ છુટકો છે. અસ્તુ, જન્મના મૂળમાં કર્મ છે, ત્યારે હવે વિચાર કરો કે એ કર્મ ક્યારે બંધાયાં હશે? માનસિક, વાચિક કે કાયિક, સુંદર કે અસુંદર પ્રવૃત્તિ હોય છે. ત્યારેજ તે દ્વારા કર્મ બંધાય છે. કર્મ ક્યારે બંધાય છે? આ પ્રશ્નનો જવાબ એટલોજ હોઈ શકે કે જ્યારે માનસિક, વાચિક કે કાયિક

---

જગતને તારાથી કામ નથી, અને તારે જગતથી પ્રયોજન નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રવૃત્તિઓ હોય ત્યારેજ. આ તત્વજ્ઞાનનો વિષય છે તે સમજવો તમારે જરૂરી છે અને તે જો કે કઠિન વિષય છે તો પણ જો તમે સહજ લક્ષ પહોંચાડશો, તો આ સિદ્ધાંત સમજતાં તમોને કઠિનતાનો અનુભવ નહિ થાય. મન નહિ હોય એવા કાયાવાળા જીવો હોય છે મન અને વચન નહિ હોય એવા પણ કાયાવાળા જીવો હોય છે;* પણ કાયા વગરના કોઈ પણ જીવો હોતા નથી. આથી એમ માનવું પડે છે કે મન અને વચન એ બે વસ્તુઓ કાયાને આધારે જ રહેલી છે, અને મન અને વચનનો પાયો તો કાયાજ છે. મન અને વચનનો યોગ રચાય તે પહેલાં કાયયોગ આ રીતે માનવો જ પડે છે. કાયાના યોગે કરીને મન અને ભાષાના પુદ્ગલો (વૈદિક તત્વજ્ઞાનમાં પુદ્ગલોને માટે લગભગ અણુશબ્દ વાપરેલો છે. પાશ્ચમના સાયન્સવાદીઓ વસ્તુઓના નાનામાં નાના અણુને ઇથર જેવા શબ્દથી કેટલેક પ્રસંગે સંબોધે છે; હાલમાં ઈથરથી પણ નાનાં અણુની શોધ થઈ છે. આ સર્વ શબ્દો કરતાં પુદ્ગલ એ વધારે ભાવવાહી શબ્દ હોઇ તે પદાર્થની છેવટની અવિભાજ્ય સ્થિતિનો કણ દર્શાવે છે,) ગ્રહણ થાય છે. ભાષા અને મનને ગ્રહણ કરવામાં કારણભૂત કાયા છે અને તેથીજ મન અને વચનના યોગ પહેલાં જૈનતત્વદર્શીઓએ કાયાનો યોગ પહેલો માન્યો છે. શાસ્ત્રકારોએ પર્યાપ્તિ દર્શાવતી વેળાએ પણ પહેલાં શરીર પર્યાપ્તિજ માની છે. અર્થાત્ પર્યાપ્તિના

* પશ્ચિમના વિદ્વાનોએ પણ આ વાતનો સ્વીકાર કર્યો છે, સોક્રેટીસ, એ આ સિદ્ધાંતનો પહેલો સ્વીકાર કરનારો યુરોપીય-તત્વવેત્તા હતો.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હિસાબે, જૈનદર્શનકારોને હિસાબે અથવા કેન્ટ ઈત્યાદિ પશ્ચિમના તત્વદર્શીઓને હિસાબે પણ પ્રાણીમાત્રને-પછી તે, ગમે તે પ્રકારનો જીવ હો-કાયા છે એમ તો માનવુંજ પડે છે.

## काया विनानो प्राणी नथी.

હવે એ કાયા શાથી થઈ તેનો વિચાર કરો. ઉત્તર એજ છે કે જન્મથી, ત્યારે કર્મથી જન્મ સાબીત થાય છે! કર્મ વગર જન્મ અને જન્મ વગર કર્મ માનીએ, તો પહેલોજ તમોને એ સવાલ મુંઝવશે કે જો કર્મરૂપી વૃક્ષ ઉપસ્થિત થયું છે તો તે શું બીજરૂપી કાંઈક ચીજ-વગર થઈ શકે? જો જન્મરૂપી ફળ માનીએ, તો તમારે એ પ્રશ્નનો ઉત્તર આપવો પડશે કે જન્મરૂપી ફળ શું વૃક્ષ વગરજ પરિણમ્યું છે? આખરે તમારે ઘેર પાછાજ આવવું પડશે અને જેમ બીજ અંકુરની પરંપરા અનાદિની માની છે, તેજ પ્રમાણે તમારે જન્મકર્મની પરંપરાને પણ અનાદિની માનવીજ પડશે. જન્મ પહેલાં કર્મ માની શકાતું નથી, તેજ રીતે કર્મ પહેલાં જન્મ પણ માની શકાતો નથી અર્થાત્ ઘઉંનો દાણો અને અંકુરની માફક આ પણ જન્મ અને કર્મની પરસ્પર સહાયતા આપનારી પરંપરાજ બની. હવે પરંપરામાંના કોઈપણ એક પક્ષને તમે પહેલો માની શકતા નથી, જ્યાં એક બીજા પર અવલંબેલી પરંપરા થઇ શકે એ પરંપરા તમારે અનાદિની માનવીજ પડે છે. આથી આપણે કબુલ રાખીએ છીએ કે જન્મ અને કર્મ એ પણ પરંપરા હોઈ એ અનાદિનીજ છે!!

મહાનુભાવો! તત્વજ્ઞાનનો વિષય ગહન છે અને તેમાં જેમ જેમ ઉંડા ઉતરતા જઈએ છીએ તેમ તેમ

---

હે ચેતન! તારે જગતથી શું કામ છે? જગતને તારાથી શું કામ છે? અર્થાત્ પરસ્પર કંઈ પણ કામ નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શંકાની પણ પરંપરા વધીને તે સામાન્ય માણસને ગુંચવાડામાં નાખે છે! અહીં પણ તમે એવોજ પ્રશ્ન ઉઠાવી શકો છો કે ભલે કર્મ અને જન્મની પરંપરા હોય પણ તેથી તે અનાદિની છે કે આદિની છે, તેની સાથે શ્રોતાઓને શું સંબંધ છે! અમોને તો માત્ર આ બંધ તોડવાનોજ માર્ગ દર્શાવવો હિતકર છે. તમે એમ પણ પ્રશ્ન કરી શકો છો કે બે મિત્રો છે, તેઓ જંગલમાં જાય છે; એક કુવામાં એ સમયે એક છોકરો પડેલો છે. તો આ મુસાફરોએ તે છોકરાને પહેલાં કાઢી લેવો જોઇએ કે એ છોકરો કોનો છે? કયા ગામનો છે? કયા કુળનો છે? ઈત્યાદિ તે બાળકનો ઈતિહાસ શોધવા બેસવું ઘટિત છે? જેમ બાળક કુવામાં પડ્યો: માટે બીજી ગરબડ સરબડ મૂકી દઇને તેને બ્હાર કાઢવો એ કર્તવ્ય છે. તેમ જન્મકર્મ પરંપરા–સિદ્ધ છે, તો હવે તેને આદિ–અનાદિ ઠરાવવાની ગરબડ સરબડ મૂકી દઈને એ પરંપરાને ભેદવાના ઉપાયો દર્શાવવા અને તેજ યોજવા એ કર્તવ્ય છે! ફલાણું અનાદિ છે. અને ફલાણું પરસ્પરાવલંબી છે એવો ટકટકારો ખાલી ઢોંગ છે. એમ પણ તમારા હૃદયમાં કદાચ શંકા થાય એ સંભવિત છે.

## शंका कठण पण जवाब तो सहेलो!

એવી શંકા થાય તો તેથી ડરતા નહિ. શંકાનું તરત નિવેદન કરો અને ધર્મબુદ્ધિએ તેનો તોડ લાવવાનો પ્રશ્ન હાથમાં લ્યો: તો જૈનશાસન તમોને એનો ઉત્તર આપવા તૈયાર છે. ઠીક, હવે અહીં એક સાધારણ ઉદાહરણ લો: તમારા પગમાં એક કાંટો વાગ્યો છે, આ કાંટો બહુ નાનો છે,

---

જેવા ભાવો થવાના હોય તે ભાવો તેવા થશે માટે તેની ચિંતા વડે સર્યું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે તમોને ખૂંચતો પણ નથી. તમને તેનું સંકટ પણ નથી! હવે હું એમ પૂછું છું કે આ કાંટો કાઢવાને માટે તમે વિલાયતથી સીવીલસર્જન બોલાવી તેની પાછળ કરોડો રૂપીઆનો ખર્ચ કરશો કે? નહિજ. હવે ધારો કે તમોને કાચ વાગ્યો છે. કાચનો ટુકડો અંદર રહી ગયો છે ભયંકર દર્દ થયું. છે, હેરાનગતિનો પાર નથી, તાવ લાગુ પડ્યો છે જીવવાની આશા નથી અને તમે તમારી તિજોરી તર રાખી છે, તો હવે તમે શું કરશો? જો તમોને એમ ખબર થાય કે જર્મનીમાં ફલાણો ડાક્ટર છે અને તે આ વિષયનો નિષ્ણાત છે; તો તમો લાખ રૂપીઆ આપીને પણ તેને બોલાવશો. આ ઉદાહરણ ઉપરથી સહજ તમારા ખ્યાલમાં એ વાત આવીજ જવી જોઈએ કે જલ્લદ ઉપાયો આપણે ત્યારેજ લઈએ છીએ કે જ્યારે રોગની મહાભયાનક પીડાનું આપણને જ્ઞાન થાય છે. ધારો કે એક નાદાન છોકરાને ક્ષય લાગુ પડયો છે. દરરોજ છોકરાનો બાપ તેને બોર ખાવાને એકેક પૈસો આપે છે. અને એક વૈદ્ય પણ પૈસોજ દવાની ફી લઈ ક્ષય મટાડવાની દવા આપે છે. હવે આ છોકરો દવા લેશે કે બોર લેશે? છોકરો પૈસાની દવાનો ત્યાગ કરીને પૈસાના બોર લેવાનુંજ વધારે પસંદ કરશે. આ ઉદાહરણો આપણને એમ કહી આપે છે કે દવા કરવાનો ત્યારેજ ખ્યાલ આવે છે કે "રોગ" છે એ ધ્યાનમાં આવે છે; અને એ દવા, એ ઉપાય જલ્લદપણે ત્યારે જ થાય છે કે જ્યારે રોગની ભયંકરતાનો ખ્યાલ આપણા મનમાં વસે છે!!

એજ સ્થિતિ જનતાની પણ છે જીવ જન્મ અને કર્મની

---

મારો જન્મ કૃતાર્થ છે, કારણ કે મને જિનેશ્વરે પ્રરૂપેલો માર્ગ પ્રાપ્ત થયો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જંજાળમાં જકડાએલો છે એ ખબર પડે, તોજ તેનો નાશ કરવાની—એ જંજાળને તોડવાની ઈચ્છા થાય છે માટેજ જીવ જન્મ અને કર્મની જંજાળમાં જકડાએલો છે એ વાત તમારા ખ્યાલમાં લાવવી જ જોઇએ. જીવને જન્મ અને કર્મનો રોગ લાગુ પડ્યો છે એ વાત હવે તમે કબુલ રાખી, પણ હવે એ રોગ કેવો ભયંકર છે અને કેટલો જુનો છે, તે વાત તમારા ખ્યાલ પર લાવવી જોઈએ, કારણ કે એ રોગની ભયંકરતાનો જ્યારે તમોને ખ્યાલ આવશે ત્યારેજ તમો તેને ઘટિત એવાં જલ્દ પગલાં લેવા માંડશો.

## जुनो रोग छे माटे उपाय जल्द जोइए.

મહાનુભાવો! આ પ્રમાણે આત્માને લાગેલી જન્મ કર્મની જંજાળ ભયંકર છે. તે સુજનજુની છે, તે રાક્ષસી રોગ છે; એવું બતાવવાને માટેજ અને તેનો તમારા મગજમાં ખ્યાલ લાવવાને માટેજ શાસ્ત્ર તમોને વારંવાર ટોકીટોકીને અમોને એવું તમને કહેવાની ફરજ પાડે છે કે—

"ચેતો! ચેતો! આત્માને જન્મકર્મનો લાગેલો રોગ અનાદિનો છે અનાદિનો છે, અનાદિનો છે.!" જન્મમરણના આ ભયંકર રોગનો તમોને ખ્યાલ હોવોજ જોઈએ. રોગથી મૂર્છામાં પડેલા માણસનું શીર ફૂટી જાય, તો તેની ભયંકરતાનો તેને ખ્યાલ હોતો નથી, પણ તેને ખ્યાલ નથી, માટે માથું ફૂટીને લોહી વહી જવાનું પરિણામ તેને છોડી દેવાનું નથી. અર્થાત્ વસ્તુની મહત્તા ન સમજીએ, તો પણ તેમાં રહેલો

---

સંસારસમુદ્રનું મૂળ કારણ રાગ અને દ્વેષ એ બે છે માટે ભવસાગર તરવાની ઈચ્છાવાળાએ એ બેનો સદંતર ત્યાગ કરવો જોઇએ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્વભાવ તો તેનું ફળ ક્ષણના પણ વિલંબ વિના આપેજ જાય છે. વિજળીના બળની ભયાનકતા ન સમજો. એ પ્રવાહ શી રીતે ઉત્પન્ન થાય છે એ ભલે ન સમજો. પણ જ્યાં વિજળીનો તાર તમે પકડ્યો કે ખલાસ. એજ સેકંડમાં તેનો આંચકો તમોને પુરા કરી નાખે છે. એજ પ્રમાણે જીવ, કર્મ અને જન્મની ભયંકરતાને સમજી શકતો હોય, તેથી કાંઈ કર્મની ભયંકરતા તેને છોડી દેવાની નથી. ભયંકરતા ન સમજવાથી લાભ છેજ નહિ, અને જો એ ભયંકરતાને સમજી લઈએ તો તેવોજ જલ્દ ઉપાય યોજવાનું પણ બની શકે એમ છે, આવા સંયોગોમાં કોઈ પણ ડાહ્યો માણસ ભયંકરતાને સમજી લેવામાંજ ડહાપણ માનશે એજ પ્રમાણે કર્મ અને અને જન્મ અનાદિના છે એવી પણ તેની ભયંકરતાનો ખ્યાલ તમારે કરી લેવામાંજ લાભ છે.

**भयंकरता जाणवामां लाभ छे; नहि जाणवामां नहि.**

પહેલો એક કર્મ વિનાનો જન્મ કલ્પો, જો આ કલ્પના ખ્યાલમાં આવી જતે તો આત્મા પહેલેજ જન્મે જન્મ ઉપર ધિક્કાર વરસાવત. તેનું સ્મરણ સરખું પણ નહિજ કરત. અલબત્ત જે બેશરમી છે. જેને ગર્ભવાસના દુર્ગતિ યુક્ત દુઃખોમાંજ મઝા આવે છે, તેવાની વાતો દૂર રાખો, પણ જે એવો બેશરમી નથી, નફ્ફટ નથી, તેને તો જરૂર પહેલેજ જન્મે જન્મ ઉપર શરમ અને તિરસ્કાર આવત. યાદ રાખો કે આ સઘળું કર્મ કરાવે છે. તમે કદાચ આ કમને ન માનો, તેની હસ્તિ સ્વીકારવાની ના પાડી 'કર્મ' જેવી કોઈ ચીજ

---

હે જીવ! આત્મસ્વરૂપથી બીજી શ્રેષ્ઠ જોવા યોગ્ય કોઇ પણ વસ્તુ નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નથીજ એવો દાવો કરો તો તમારા આવા વિતંડાવાદથી કર્મ કાંઈ તેની ભયંકરતાનો ત્યાગ કરી દેવાનું નથી. સસલાની આગળ કુતરો દોડતો આવી રહ્યો છે. સસલો આંખ મીંચી લે છે તેથી એમ નથી થતું કે સસલો બચી જાય છે આંધળો સાપને નથી દેખી શકતો માટે તેને સાપ નહિ કરડે એવો નિયમ નથીજ. ત્યારે હવે એવો પ્રશ્ન ઉપજે છે કે વસ્તુ જો કે તેના સ્વભાવનું પરિણામ તો ઉપજાવવાનીજ છે ત્યારે હવે એ વસ્તુની ભયંકરતા જાણવાથી લાભ છે કે તેની ભયંકરતા ન જાણવાથી લાભ છેઃ આંધળો ન દેખી શકે તેથી સર્પ તેને છોડતો નથી પણ જો તે દેખતો હોય, સાપનું ચમકૃત્ય જાણતો હોય તો તે સાપને દૂર ફેંકી દઇ શકે છે. એજ પ્રમાણે કર્મને ફેંકી દેવાના પ્રયત્નો પણ તેજ કરી શકે કે જે એની ભયંકરતા જાણે છે. અર્થાત્ હવે તમારે કબુલ રાખવું જ પડશે કે જન્મ અને કર્મમાં આત્મા ફસાએલો છે એટલુંજ તમારે જાણવાની જરૂર નથીજ પણ એ ફસામણ અનાદિની છે એ ભયંકરતા પણ તમારે જાણવી જ રહી. અને તે ભયંકરતા પણ અમારે તમોને દર્શાવવીજ રહી.

જે સાપ દેખે છે તેજ સાપને દૂર ફેંકી દઇ શકે છે તેજ પ્રમાણે કર્મ અને તેના કારણો તથા એની ભયંકરતા પણ જે જાણતો હોય તેજ એને દૂર ફેંકવાના યત્નો કરી શકે છે દસ બાર દહાડા લાગલાગટ તાવ આવે છે ત્યાં તો આપણે ગભરાઈ જઈએ છીએ. દસ બાર મહિના જો

---

હે પુણ્યવંત ! જો તને તીવ્ર વિચારવાની ઈચ્છા હોય તો સ્વરૂપથી આત્માને વિચાર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લાગલાગટ તાવ આવે તો ક્ષયની બ્હીક આપણને ગભરાવે છે. દાક્તર કહે છે કે ક્ષય છે, પરેજી કરો, તેલનો સ્પર્શ ન કરો, મીઠામરચાની ગંધ પણ ન લેશો, તો આપણે તે કબુલ રાખીએ છીએ. હવે જો હાડકાં ચામડાનો તાવ આટલો બધો ભયંકર છે અને તેને ટાળવાને માટે આપણે આવા આકળા થઈને ઉપાયો કરીએ છીએ. તો પછી તમેજ ખ્યાલ કરો કે આત્માને જે કષાયોરૂપી તાવ લાગેલો છે તેને ટાળવાને માટે આપણે તેટલીજ ઉત્સુકતાથી પ્રયત્નો શા માટે કરતા નથી ? આનું કારણ એટલુંજ છે કે એ આત્માના તાવની ભયંકરતા અને તેના જુનાપણાથી આપણે અજ્ઞાત છીએ. એ ભયંકરતાનો અને આત્માના તાવની મહત્તાનો જો માણસને ખ્યાલ હોત તો જેમ શરીરના તાવને તે ભયંકર લેખે છે અને તેને ટાળવાના યત્નો કરે છે તેવાજ યત્નો તેણે આત્માનો તાવ ટાળવાને માટે પણ અવશ્ય કીધાજ હોત. શરીરનો તાવ શરીરનો નાશ કરી આત્માને છૂટો પાડે છે પણ આત્માનો તાવ તો એવો ઝેરી છે કે ત્યાંથી જો નિગોદમાં ગયા તો ખલાસ. એ તાવ આ રીતે નિગોદમાં મોકલે, તો ત્યાં ચાર ઇન્દ્રિયોનો લોપ અને માત્ર એકજ ઇન્દ્રિય હોય તેવા ભવમાં જન્મ મળે છે અને ત્યાં ભટકવું પડે છે.

તાવની ભયંકરતાની ખબર નથી, એ તાવ ક્ષયનો છે એમ જે જાણતો નથી, તેવો માણસ ચરી પાળવાની જરૂર પણ નહિ સમજી શકે એ વાત તદ્દન વાસ્તવિક છે. જે માણસ ક્ષયની ભયંકરતા જાણતો નથી તેને તમે ચરી પાળવાનું કહેશો તો તમોને એ તમારો શત્રુ જાણશે. તમોને જોશે

પૂર્વે બાંધેલા તે પાપકર્મની શ્રેણીનો આ વિપાક છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ત્યાંથી તમારા ઉપર દાંતીઆ કરશે અને છતાંએ જો તમો તેને બળાત્કારે ચરી પળાવવા જશો તો છેવટે બજારૂ હોટલોમાં પણ જઈને તે ચરી ભાંગી આવે છે. આ બધાનું કારણ એટલુંજ છે કે રોગની ભયંકરતાનો ખ્યાલ એ માણસના દીલમાં હજી વસ્યો નથી. એજ પ્રમાણે શ્રી જિનેશ્વરદેવો એ આપણા આત્મિક ધન્વંતરીઓનું કામ કરે છે. દાક્તર તો એક ભવના શારીરિક રોગનો વિનાશક છે પણ જિનેશ્વર ભગવાનો તો આત્માના ભવોભવના રોગના વિનાશક છે. જે દરદી રોગનું મહત્વ સમજ્યો છે તે રોગી તો પોતાને માટે દાક્તરની આવશ્યકતા અને તેની ઉપકારકતાને સમજીજ જાય છે પણ જે રોગી રોગની મહત્તા નથી સમજ્યો, તેને માટે શો ઉપાય કરવો પડે છે; તેનો જરા ખ્યાલ કરો. મોટો સમજણો દરદી હોય તો તેને સમજાવી, ધમકાવીને દવા પાવામાં આવે છે, અને જો દરદી બાળક હોય તો તેને મિઠાઈની લાલચ આપીને પણ દવા પાવામાં આવે છે જેમ મીઠાઈની લાલચ આપીને અજ્ઞાનને દવા પાવામાં આવે છે, તેજ રીતે ધર્મ કરવાને પંથે પણ વિષયકષાયોનો યથાર્થ ખ્યાલ નહિ રાખનારા માનવીઓને પરાણે પ્રેરવા પડે છે. લાલચ દેખાડીને પણ તેમને ધર્મમય જીવન ગાળનારા બનાવવા પડે છે અને એમ કરવામાં જરૂર કર્તવ્ય રહેલું છે.

પ્રભાવનામાં પતાસાં, પેંડા, નાળિએર વગેરે વહેંચવામાં આવે છે. આપણે કબુલ કરવુંજ પડશે કે એટલી એ લાલચ છે, પણ આ લાલચ શા માટે આપવામાં આવે છે? મનુષ્યોને

---

હે નાથ! જાગતો છતો પણ ક્ષણ પછી મારું શું થશે તે હું જાણતો નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધર્મને પંથે પ્રેરવા માટે; નહિ કે કોઈ બીજા કારણને માટે, તે છતાં એટલું તો કહેવું જ પડશે કે જેમ પતાસાંની લાલચે દવા પીનારા દવાની મહત્તાને કે રોગની ભયંકરતાને સમજી શકેલા નથી, તેજ પ્રમાણે પ્રભાવનાની લાલચે વ્યાખ્યાન સાંભળવા આવનારાઓ અથવા લાડવા માટે પૌષધ કરનારાઓ એ વ્રતોને અને આત્માને લાગુ પડેલા તાવની ભયંકરતાને સમજી શકયા નથી. આજે ભલે તેઓ લાલચથી ધર્મનું વર્તન કરે છે, આજે ભલે લાડવાની લાલચે પૌષધ કરે છે, પણ નક્કી માનજો કે આજે જેઓ કોઈ જાતની લાલચથી પણ ધર્માચરણ કરે છે તેઓ આવતી કાલથી લાલચ વિના પણ તેમ કરવાને જરૂર પ્રેરાયા વિના નહિ રહે!

## तमारा शत्रुने ओलखो

બાળક નાનો છે, દવા પીતો નથી તેથી, તેને ગોળનો લાડુ બતાવી દવા પાવી પડે છે. આ ગોળનો લાડુ બાળક ન ખાય એ આપણી સૌની ઈચ્છા છે, પણ ગોળના લાડુ વિના તે દવા નહિજ પીતો હોય તો "ગોળનો લાડુએ ન આપો અને દવાએ ન આપો!" એવું પ્રતિપાદન કરીને બાળકની દવા તોડાવી નાખનારને તમો કેવો માનશો! જરૂર એમ કહેવુંજ પડશે કે જે બાળકની દવા તોડાવી નાખે છે તે બાળકનો મિત્ર નથી પણ શત્રુ છે. એજ પ્રમાણે ધર્માચરણ માટે પણ સમજી લો! લાડુ, પતાસાંની પ્રભાવના વિના અજ્ઞજન ધર્મવર્તન નથી કરી શકતો; તો એવા "અજ્ઞાનને લાલચ પણ ન આપો અને તેની પાસે ધર્મક્રિયા

---

જે મંત્રી અગ્નિમાં રહ્યા છતાં ધ્યાનથી ચલાયમાન ન થયો તે ચાણાક્ય મંત્રી પ્રશંસનીય કેમ ન બને?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પણ ન કરાવો" એવું કહેનારો પેલા અજ્ઞાન માણસનો શત્રુ-ભયંકર શત્રુ છે. જેમ બુદ્ધિહીન બાળકની દવા રોકનારો બાળકનો શત્રુ છે તેજ પ્રમાણે ધર્માચરણ રોકનારો તે માણસનો પણ પરમ શત્રુજ છે. અલબત્ત લાલચ રોકવા જેવી છે, એની તો કોઈપણ ના પાડી શકતું જ નથી, પણ આજે જે ધર્મની યથાર્થ કિંમત સમજ્યા વિના લાડુ, પતાસાં કે નાળિયેરથી ધર્મક્રિયા કરવાને પ્રેરાય છે, તે કાલે ધર્મવર્તનની મહત્તા સમજતાં આપોઆપ પોતે તો લાલચનો ત્યાગ કરશેજ; પણ બીજાને પણ લાડવા આપી પૌષધ કરાવવાની પ્રવૃત્તિને આદરશેજ; એ વસ્તુ નિર્વિવાદ છે. અર્થાત્ દવા રોકનારો બાળકનો શત્રુ છે તેમ "લાડવા આપીને પૌષધ શા માટે કરાવવો." એવું કહીને આજે જેઓ ધાર્મિક ક્રિયાઓને અવરોધવાની વાતો કરે છે તેઓ પણ માની લ્યો કે માનવ-સમાજના મહાભારત શત્રુઓજ છે.

આ કથનનો અર્થ પણ એટલોજ છે કે દ્રવ્યક્રિયા પણ પણ રોકવા જેવી તો નથીજ. આજે જે દ્રવ્યક્રિયાથી ધર્મમાં જોડાએલો છે તે દ્રવ્યક્રિયા વગર પણ સ્વતંત્ર ધર્મપાલન કરવા તો શીખવાનોજ છે. માત્ર એ વાતાવરણને વાર લાગશે. એ જ્યારે સમજણો થશે. ધર્મની સાચી મહત્તાને સમજશે. દ્રવ્યક્રિયા વિનાના ધર્માચરણની ઉત્તમતા દેખશે કે પછી તરતજ એ લાડવા માટે પૌષધ કરનારો કિંવા પ્રભાવના માટે વ્યાખ્યાન સાંભળનારો નહિંજ રહે, પણ એ સમજણો થયો નથી તે સ્વતંત્ર ધર્મની મહત્તાને જોઈ શક્યો નથી ત્યાં સુધી તે દ્રવ્યક્રિયાને અનુસરીને પણ ધર્માચરણ કરતો હોય, તો



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એનું ધર્માચરણ "લાડુ સાથેની દવા" પ્રમાણે ચાલવા દેવું જોઈએ અને એવા ધર્માચરણ સામે જેઓ લાલ આંખો કરે છે તેઓ નિઃસંશય સમાજના શત્રુઓ છે મિત્રો તો નથીજ. એ તમારે સમજી લેવું ઘટે.

બાળક દવા નથી પીતો, ત્યારે તેના માબાપ તે બાળકને બળાત્કારે દવા પાય છે. આ દવા પાવામાં માતાપિતાની શું ક્રૂરતા છે એમ તમો કહી શકશો? કોઈ પણ સમજણો માણસ એમ કદી ન કહે કે આ રીતે માબાપ બાળકો પર અત્યાચાર કરે છે. બાળક વધારે તોફાની હોય. દવાનું નામ સાંભળીને કંપતો હોય ત્યારે માબાપને બાળકોને પરાણે પકડીને તેના મોઢામાં વેલણ ઘાલીને તેને દવા પાવી પડે છે. દોઢડાહ્યાઓ આ પ્રસંગે માબાપોની ક્રૂરતા જુએ છે પરંતુ તેઓ દવાને અંગે માતા-પિતાની દયાને નથી જોઈ શકતા એટલુંજ નહિ પણ સામા પેલા છોકરાને શિખામણ આપવા તૈયાર થાય છે કે-તારા માબાપ ઘાતકી છે, હવે દવા પાવા આવે તો સત્યાગ્રહ કરજે. દવા ન પીતો, મોઢું ના ઉઘાડતો અને મોઢામાં બળાત્કારે વેલણ નાખે તો એને પકડી લેજે.

કહો મહાનુભાવો! આવા સલાહકારોને તો બાળકોના મિત્રો કહેશો કે બાળકોના ઘોર શત્રુઓ કહેશો? તમારે આવા મૂર્ખા સલાહકારોની ગણના બાળકોના શત્રુઓમાં જ કરવી પડશે, આવી રીતના મૂર્ખાઓ ધર્મને વિષે પણ નજરે પડે છે; જેમ બાળક આવા મૂર્ખા સલાહકારોનેજ

---

શાંતિવાળો આત્મા સમાધિમાં જોડાય છે અને તેમાં જોડાવા માટે પૂર્વપુરુષોનાં ચરિત્રો ચિત્તમાં ધારણ કરે છે,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અવલંબે તો રોગથી તે બાળકનો વિનાશ જ થાય છે તેજ પ્રમાણે ધર્મને વિષે પણ આવા જે મૂર્ખાઓ છે તેમને અનુસરનારાઓની એવીજ દશા થાય છે.

## આત્માની રખડપટ્ટીનો ખ્યાલ કરો.

સાધુની પાસે છોકરાને બે કલાક ભણવા બેસાડ્યો: બાળકે ઉપવાસ કર્યો, પૌષધ કર્યો કે આવા નકલી ધુતારાઓ તરત બૂમ મારી ઉઠે છે કે– "અરે બિચારાને ગોંધી મૂકયો, બિચારાને ભૂખે માર્યો:" આવા આવા શબ્દો બોલીને આ મૂર્ખાઓ દવારૂપી ધર્મક્રિયાથી ખોટી દયા ખાઈ મનુષ્યોને ઉપવાસાદિમાંથી રોકે છે પણ દીલગીરીનો વિષય છે કે તેઓ અધમ આત્માની ભયંકર રખડપટ્ટીનો ખ્યાલ કરી શકતા નથી. આવા સલાહકારો પોતે ડુબે છે અને સાથે સાથે તેઓ બીજાને પણ ડુબાડતા જાય છે. વિચારોજ ન કરનારા કરતાં વિચારો કરનારો સારો છે, જેને બિલકુલ ધર્મ સાથે લેવા–દેવાજ નથી, તેના વિચાર સરખા પણ જેના મનમાં આવતા નથી, તેના કરતાં જેના અંતરમાં "હું ધર્મ ક્યારે સાધીશ એવો વિચાર આવે છે તે પણ ઉત્તમ છે. તેજ પ્રમાણે દ્રવ્યથી થએલી ધર્મપ્રવૃત્તિ પણ સારી છે કારણ કે તેથી ધાર્મિક ભાવની ઉત્પત્તિ થવા પામે છે.

## સારામાં સારો વારસો કયો?

તમો અહીં એવો પ્રશ્ન ઉઠાવશો કે શું ધર્મ બળાત્કારથી પણ થાય છે ખરો? ઠીક. તમારા પ્રશ્નનો આપણે ધીરજપૂર્વક વિચાર કરીએ. આ પ્રશ્ન સમજવા માટે એક

---

જો જ્ઞાન શુભ સંસ્કાર કરવામાં સમર્થ ન થાય તો તે જ્ઞાન ભયને કરનાર થાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉદાહરણ લ્યો. એક શ્રીમંત શેઠ છે. શેઠ ઘણો વિદ્વાન્ છે. વિદ્વાન્ છે, તેવોજ તે ધર્મનિષ્ઠ પણ છે. તેની ધર્મશ્રદ્ધા અતૂલ છે. ધર્મની પાછળ તે સહુ કાંઈ ફગાવી દેવાને તૈયાર છે. આ શેઠને એક છોકરો છેઃ દેવતાને ઓલવી નાખીએ એટલે તેના જેમ કોલસા થાય છે તેમ આ શેઠજીનો છોકરો નર્યો કોલસા જેવો છે. ધર્મ શી ચીજ છે તેનું સ્મરણ પણ તેને કંપાવે છે. શેઠે વિચાર કર્યો કે; કયાં હું આવો ધર્મનિષ્ઠ અને કયાં આ મારૂં સંતાન મારાથી સર્વથા ઉલટું. શેઠે તો હવે દરરોજ તેને ધર્મના વ્યાખ્યાનો કહેવા માંડ્યાં, તેને ધાર્મિક પુસ્તકો વાંચવા આપવા માંડ્યાં. ગુરુ પાસે મોકલવા માંડ્યો. પણ છોકરો એવો પત્થર જેવો કે કાંઈ દહાડો વળેજ નહિ. શેઠે વિચાર કર્યો કે કોઈપણ રીતે મારે આને સુધારવો તો જોઈએજ. પત્થર-હીરા, મોતી, માણેકના માલિકો પોતાના વારસામાં પત્થર અને હાડકાં આપે છે. જે જેની પાસે હોય તે તેને વારસામાં આપે છે, ત્યારે મારી ધર્મવૃત્તિ પણ ત્યારેજ પ્રમાણ છે કે જ્યારે હું મારી એ ધર્મવૃત્તિનોજ વારસો આપી શકું. હું તમોને પૂછું છું કે પેલા શેઠની એ વૃત્તિ શું ગેરવ્યાજબી હતી? નહિ. જરાપણ નહિ. તમારા કુળમાં આત્મા જન્મે છે એના આત્માને ફાયદો શો? આત્મા જૈનકુળમાં કયો ભરોસો રાખીને આવે છે તે જાણો છો? ગયા ભવમાં આત્મા; જૈનકુલ વિના જૈનધર્મ વિના ચક્રવર્તિપદ મળતું હોય; તો તે ન જોઇએ પણ જૈનકુળ મળે—જૈનધર્મ મળે અને ત્યાં ભયંકર દરિદ્રતા હોય તો તે મને કબુલ છે; એવો ભરોસો રાખીને—એવો

---

હે જીવ! સિદ્ધાન્તરૂપી સમુદ્રમાંથી તેવું વચન શોધ કે જેથી તું તે વચન વડે શુભ-સમાધિવાળું મરણ પામે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિશ્વાસ રાખીને આત્મા તમારે ત્યાં જૈનકુળમાં જન્મે છે. પત્થરનો વારસો તો અન્યદર્શનીઓ પણ આપેજ છે ને? ત્યારે તમારે શ્રેષ્ઠ વારસો કયો આપવાનો છે? ધર્મવૃત્તિનો. અને જો એ વારસો તમે આપો તોજ તમારા ઉપર વિશ્વાસ રાખી તમારે ત્યાં આત્માએ જન્મ લીધેલો પણ પ્રમાણ છે. આત્માએ રાખેલા વિશ્વાસને તમે વફાદાર ન રહો, એ વારસો તમો તેને ન આપો તો સમજો કે તમો વિશ્વાસઘાતી છોઃ તમે ભયંકર વિશ્વાસઘાત કર્યો છે શેઠે આવા વિચારો પોતાના અંતરમાં વણી લીધા હતા. તેનું હૃદય જાણે ધર્મનું ક્ષેત્રજ બની ગયું હતું. હવે જેમ જેમ પેલો છોકરો વધારે અધર્મ આદરતો જાય, તેમ તેમ શેઠને વધારે ગ્લાનિ થાય અને શેઠ સંતાનને સુધારવા માટે વધારે અને વધારે પ્રમાણમાં પરિશ્રમ લેતો જાય. શેઠે વિચાર કર્યો કે મારો પુત્ર પીળા ચાંદલાને શરણે આવ્યો છે. આપણા બોર્ડ નીચે આવ્યો છે. આપણું બોર્ડ વાંચી તે આપણા કુળમાં જન્મ્યો છે માટે જો તેને ધર્મ ન આપીએ તો તેણે આપણું વાંચેલું બોર્ડ નકામુંજ ગયું છે અને આપણે બોર્ડ ખોટું માર્યું છે એજ તેનો અર્થ થાય છે. એ જૈનધર્મનું બોર્ડ કયું? પીળો ચાંદલો.

## પીળો ચાંદલો એ જૈનધર્મનું બોર્ડ છેઃ

હવે તમે વિચાર કરોઃ દાક્તરે દવાખાનાનું પાટિયું માર્યું છે. દવાખાનામાં દાક્તર સાહેબ પગ પર પગ ચઢાવીને બેઠા પણ છે પરંતુ દાક્તર સાહેબ પાસે દવા નથી. અથવા દવા છે પણ

---

સમાધિ–માર્ગમાં જેને પગ મૂક્યો નથી તે પુરુષ મુક્તિની ઈચ્છાવાળો હોવા છતાં પણ મુક્તિને પામતો નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેઓ તે આપતા નથી. વિચાર કરો, તમે આ દાક્તરને કર્તવ્યપરાયણતા વિનાનો કહેશો કે બીજું કાંઈ? તેણે બોર્ડ મારીને લોકોને છેતર્યા છે એજ તેનો અર્થ થાય કે બીજું કાંઈ? હવે તમારી સ્થિતિનો વિચાર કરો: તમે જૈનત્વનું બોર્ડ માર્યું છે. કપાળમાં પીળો ચાંદલો કર્યો છે અને તે બોર્ડ માર્યા છતાં એ બોર્ડ પર વિશ્વાસ રાખી ચક્રવર્તીની રિદ્ધિસિદ્ધિ છોડીને તમારે ત્યાં આવેલાને તમે જૈનત્વ ન આપી શકો તો તમે પણ પેલા દાક્તરના જેવાજ વિશ્વાસઘાતી અને દંભી ગણાઓ કે બીજું કાંઈ? પેલો બિચારો શેઠ આવા વિચારમાં ખૂબ મુંઝાયો. છેવટે તેણે તેનો રસ્તો શોધી કાઢ્યો. ઘરમાં જવા આવવાનું જે બારણું હતું તે તોડી નંખાવ્યું: બારણું તદ્દન નાનું કરાવી નાંખ્યું. હવે બારણામાંથી જતાં પેલા છોકરાને વાંકા વળીને જવું પડે અને પછી ઉંચે જોવું પડે. આ બારણામાંથી નીકળતા જે જગાએ નજર પડતી હતી, તે જગા ઉપર શેઠે શ્રીજિનેશ્વર-દેવની પ્રતિમા મૂકાવી દીધી, અને આ રીતે પેલા છોકરાને બારણામાંથી નીકળતાં અને પેસતાં હંમેશા શ્રી જિનેશ્વરદેવના દર્શન થવા લાગ્યા. આ જો કે અરૂચિ બળાત્કાર છે, પેલો છોકરો શ્રી જિનેશ્વરને દેવ તરીકે માનતો નથી પણ તે છતાં પિતા તેને ધર્મ પમાડવાના પ્રયત્ન કરે છે. આવા પ્રયત્નો જરૂર વંદનીય છે, તેનો વિરોધ જેઓ મગશેળીયા જેવા હોય તેઓજ કરી શકે, બીજો નહિ. મગશેળીયો ફાટે ત્યારે તે

---

અજ્ઞાને આંધળા, ચપળ ઇન્દ્રિયોવાળા એવા જીવે પહેલાં જે પાપ બાંધ્યું તેનું આ વિષમપણું થયું અને વૃદ્ધિ-વાળું વિપાકથી યુક્ત આ ભયંકર પરિણામ આવ્યું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કોઈનો થતો નથી. મગશેળીયો બકવા લાગ્યો કે કોની તાકાત છે કે મને ઓછો કરે ? તરત પુષ્કરાવર્તની વૃષ્ટિ થઈ. પણ વૃષ્ટિ થતાંજ મગશેળીયો ધૂળમાં દટાઇ ગયો. વર્ષા બંધ થઈ, એટલે પાછો નીકળ્યો. ન ભેદાયો ન ભિંજાયો અને વળી ઉપરથી મશ્કરી કરવા લાગ્યો. આવા મગશેળીયા આજે પણ બહુ છે. પોતાનામાં ધર્મની રૂચિ નથી અને બીજા ધર્મને પમાડવાનો યત્ન કરે છે તેની હાંસી કરે છે. આવાને મગશેળીયા માનીનેજ આપણે જતા કરવા જોઈએ. શેઠે ઘણા ઘણા પરિશ્રમો વેઠ્યા, પુષ્કળ પુષ્કળ યત્નો કર્યા પણ બંદાએ પકડેલું પુછડું તે છોડે તેવો ન હતો. શ્રાવકકુળમાં જન્મ, સંસ્કારી અને સુધર્મી પિતા એટલી બધી સંપત્તિ કે પાપ આચરીને પૈસા પેદા કરવાની તો વૃત્તિ પણ ન થાય. વૈમાનિક દેવતાની સ્થિતિ મેળવી શકે તેવો સુંદર યોગ હોવા છતાં; એ અકર્મીએ તેનો લાભ ન લીધો અને પરિણામ એ આવ્યું કે ગયો માછલામાં અસંખ્યાત યોજન ઉપર તે જળમાં માછલાની સ્થિતિને પામ્યો. હવે તો માછલાંની સ્થિતિ મળી છે. ભાઈ પાણીમાં મઝા કરેછે, નાની નાની માછલીઓ ખાઈ આનંદ ભોગવે છે. એટલામાં એક દિવસ ઓચિંતી જિનેશ્વરની મૂર્તિના આકારની માછલી તેની નજરે પડી. આ માછલીને જોતાંજ તેનો જિનપ્રતિમા જેવો આકાર જોઈ તેને જાતિસ્મરણ થયું. પિતાએ પોતાને ધર્મપંથે વાળવા કરેલી પ્રવૃત્તિ યાદ આવી. પોતે કરેલી ભૂલ માટે પસ્તાવો થયો અને જિનમૂર્તિના દર્શનથી સમ્યક્ત્વ પામી તે દેવલોકે ગયો.

## बलात्कारे थएलो धर्म पण तारे छे.

મહાનુભાવો ! હવે તમેજ વિચારો કે બળાત્કારે કરાવેલું

આ સંસારમાં જીવો જુદા જુદા કર્મોવાળા હોય છે.

ધર્માચરણ પણ ફળ આપે છે કે નહિ? તમે સાધારણ ઉદાહરણ ધ્યાનમાં લેશો તો પણ આ વિષયની મહત્તા તમારા ખ્યાલમાં આવ્યા વિના રહેવાની નથી. સોમલ, સોમલના ગુણદોષ તો તમે જાણોજ છોને. હવે ધારો કે એ સોમલ કોઈએ તમોને બળાત્કારે ખવાડી દીધો છે તો શું એ સોમલના પરિણામો તમારે નહિ ભોગવવાં પડે. બળાત્કારે સોમલ ખાનારો પણ મરણ પામે છે. અજ્ઞાનતાથી ગોળમાં લપેટેલો સોમલ ખાનાર પણ મરે છે, રાજીખુશીથી સોમલ ગોળમાં વીંટાળીને સોમલ ખાનારો પણ મરે છે, સોમલ છે અને તે સ્વાદમાં દુષ્ટ છે એવું જાણીને પણ તે ખાનારો મરે છે અને પોતે શું ખાય છે એની બેદરકારી રાખીને જે અજ્ઞાનવશ સોમલ ખાય છે તે પણ મરે છે. અર્થાત્ કે ગમે તે પ્રકારે સોમલ ખાનારને સોમલના પુદ્ગલો પોતાનો પ્રભાવ બતાવે છે. તેજ રીતે ધર્માચરણ પણ ગમે તે પ્રકારે થયું હોય તે છતાં તે તારનારૂં છે, એ હવે સિદ્ધ થાય છે.

આ ઉપરથી તમે સમજી શકશો કે દ્રવ્યનું અનુષ્ઠાન ક્રિયાધર્મ એ રોકવા યોગ્ય નથી. આજે જે દ્રવ્યનું અનુષ્ઠાન પાળનારો હશે તે જ્યારે ધર્મની મહત્તા સમજશે ત્યારે તે આપોઆપ સાચા શુદ્ધધર્મના માર્ગ પર આવશે. જ્યારે છોકરો જાણતો થશે કે મને ક્ષય થયો છે, ત્યારે તે ગોળ વિના પણ દવાની ભુકી તમોને વગર પૂછે ગળા નીચે ઉતારી જશે. આજે દ્રવ્યમાં હશે તો કાલે ભાવમાં આવશે. માટે અલબત્ત અવગુણ રોકવા તો યત્નો કરવાજ જોઈએ પણ

---

રત્નત્રયીથી–સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્રથી બીજુ કોઈ આત્માનું સ્વરૂપ નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દ્રવ્યક્રિયા કદિ પણ રોકવી નજ જોઈએ. એક માણસને ઉધરસ થઈ છે. ઉધરસ ટાળવા માટે ડાક્તર તેને બીડીને ત્યાગ કરવાનું કહે છે. હવે આ માણસ બીડીના ત્યાગના પચ્ચક્ખાણ માગે છે, તો એ માણસને પચ્ચક્ખાણ આપવા કે ન આપવા? જરૂર અપાય. આજે એ રીતે પચ્ચક્ખાણ લેશે, તો તે ધર્મસરણીને પહેલે પગથીએ આવશે. પહેલે પગથીએ આવેલાને કાલે ઉંચે ચઢવાનું જ્ઞાન થશે. દ્રવ્યથી પચ્ચક્ખાણ માગે છે તો પણ તેને તે આપવા એજ કર્તવ્ય છે, પણ ખાતરી રાખો કે આજે દ્રવ્યથી પચ્ચક્ખાણ કરનારો એ કાલે જરૂર ભાવમાં આવવાનો છે. દ્રવ્યક્રિયાને સુધારવી ઘટિત છે પણ તેનો નાશ કરવો એ તો મૂર્ખાઈ છે. છોકરો માંદો પડે છે. બોલો હવે શું કરશો? છોકરાને દવા કરાવવી કે તેને મારી નાખવો? એકજ જવાબ આપશો કે એને સુધારવો. તેજ પ્રમાણે દ્રવ્યક્રિયાને પણ સુધારવીજ જોઈએ તેને મારી નાખવાની જરૂર નથી!

## द्रव्यक्रिया जरुरी तो छेज.

હવે આપણા મુદ્દા તરફ આપણે પાછા ફરવાનું છે. જેઓ એમ નથી સમજ્યા કે આત્માને જન્મજરામરણરૂપી રોગ અનાદિકાળનો લાગ્યો છે તેમને એ રોગની વિકટતાનો ખ્યાલ આપવા માટેજ આત્માને જન્મ-કર્મનો રોગ અનાદિનો છે એમ વારંવાર કહેવું જ જોઈએ: અને જેઓ આ તત્વ સમજ્યા છે તેમની પણ એ સમજણ કાયમ રહે. પવનના ઝપાટામાં દીવાની જ્યોતિ ઉડી જાય છે, તેમ સંસારના સ્વાર્થસમીરના ઝપાટામાં તેમની સમજણજ્યોતિ ઉડી ન

---

ક્ષણે ક્ષણે જે આત્માના સ્વરૂપને જુએ છે તે જ આત્મા માર્ગને પામેલો છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જાય તે માટે; જેઓ એ સત્ય સમજ્યા છે તેમને પણ એ વાત વારંવાર કહેવાની જરૂર છે કે "હે ધર્મવાનો ! આત્માને અનાદિથી જન્મકર્મનો મહા રોગ લાગુ પડ્યો છે."

"અનાદિથી આ રોગ ચાલુ છે" એમ વારંવાર કહેવાનું કારણ એજ છે કે તમોને એ રોગની ભયંકરતાનો ખ્યાલ સંપૂર્ણ પણે આવી શકેઃ અને એનો પુરેપુરો તમોને ખ્યાલ લાવવોજ જોઈએ તેનું કારણ એ છે કે એ ખ્યાલ થાય તોજ તમો એ ભયંકર રોગ માટે જલ્લદ ઉપાય અજમાવી શકો.

બીજી વાત એકે આ રોગ ટાળવાનું મહારસાયન તે ધર્માચરણ છે એ વિના આ ક્ષયની બીજી ઔષધી નથી.

ત્રીજી વાત એ કે ધર્માચરણની દિશાએ જે દ્રવ્યક્રિયા થાય છે તે પણ હિતાવહ છે એને તેથી એ દ્રવ્યક્રિયાનો નાશ ન કરતાં તેમાંથી દ્રવ્યભાવ દૂર કરવાનોજ યત્ન કરવો જોઇએ.

અને છેલ્લી અને ચોથી વાત એ છે કે આ મહા-- રસાયનના શોધક રસાચાર્ય ધન્વંતરી જિનેશ્વર ભગવાન્ છે, તેમને જેઓ દર્શાવે છે, એ રસાચાર્યની જેઓ ઓળખાણ આપે છે, તે સાધુઓને અને એ રસાચાર્યને જે શ્રદ્ધાપૂર્વક શરણે જાય છે; તેજ એ રસાયન ખાઈ શકે છે. હવે એ રસાયન ખાવાનો એટલે ધર્મ પામવાનો માર્ગ શોધવો પડશે.

ધર્મ પામવો એટલેજ ૨૧ ગુણો ઉપાર્જન કરવા. હવે એ એકવીસ ગુણો કયા છે અને તે કેમ ઉપાર્જન થઇ શકે છે તે યથાવિધ હવે પછી જણાવાશે.

ધર્મ આમ મહાન છે અને તેથી માણસે દુનિયાની બધી વસ્તુઓનો ત્યાગ કરી ધર્મ પામવો એ તેની મહાન ફરજ છે.

પાપનો ઉદય હંમેશાં સ્વતંત્રકાર્યને કરે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust